


સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

વૈશાખ સુદ-૧૨ | પાના : ૧૬ | રૂા. ૪.૦૦ સ્થાપક : બાબુભાઈ શાહ તા. ૯-૫-૨૦૨૫ - શુક્રવાર | રાજકોટ (સીટી)




વર્ષ : ૩૯ અંક : ૨૧૯ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT

## જળ, જમીન અને આકાશમાંથી આખી રાત હુમલા

# ત્રેવડો પ્રહાર, પાકિસ્તાનનો કચ્ચરઘાણ

### પાક.ના હુમલાને મારી હટાવાયોઃ એફ-૧૬- જેએફ-૧૭ સહિત પાકના ચાર ફાઈટર પ્લેન, ૫૦ ડ્રોન તોડી પડાયાઃ બે પાક પાઈલોટ પણ ભારતના કબ્જામાંઃ પાકમાં ચારે તરફ તબાહીના દ્રશ્યો

નવી દિલ્હીઃ પહેલગામ હુમલા બાદ આતંકીઓને 'શિક્ષા' કરવા ભારતે પાડોશી પાકિસ્તાનમાં બહાવલપુર સહિત પાક કબ્જાના કાશ્મીર અને પાક પંજાબમાં ત્રાસવાદી મથકોને નિશાન બનાવીને ભારતે કરેલી મર્યાદીત સર્જીકલ સ્ટ્રાઈકથી ધુવાપુવા થયેલા

(અનુસંધાન છઠ્ઠા પાને)

### નૌકાદળે અરબી સમુદ્ર સંભાળ્યોઃ વિમાન વાહક જહાજ સહિતના કાફલાના હમલાથી કરાચી બંદરને ૧૯૭૧ની યાદ અપાવી દીધીઃ ભારે દવંશ





### પાક.ના પાટનગર ઈસ્લામાબાદ પર ભારતીય ડ્રોનનો મોતનો ડાન્સઃ છેક પાક સેના હેડકવાર્ટર સુધી પહોંચી ગયાઃ લાહોર-કરાચી-શિયાલકોટ એરડિફેન્સ સીસ્ટમ તબાહ

**હવાઈ સુરક્ષા માટે વાયુસેનાના રાફેલ સહિતના ફાઈટર વિમાનોની રાતભર ઘરેરાટીઃ હવામાંજ શુટ એટ સાઈટનો આદેશ**

**POKમાં ધમાસાણઃ ભારતીય સેનાએ મિસાઈલ દાગીને પાક સેના મથકોને નિશાન બનાવ્યાઃ શિયાલકોટ કબ્જે કરવાની તૈયારી**

**રાજસ્થાનના જેસલમેર-બારમેર સરહદે પાકદળે ટેન્કો ખડકતા ભૂમિદળો એલર્ટ**

**પુરી રાત વોર રૂમ ધમધમ્યોઃ સેનાના ત્રણેય વડાઓ અને ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ મોજુદ**

## મોદીએ પૂરેપુરી કમાન સંભાળી, પળેપળની સ્થિતિ પર વોચ

# આવશ્યક ચીજોની સપ્લાયથી માંડીને ઈન્ફ્રાસ્ટ્રકચર સુરક્ષા માટે મોદીનો ૨૦ વિભાગોને આદેશ



### એનએસએ ડોભાલ સાથે બેઠક કરીઃ સેનાના જનરલ ઉપેન્દ્ર ત્રિવેદી સાથે મુલાકાત કરીઃ ભારતની જવાબી કાર્યવાહીની પળેપળની વિગતો જાણી

નવી દિલ્હી તા.૯

ભારત પર પાકિસ્તાનનાં ડ્રોન અને મિસાઈલના હુમલા બાદ ગુરૂવારે વડાપ્રધાન મોદીએ ફરી એકવાર કમાન સંભાળી લીધી છે. વડાપ્રધાને એનએસએ સાથે મોડી રાત સુધી મીટીંગ કરી હતી અને ભારતની જવાબી પ્રતિક્રિયાને લઈને પળ પળની જાણકારી મેળવતા રહ્યા છે.

વડાપ્રધાન મોદીએ આવશ્યક ચીજવસ્તુઓ સહિતની સપ્લાય ન અટકે અને સંવેદનશીલ ઈન્ફ્રાસ્ટ્રકચરની સુરક્ષામાં ચુક ન રહે તે માટે ૨૦ વિભાગના સચિવોને સુચના આપી છે. આ વિભાગોમાં અણુ, ઉર્જા, આઈટી, ગ્રાહક બાબતો, માર્ગ મકાન, રેલવે, શીપીંગ, ઉર્જા જેવા વિભાગોનો સમાવેશ થાય છે.

આ પહેલા વડાપ્રધાને આખો દિવસ મોટી બેઠકોનાં માધ્યમથી સ્પષ્ટ સંકેત આપી ચુકયા હતા કે પાકિસ્તાને ભારતીય સેના દ્વારા આતંકી અડ્ડા પર કાર્યવાહી બાદ જે રીતે પ્રતિક્રિયા આપી છે તેની તેને ભારે કિંમત ચુકવવી પડશે.

દિવસે પણ સૌથી પહેલા એનએસએ

## પાકિસ્તાનનાં કટકા?! બલુચિસ્તાનમાં પાક દવજ હટાવાયા, બલુચ ઝંડા ફરકાવાયાઃ આઝાદીનું એલાન

કવેટા તા.૯

યુદ્ધના માહોલમાં પાડોશી દુશ્મન દેશ પાકિસ્તાનને ભારત તરફથી પ્રચંડ પ્રહારનો સામનો કરવાનો વખત આવ્યો જ છે. ત્યારે આંતરીક મોરચે પણ સ્થિતિ ખરાબ થઈ છે.પાકિસ્તાનનાં જ બલુચીસ્તાને આઝાદીનું એલાન કરી દીધુ છે પાક ધ્વજ હટાવીને બહુચનો સ્વતંત્ર ધ્વજ ફરકાવી દીધો છે. ઉપરથી દિલ્હીમાં દુતાવાસ ખોલવાની પણ માંગ કરી છે.

બલોચનાં લેખક-પત્રકાર મીર યાર બલોચે ટવીટ કરીને આઝાદીનું એલાન કર્યુ હતું. સાથોસાથ સંયુકત રાષ્ટ્ર સંઘને શાંતિ મિશન મોકલવાની તથા દિલ્હીમાં બલુચીસ્તાન માટે નવુ દુતાવાસ ખોલવાની માંગ કરી છે.



### દિલ્હીમાં સ્વતંત્ર દૂતાવાસ ખોલવા ભારત પાસે માંગઃ તૂર્ત શાંતિ મિશન મોકલવા સંયુકત રાષ્ટ્રસંઘને દરખાસ્ત

એકસ પરની ટવિટમાં તેમણે લખ્યુ છે કે આતંકવાદી પાકિસ્તાન પતનના આરે છે અને આ ઘોષણા કરી નાખવી જોઈએ સંયુકત રાષ્ટ્ર સંઘે બલુચીસ્તાનના લોકતાંત્રીક ગણરાજયની સ્વતંત્ર આપવી જોઈએ અને આ માટે તમામ સભ્ય દેશોની બેઠક કરવામાં આવે. સ્વતંત્ર

(અનુસંધાન છઠ્ઠા પાને)

# IPL ટુર્નામેન્ટ એક સપ્તાહ માટે સ્થગિત

### અઠવાડીયા બાદ સ્થિતિની સમીક્ષા કરીને નવેસરથી શિડયુલ અને સ્થળ જાહેર કરાશેઃ ગવર્નીંગ કાઉન્સીલનો નિર્ણય

મુંબઈ તા.૯

ભારત-પાકિસ્તાન વચ્ચે ગંભીર તનાવનો ફટકો ક્રિકેટ જગતની સૌથી લોકપ્રિય ટુર્નામેન્ટ આઈપીએલને પણ પડયો હોય તેમ તાત્કાલીક અસરથી એક સપ્તાહ માટે ટુર્નામેન્ટ સ્થગીત કરવામાં આવી છે. એક અઠવાડીયા બાદ સ્થિતિની સમીક્ષા કરીને નવુ સમયપત્રક તથા સ્થળો જાહેર કરવામાં આવશે.

આઈપીએલ ગવર્નીંગ કાઉન્સીલ દ્વારા તમામ ફ્રેન્ચાઈઝીઓનાં પ્રતિનિધિઓ સાથે બેઠક કરી હતી.ફ્રેન્ચાઈઝી દ્વારા ખેલાડીઓ વિશે ચિંતા દર્શાવવામાં આવી હતી. કાઉન્સીલે પ્રસારણકર્તા સ્પોન્સરો સાથે પણ વાતચીત કરી હતી અને તેના આધારે ટુર્નામેન્ટ એક સપ્તાહ માટે સ્થગીત કરવાનો નિર્ણય લીધો છે. ક્રિકેટ બોર્ડે નિવેદનમાં કહ્યું કે ભારતીય સૈન્યની તાકાત પર પુરો ભરોસો-વિશ્વાસ છે. ટુર્નામેન્ટનાં હિસ્સેદારોનાં સામુહીક હિતમાં નિર્ણય લેવાયો છે.

આઈપીએલમાં ગઈકાલે પંજાબ અને દિલ્હી વચ્ચે મેચ ચાલુ હતો. પરંતુ સુરક્ષા કારણોસર તે અધવચ્ચે અટકાવી દેવાયો હતો તે ઉલ્લેખનીય છે.

આ નિર્ણાયક તબક્કે, BCCI રાષ્ટ્ર સાથે મજબૂત રીતે ઊભું છે. અમે ભારત સરકાર, સશસ્ત્ર દળો અને આપણા દેશના લોકો સાથે અમારી એકતા વ્યક્ત કરીએ છીએ. બોર્ડ આપણા સશસ્ત્ર દળોની બહાદુરી, હિંમત અને નિઃસ્વાર્થ સેવાને સલામ કરે છે, જેમના ઓપરેશન સિંદૂર હેઠળના પરાક્રમી પ્રયાસો રાષ્ટ્રનું રક્ષણ અને પ્રેરણા આપતા રહે છે, કારણ કે તેઓ તાજેતરના આતંકવાદી હુમલા અને પાકિસ્તાનના સશસ્ત્ર દળો દ્વારા કરવામાં આવેલા અનિચ્છનીય આક્રમણનો દઢ પ્રતિભાવ આપી રહ્યા છે.

જ્યારે ક્રિકેટ પ્રત્યે રાષ્ટ્રીય જુસ્સો છે, પરંતુ રાષ્ટ્ર અને તેના સાર્વભૌમત્વ, અખંડિતતા અને આપણા દેશની સુરક્ષા કરતાં મોટું કંઈ નથી. BCCI ભારતને સુરક્ષિત રાખતા તમામ પ્રયાસોને સમર્થન આપવા માટે પ્રતિબદ્ધ છે અને હંમેશા રાષ્ટ્રના શ્રેષ્ઠ હિતમાં તેના નિર્ણયોને સંરેખિત કરશે.

### હાલ તમામ વિદેશી ખેલાડીઓને સુરક્ષિત રીતે તેના વતનમાં મોકલાશે : ક્રિકેટ બોર્ડ



### જયંતિ રવિએ વડી અદાલત સમક્ષ માફી માંગી

# મહેસુલ બિનખેતીના કેસમાં અધિકારીઓ સામે હાઈકોર્ટનું આકરૂ વલણઃ વર્તણૂંક વિશે ‘કોડ ઓફ કન્ડક્ટ’ તૈયાર કરવા ભલામણ

## એડવોકેટ જનરલ પેશ થયા હોવા છતાં અધિકારીઓએ ખાનગી વકીલો રોકતા હાઈકોર્ટની સખ્ત નારાજગીઃ સળંગ સુનાવણીમાં અધિકારીઓ સહિતના મુદ્દા પર ટીપ્પણી

અમદાવાદ,તા.૯

વડોદરા જિલ્લામાં એક ખેતીની જમીનમાં નોન એગ્રીકલ્ચર પરમિશન નહીં આપવાના કેસમાં ગુજરાત હાઇકોર્ટે વડોદરા ના હાલના અને તત્કાલીન કલેકટરોનો ભારે શબ્દોમાં ઉધડો લઈ લીધો હતો એટલું જ નહીં રેવન્યુ વિભાગના એડિશનલ ચીફ સેક્રેટરી જયંતિ રવિનો પણ ઉધડો લઈને સરકારી અધિકારીઓ માટે હાઇકોર્ટમાં વર્તણૂક બાબતે કોડ ઓફ કન્ડક્ટ તૈયાર કરવાની ભલામણ કરી હતી. આ કેસમાં જયંતિ રવિ દ્વારા કોર્ટની માફી પણ માંગવામાં આવી હતી. ત્યારબાદ અદાલતે કન્ટેન્ટ ઓફ કોર્ટની કાર્યવાહી વડોદરાના કલેકટરો સામે પડતી મૂકીને કેટલાક નિર્દેશો જારી કર્યા હતા.

કેસની વિગતો મુજબ વડોદરામાં એક જમીનને એન એ પરમિશન આપવા બાબતે કોર્ટ દ્વારા અગાઉ બે વખત હુકમો કરવામાં આવ્યા હતા તેમજ જમીનની માલિકી પણ બે થી ત્રણ વખત બદલાઈ ગઈ હોવા છતાં તત્કાલીન કલેકટર બીજલ શાહ તેમજ હાલના કલેક્ટર અનિલ ધામેલીયા દ્વારા એન એ ની પરમિશન આપવામાં નહીં આવતા મામલો ગુજરાત હાઇકોર્ટમાં પહોંચ્યો હતો. કેસની હકીકતોને ધ્યાનમાં લઈને જસ્ટિસ નિખિલ કેરિયલ દ્વારા ૧૦ તારીખ ૨૨ એપ્રિલના રોજ બંને કલેક્ટરો સામે અદાલતના તિરસ્કારની કાર્યવાહી કરવાનું આદેશ પસાર કરવામાં આવ્યો હતો. કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખીને એડવોકેટ જનરલ ખુદ કોર્ટમાં હાજર રહ્યા હતા અને તેઓએ અરજદારોને નોન એગ્રીકલ્ચર પરમિશન આપી દેવામાં આવશે અને આ સાથે અદાલતના



તિરસ્કારની કાર્યવાહી પડતી મૂકવા અને કેસનો નિકાલ કરવા વિનંતી કરી હતી. આથી કોર્ટે આ બાબત ધ્યાનમાં લીધી હતી. બીજી બાજુ એક આશ્ચર્યજનક ઘટનામાં તારીખ પાંચ મે રોજ કલેકટરો દ્વારા ખાનગી સિનિયર એડવોકેટ રોકવામાં આવ્યા હતા અને તેમના વતી તેઓ રજૂઆત કરવા આવતા કોર્ટે ભારે શબ્દોમાં નારાજગી વ્યક્ત કરી હતી. કોર્ટે જણાવ્યું હતું કે જ્યારે સરકારી અધિકારીઓ પોતાની સત્તાવાર ફરજ દરમિયાન કોઈપણ કામગીરી કરે છે ત્યારે રાજ્ય સરકારના અને તે પણ સૌથી ઉચ્ચ હોદ્દો ધરાવતા વકીલ એડવોકેટ જનરલ હાજર રહે છે ત્યારે શું તેઓ પોતાના વતી પેરવી કરવા માટે ખાનગી વકીલ રોકી શકે? શું આ બાબતે રાજ્ય સરકારની મંજૂરી લેવામાં આવી છે?અને શું રાજ્ય સરકારે જ તેઓને મંજૂરી આપી છે ? આ બાબતે પ્રશ્નો ખડા કરીને કોર્ટે ભારે શબ્દોમાં નારાજગી વ્યક્ત કરી હતી. બીજી બાજુ એડિશનલ ચીફ સેક્રેટરી જયંતિ રવિ ઓનલાઈન માધ્યમથી કોર્ટમાં હાજર રહ્યા હતા અને તેમણે પણ કેટલીક રજૂઆત કરી હતી તેનાથી અદાલત નારાજ થઈ હતી અને તારીખ ૬ મે ના રોજ તેઓને રૂબરૂમાં હાજર રહેવાનું આદેશ કર્યો હતો. આમ તારીખ છઠ્ઠી મે ના રોજ જયંતિ રવિ હાજર રહ્યા હતા અને તેમણે પણ કેટલીક રજૂઆત કરી હતી પરંતુ કોર્ટની નારાજગી શાંત થઈ નહોતી અને સતત એવા પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા કે ખાનગી વકીલ રોકવાની જરૂર આ અધિકારીઓને કેમ પડી ? અને શું તેઓ એડવોકેટ જનરલની ઉપર વટ જઈ શકે છે? અંતે ગત તા. ૭ મેના રોજ હાઇકોર્ટ દ્વારા આદેશ પસાર કરવામાં આવ્યો હતો જેમાં બંને કલેક્ટરો સામે અદાલતના તિરસ્કારની કાર્યવાહી પડતી મૂકવામાં આવી હતી પરંતુ તેમની વર્તણૂકની ગંભીર નોંધ લઈને રાજ્ય સરકારને નિર્દેશ કર્યો હતો કે અધિકારીઓ દ્વારા એડવોકેટ જનરલના ઓપિનિયન અને તેમના દ્વારા લેવા આવેલા સ્ટેન્ડ વિરુદ્ધ કોઈપણ અધિકારી જઈ શકે છે તે બાબતની રાજ્ય સરકારે નોંધ લઇ અને આ બાબતે વિચારણા કરવી જોઈએ. બીજી બાજુ એડિશનલ ચીફ સેક્રેટરી દ્વારા માગવામાં આવેલી માફી પણ કોર્ટે સ્વીકારી હતી પરંતુ કહ્યું હતું કે તેણીના દ્વારા કોર્ટ ઉપર કેટલી શંકા કરવામાં આવી હતી તેમજ આ જ કેસને કેમ પ્રાયોરીટી આપવામાં આવે છે તેવા ઉચ્ચારણો કરવામાં આવ્યા હતા પરંતુ આ બાબતે કોર્ટ આગળ વધવા માગતી નથી અને ઉદાર મત ધરાવે છે, પરંતુ એક વાત રાજ્ય સરકાર દ્વારા નક્કી થવી જોઈએ કે કોર્ટમાં હાજર થતા અધિકારીઓ માટે કોડ ઓફ કન્ડકટ નક્કી થવા જોઈએ અને આ બાબતે રાજ્ય સરકારે વિચારણા કરવી જોઈએ. આ ઉપરાંત લેન્ડ રેવન્યુ કોડના કલમ ૬૫ મુજબ અધિકારીઓને કેટલી સત્તા છે તે બાબતે પણ કોઈ નિર્ણય લેવો જોઈએ . ઉલ્લેખનીય છે કે ત્રણ દિવસ સુધી જસ્ટીસ નિખીલ કેરિયલ ની કોર્ટમાં લગલગાટ ચાલી હતી અને સરકાર અને તેના અધિકારીઓ સામે તેઓએ ભારે નારાજગી વ્યક્ત કરી હતી.

# મહિલાની એકવાર ‘ના’ એટલે ‘ના’: દુષ્કર્મ કેસમાં બોમ્બે હાઈકોર્ટનું સ્પષ્ટ વલણ

## સામૂહિક દુષ્કર્મના ત્રણ આરોપીઓને નીચલી કોર્ટે આપેલી સજાને બોમ્બે હાઈકોર્ટમાં પડકારતી અરજી પર ચુકાદો

દિલ્હી, તા.૯

સામૂહિક બળાત્કારના ત્રણ આરોપીઓએ તેમને નીચલી કોર્ટે આપેલી સજાને બોમ્બે હાઈ કોર્ટમાં પડકારતી અરજી કરી હતી. બોમ્બે હાઈ કોર્ટેએ સંદર્ભે સ્પષ્ટ વલણ અપનાવીને ચુકાદો આપતાં કહ્યું હતું કે એક વાર મહિલા ‘ના’ કહે એટલે ‘ના’. એ પછી કોઈ જ શંકા રહેતી નથી અને એવી કોઈ ધારણા પણ બાંધવી નહીં કે એ મહિલા ભૂતકાળમાં એવી ઍક્ટિવિટી સાથે સંકળાયેલી હતી એટલે એની ના છતાં તે સંમત છે એવું માની ન લેવું. મહિલાની મરજી વગર તેની સાથે બંધાતો શારીરિક સંબંધ એ તેના શરીર, મન અને પ્રાઇવસી પર અત્યાચાર છે.



કોર્ટે આરોપીઓની સજા પડતી મૂકવાની અરજી મંજૂર નહોતી કરી, પણ તેમની સજામાં ઘટાડો કર્યો હતો. નીચલી કોર્ટે તેમને આજીવન કારાવાસની સજા આપી હતી એ હાઈ કોર્ટે ઘટાડીને ૨૦ વર્ષની કેદની સજા મંજૂર રાખી હતી. નવેમ્બર ૨૦૧૪માં ત્રણેય આરોપીઓ પીડિતાના ઘરમાં ઘૂસી ગયા હતા. એ પછી તેના લિવ-ઇન પાર્ટનરની મારઝૂડ કરીને પીડિતાને અવાવરૂ જગ્યાએ લઈ ગયા હતા. અને તેના પર સામૂહિક બળાત્કાર ગુજાર્યો હતો.

ત્રણેય આરોપીઓએ હાઈ કોર્ટમાં કરેલી તેમની અરજીમાં એમ કહ્યું હતું કે મહિલાના પહેલાં અમારામાંથી એક જણ સાથે સંબંધ હતા, એ પછી તે બીજા માણસ સાથે લિવ-ઇન રિલેશનશિપમાં રહેતી હતી.

બોમ્બે હાઈ કોર્ટના જસ્ટિસ નીતિન સૂર્યવંશી અને જસ્ટિસ એમ. ડબ્લ્યુ. ચંદવાણીએ કહ્યું હતું કે ‘સમજો એક મહિલા તેના પતિથી અલગ રહેતી હોય અને હજી ડિવોર્સ થયા ન હોય. એ પરિસ્થિતિમાં પણ તેનો પતિ મહિલાની સાથે તેની મરજી વગર સંબંધ ન બાંધી શકે. એથી ઉપરોક્ત કેસમાં પણ ભલે પીડિતા એક આરોપી સાથે ભૂતકાળમાં સંબંધ ધરાવતી હતી, પણ જો તેની મરજી વિરૂધ્ધ તેની સાથે સંબંધ બાંધવામાં આવે તો એ બળાત્કાર જ ગણાય. એક વાર એક વ્યક્તિ સાથે મહિલા સંબંધ બાંધે એટલે તે દર વખતે તેની સાથે સંબંધ બાંધે જ એ જરૂરી નથી. મહિલાનું ચરિત્ર તે કેટલા પાર્ટનર ધરાવે છે એની સાથે સાંકળી ન શકાય.’

# સાંડેસરા બંધુઓ સંચાલિત સ્ટર્લિંગ જૂથના લિક્વિડેટરે રાજ્ય સરકાર દ્વારા જમીનનો કબજો લેવા સામે કરાયેલી અરજી હાઈકોર્ટે ફગાવી

અમદાવાદ,તા.૯

ગુજરાત હાઈકોર્ટે સ્ટર્લિંગ SEZ એન્ડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડના લિક્વિડેટર દ્વારા દાખલ કરાયેલી અરજી ફગાવી દીધી છે. આ કંપની કથિત નાણાકીય છેતરપિંડીના કેસમાં આરોપી સાંડેસરા ભાઈઓ દ્વારા ચલાવવામાં આવતી હતી, જે બંને હાલમાં ફરાર છે.



રાજ્ય સરકાર દ્વારા ટેનન્સી એક્ટની કલમ ૮૪ હેઠળ આ જમીનનો કબજો લેવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી તેને રોકવા માટે લિક્વિડેટર દ્વારા અરજી દાખલ કરવામાં આવી હતી જે ફગાવી દેવામાં આવતા હવે સરકારનો જમીન પર હક્ક રહેશે.

મુખ્ય ન્યાયમૂર્તિ સુનિતા અગ્રવાલ અને ન્યાયમૂર્તિ પ્રણવ ત્રિવેદીની બેંચે લિક્વિડેટરનો આ દાવો નકારી કાઢ્યો કે લિક્વિડેશન પ્રક્રિયા (IBC) શરૂ થઈ ગયા પછી રાજ્યના જમીન ટેનન્સી અને જમીન સીલિંગ જેવા કાયદાઓનો અમલ કરવામાં ન આવે. સંબંધીત જમીનનો અંદાજિત મૂલ્ય રૂ. ૫૦૦ કરોડથી વધુ આંકવામાં આવી છે.

લિક્વિડેટરે દલીલ કરી હતી કે રાજ્ય સરકારે શરતી મંજૂરી આપેલી જમીનો પર જયારે લિક્વિડેશન પ્રક્રિયા શરૂ થઈ હોય ત્યારે tenancy કે agricultural ceiling કાયદા લાગુ ન પડે.

પરંતુ રાજ્ય સરકારના તરફે હાજર રહેલા મુખ્ય સરકારી વકીલ જી.એચ. વર્કે કોર્ટમાં દલીલ કરી કે લિક્વિડેશનની પ્રક્રિયા રાજ્યના જમીન કાયદાઓના અમલને નિષ્ક્રિય બનાવી શકે નહીં. તેમણે કહ્યું કે રાજ્ય સરકારને લિક્વિડેશનની પ્રક્રિયા પુરી થયા બાદ પણ tenancy અને ceiling કાયદાઓ હેઠળ કાર્યવાહી કરવાનો અધિકાર છે. રાજ્ય સરકારે એ પણ દલીલ કરી હતી કે લિક્વિડેશન પ્રક્રિયા જમીનના માલિકીના ટાઇટલને ચોખ્ખા કરવા કે સુધારવા માટેનો ઉપાય બની શકે નહીં.

સ્ટર્લિંગ જૂથ સામે ભારતીય એજન્સીઓ દ્વારા લગભગ રૂ. ૧૪,૫૦૦ કરોડના બેન્ક લોન ગોટાળાની તપાસ ચાલી રહી છે. આ જૂથના પ્રમોટર્સ નિતિન અને ચેતન સાંડેસરા સામે આર્થિક ગુનાહિત ઘોષિત કર્યા ગયા છે.

# મેહુલ દેસાઈની ગાંધીધામ મ્યુનિ.કમિશનરપદે નિયુક્તિ, ચાર IASને વધારાના હવાલા સોંપાયા

ગાંધીનગર ,તા.૯

રાજ્ય સરકારે ચાર આઈએએસ ઓફિસરોને તેમના હાલની કામગીરી ઉપરાંત અન્ય વિભાગોના વધારાના ચાર્જ સુપરત કર્યાં છે. જ્યારે ગાંધીધામ મ્યુનિસિપલ કોર્પોરેશનના હાલના ડે. કમિશનર મેહુલ દેસાઈને ગાંધીધામના મ્યુનિસિપલ કમિશનરની નવી જવાબદારી સોંપી છે. અગાઉ આ જગ્યાએથી એમ.પી. પંડ્યાની બદલી કરવામાં આવી છે. આ ઉપરાંત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિ.ના એમડી વિજયકુમાર ખરાડીને આગામી આદેશો સુધી ફિશરીઝ કમિશનર તરીકેનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે. INDEXT-Bના એમડી કે.સી. સંપતને અધિક ઉદ્યોગ કમિશનર તરીકેનો વધારાનો હવાલો સોંપાયો છે. કુટિર-ગ્રામીણ ઉદ્યોગ કમિશનર આર્દ્રા અગ્રવાલને ગુજરાત રાજ્ય હેન્ડલુમ એન્ડ હેન્ડીક્રાફ્ટ્સ ડેવલપમેન્ટ કોર્પો.લિ.ના એમડીનો વધારાનો હવાલો સોંપાયો છે. ગુજરાત મ્યુનિ. ફાયનાન્સ બોર્ડના સીઈઓ વી.આઈ. પટેલ મિશન ડિરેક્ટર, સ્વચ્છ ભારત મિશન (શહેરી), ગાંધીનગર અને મિશન ડિરેક્ટર, ગુજરાત અર્બન લાઇવલીહુડ મિશન, ગાંધીનગરની જગ્યાનો વધારાનો ચાર્જ સંભાળશે.

### ચોંકાવનારા આંકડાઓ

# ભારતમાં ૧૮ વર્ષથી ઓછી ઉંમરના બાળકો જાતિય હિંસાનો ભોગ બને છે!

## ભારતમાં ૩૦ ટકાથી વધુ છોકરીઓ અને ૧૩ ટકા છોકરાઓ દુષ્કર્મનો ભોગ બને છે. વિકૃતિની પરાકાષ્ટા!

નવી દિલ્હી,તા.૯

દેશમાં દરરોજ બળાત્કારના કેસ સામે આવી રહ્યાં છે. આ દરમિયાન એક રિપોર્ટમાં મોટો ખુલાસો કરવામાં આવ્યો છે. રિપોર્ટ અનુસાર ૩૦ ટકાથી વધુ છોકરીઓ અને ૧૩ ટકા છોકરાઓ સાથે બળાત્કાર થયો હતો. જણાવવામાં આવી રહ્યું છે કે આ તમામની ઉંમર ૧૮ વર્ષથી ઓછી છે. લેન્સેટ



જર્નલના રિપોર્ટમાં આ વાતનો ખુલાસો થયો છે.૧૯૯૦થી ૨૦૨૩ ની વચ્ચે ૨૦૦ થી વધુ દેશોમાં બાળકો વિરુદ્ધ જાતીય હિંસાનો અંદાજ લગાવતાં, અધ્યયનમાં જાણવા મળ્યું છે કે છોકરીઓના સૌથી વધુ કેસ દક્ષિણ એશિયામાં નોંધાયાં છે. બાંગ્લાદેશમાં કેસ ૯.૩ ટકાથી લઈને ભારતમાં ૩૦.૮ ટકા કેસો સામે આવ્યા છે.

**વિશ્વભરમાં કેટલા કેસ ? :-**

વિશ્વભરમાં દર પાંચમાંથી એક છોકરી અને દર સાતમાંથી એક છોકરો ૧૮ વર્ષની ઉંમર પહેલાં જાતીય હિંસાનો ભોગ બને છે.અમેરિકાની યુનિવર્સિટી ઓફ વોશિંગ્ટનની ઇન્સ્ટિટ્યૂટ ફોર હેલ્થ મેટ્રિક્સ એન્ડ ઇવેલ્યુએશનના સંશોધકો સહિત સંશોધકોને એવું પણ જણાયું હતું કે સહારન આફ્રિકામાં ૧૮ વર્ષથી ઓછી વયના છોકરાઓમાં જાતીય હિંસા સૌથી વધુ હતી, જે ઝિમ્બાબ્વેમાં આઠ ટકાથી માંડીને કોટ ડી’આઇવરમાં ૨૮ ટકા સુધીની હતી.

**માનવાધિકારનો મુદ્દો છે :-**

બાળકો સામે જાતીય હિંસા એ જાહેર આરોગ્ય અને માનવાધિકારનો ગંભીર મુદ્દો છે. જાતીય શોષણના પરિણામો માનસિક સ્વાસ્થ્યની સ્થિતિનું જોખમ વધારીને વ્યક્તિના સ્વાસ્થ્યને અસર કરે છે. ‘‘અમારો અંદાજ છે કે ૨૦૨૩ માં એસવીએસી (બાળકો વિરુદ્ધ જાતીય હિંસા) નું વૈશ્વિક વય પ્રમાણ મહિલાઓમાં ૧૮.૯ ટકા અને પુરુષોમાં ૧૪.૮ ટકા હતું. ’

**રિપોર્ટ આગળ શું કહે છે :-**

ટીમે એ પણ નોંધ્યું હતું કે ૧૮ વર્ષની ઉંમર પહેલા કિશોરો અને યુવાન પુખ્ત વયના લોકોમાં જાતીય હિંસાનો પ્રથમ સંપર્ક વિશ્વના લગભગ ૭૦ ટકા પુરુષો અને સ્ત્રીઓ સાથે થયો હતો.

# ખ્યાતિ હોસ્પિટલ કાંડમાં ડોક્ટર પ્રશાંત વજીરાણીનો મહત્વનો રોલ, જામીન આપી શકાય નહીંઃ હાઈકોર્ટ

## અન્ય ત્રણ આરોપીઓને જામીન ઉપર મુક્ત કરવાનું હાઇકોર્ટનો હુકમ. વજીરાણીએ જે દર્દીઓ એનજીઓપ્લાસ્ટી કરવા માંગતા નહોતા તેઓને મરણની ધમકી આપીને સર્જરી કરી હતી : હોસ્પિટલમાં સરકારી યોજનાના પૈસા પડાવવાનું વ્યવસ્થિત કોભાંડ ચાલતું હતું

અમદાવાદ,તા.૯

ગુજરાત હાઇકોર્ટે ખ્યાતિ હોસ્પિટલના કોભાંડમાં મુખ્ય આરોપી ડો. પ્રશાંત વજીરાણી દ્વારા કરવામાં આવેલી જામીન અરજી ફગાવી દીધી હતી જ્યારે ત્રણ આરોપીઓને જામીન મંજૂર કરતો હુકમ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે ડોકટર પ્રશાંત વજીરાણી હૃદય રોગના નિષ્ણાત તરીકે હોસ્પિટલમાં કામ કરતા હતા અને તેઓએ જરૂર નહીં હોવા છતાં દર્દીઓ ઉપર એન્જીઓગ્રાફી કરી હતી. તે પૈકી બે જણાના મરણ થયા હતા. બીજી બાજુ જેમના જામીન મંજુર કરવામાં આવ્યા છે તેમાં હોસ્પિટલ ના ડાયરેક્ટર રાજશ્રી કોઠારી સંજય પટોળીયા તેમજ સીઈઓ રાહુલ જૈન નો સમાવેશ થાય છે.

ડોક્ટર પ્રશાંત વજીરાણી દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે તેની સામે કોઈ ગુનો બનતો નથી કારણ કે સદોષ માનવ વધની કલમ તેની ઉપર લાગતી નથી. આ ઉપરાંત એ પણ હૃદય રોગની સર્જરી કરી હતી તે જરૂર હતી તેના રિપોર્ટના આધારે જ કરી છે. તે પોતે નિષ્ણાત ડોક્ટર છે અને કોઈપણ જાતના બદ ઈરાદાથી આ કૃત્ય કરવામાં આવેલું નથી. આથી તેમનો જામીન ઉપર મુક્ત કરવા જોઈએ.

બીજી બાજુ રાજ્ય સરકાર દ્વારા જામીન આપવા સામે સખત વિરોધ કરવામાં આવ્યો હતો અને રજૂઆત કરવામાં આવી હતી કે આરોપી દ્વારા જરૂર ના હોય તેવા દર્દીઓ ઉપર ઓપરેશન કરવામાં આવ્યું હતું. આ બાબતે જરૂરી પુરાવા અને નિષ્ણાતોના અહેવાલ પણ છે. આ ઉપરાંત જે લોકો પીએમજેએવાય યોજના અંતર્ગત લાભાર્થી નહોતા તેઓને પણ લાભ આપવા માટે દસ્તાવેજો સાથે ચેડા કરીને સરકાર પાસેથી પૈસા મળે તે માટે તેઓને લાભાર્થી બનાવવામાં આવ્યા હતા અને તેઓનો ઓપરેશન કરીને સરકાર પાસેથી નાણા મેળવવામાં આવ્યા હતા. આથી આ એક વ્યવસ્થિત કૌભાંડ હતું આવા કિસ્સામાં જામીન આપવા જોઈએ નહીં.





બંને પક્ષોએ રજૂઆત સાંભળ્યા બાદ ગુજરાત હાઇકોર્ટે નોંધ કરી હતી કે પ્રસ્તુત આરોપી ડોક્ટર દ્વારા સમગ્ર કિસ્સામાં મહત્વનો રોલ ભજવવામાં આવ્યો છે તેથી તેને જામીન આપી શકાય નહીં. રજૂ કરવામાં આવેલા પુરાવા ઉપરથી સાબિત થશે આરોપી ડોક્ટર દ્વારા એન્જોગ્રાફીના રિપોર્ટ પોતાના સ્વ હસ્તાક્ષરે તૈયાર કરવામાં આવ્યા હતા એના પાછળથી તપાસ થતાં તેમાં ફેરફારો પણ કરવામાં આવ્યા હતા. આ રિપોર્ટ સાથે ચેડા થયા હતા અને ખોટી રીતે તૈયાર કરવામાં આવ્યા હતા. અહેવાલો શંકાસ્પદ હતા. સરકારની રજૂઆત મુજબ કેટલાક કિસ્સાઓમાં દર્દીઓને એન્જો પ્લાસ્ટિની જરૂર નહોતી તેમ છતાં પણ તેમની એન્જો પ્લાસ્ટિ આવી હતી. કેટલાક કિસ્સાઓમાં એક સ્ટેન્ટની જરૂર હતી તેમ છતાં પણ બે સ્ટેન્ટ મૂકવામાં આવ્યા હતા. આથી જો સરકારી તંત્ર દ્વારા યોજનાના લાભ માટે મંજૂરી આપવામાં આવી હોય તો તેમની પણ તપાસ થવી જરૂરી છે.

સરકારની રજૂઆત મુજબ દર્દીઓને જરૂર નહીં હોવા છતાં એન્જો પ્લાસ્ટિ કરીને પીએમ જે એ વાય યોજના હેઠળ સરકારી પૈસા પડાઈ લેવાનું આ એક વ્યવસ્થિત કૌભાંડ હતું. આરોપી દ્વારા રજૂઆત કરવામાં આવી છે કે સદોષ માનવ વધની કલમ આમાં લાગુ પડતી નથી પરંતુ એક વાત યાદ રાખવી જરૂરી છે કે બે દર્દીઓ ગુજરી ગયા તેમના મૃત્યુ કુદરતી મરણ નહોતા. વધુમાં એ વાત પણ યાદ રાખવી જરૂરી છે કે સાત દર્દીઓને જરૂર નહોતી તેમ છતાં પણ તેઓની સર્જરી કરવામાં આવી નથી.

## સુવિચાર

**માણસ જયારથી ત્રાજવાને બદલે ઈલેકટ્રીક કાંટો વાપરતો થયો છે ત્યારથી જ કદાચ નમતું જોખવાનું ભૂલી ગયો છે !**

## દેહનું અભિમાન

હું એક આત્મા છું અને આ મારૂ શરીર છે. આમ આત્મા શરીરથી અલગ એક અવિનાશી સત્તા છેકે જે દેહરૂપી રથને ચલાવે છે. સૌ જાણીએ છીએ કે આત્મા શરીર છોડી દે છે તો પછી આ શરીર(રથ) ની કોઈ કિંમત રહેતી નથી. પરંતુ એ પણ સત્ય છેકે આત્મા શરીર વગર કોઈ કર્મ કરી ન શકે. આમ આત્મા શરીર દ્વારા દરેક કર્મ કરે છેઅને શરીર દ્વારા કરેલા કર્મના ફળ ભોગવે છે. આમ શરીર માત્ર એક સાધન છેકે જે નાશવંત છે, તો પછી આ દેહનું અભિમાન તે વળી શેનુ? મનમાં આ પ્રશ્ન થતો હશે ને? જયારે એ સમજ મળી કે- હું આત્મા છું અને મમ આ શરીર અગલ છે, તો બન્નેના ગુણો, શક્તિઓ અથવા કહીએ કે ગુણધર્મો જ ભિન્ન થઈ ગયા. જેવી રીતે આત્માના સ્વાભિમાનમાં કે સ્વ-ધર્મમાં તેમના ગુણ અને શક્તિઓ જેવા કે પ્રેમ, સુખ, આનંદ, શાંતિ, નિર્ભયતા, નિર્વેર, શક્તિ, જ્ઞાન વગેરે રહેલા છે. આ રીતે દેહના અભિમાનમાં દેહની વાતો, દેહ ભાન આવશે ને!

બીજુ કે, આત્માનો સ્વ-ગુણ છે શાંતિ, પવિત્રતા. સાથે પ્રેમ, શક્તિ, નમ્રતા, સુખદાયી બની રહેવુ, સંતુષ્ટ રહેવુ વગેરે આત્માના સ્વમાન કે ગુણધર્મ છે. પરંતુ જ્યારે અભિમાનરૂપી દૂષણ તેમાં પ્રવેશ કરે છે એટલે કે કોઈમાં ધનનું, કોઈને દેહના રૂપનું, કોઈને કુળનું, કોઈને પોતાની સત્તાનું અભિમાન રહે છે તો તેવી ‘અભિમાની આત્મા પ્રભુ નજીક કદી જઈ ન શકે’. સ્વામી રામકૃષ્ણ પણ કહેતા હતા કે- ઈશ્વરના પ્યારા બનવુ હોય તો કદી અહંકારને આપના નજીક આવવા ન દેશો. આમ નમ્રતામાં જ મહાનતા છે કે જે અભિમાનથી મુક્ત કરે છે. કહેવાય પણ છે ‘નમે તે સૌને ગમે‘. જેમ વૃક્ષની ડાળીઓ પર ફળ લાગે છે તેમ તે ડાળી ઝુકે છે. તેમ જીવનમાં સદ્દગુણોરૂપી ફળ આવવાનું ચાલુ થાય છે તો મનુષ્ય નમ્ર બને છે. જયારે મનુષ્યાત્મામાં અસલી ગુણો ન રહે ત્યારે જ દેહાભિમાની બની વિકારોને વશીભૂત થવાય છે. પરમાત્માની સ્નેહભરી યાદ દ્વારા તેમની નજીક જવાથી જ આત્મ-અભિમાની બનાય છે. આત્મિક ભાવથી બુરાઈઓ, અવગુણો તેમજ વિકારોરૂપી બંધનો તૂટે છે અને દૈવીગુણો પ્રગટ થાય છે. આમ આત્મ અભિમાની બનવું અર્થાત આત્માના મૂળ ગુણોની સ્મૃતિમાં રહીને જ કર્મ કરવું.

મૂલ્યોની મહેક ■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■

બ્રહ્માકુમારીઝના પૂર્વ પ્રસાશિકા દાદી પ્રકાશમણી તો હતા જ બ્રહ્માબાબા સમાન નમ્રચિત્ત, નિર્મળચિત્ત એટલે કે દેહાભિમાન મુક્ત. તેઓ સ્વયંને નીમિત અર્થાત ટ્રસ્ટી સમજતા હતા, જેથી વિશ્વ નવનિર્માણનું કાર્ય તીવ્ર ગતિએ થવા લાગ્યુ અને આજે આ સંસ્થા સાથે કરોડો લોકો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે, ૧૪૦ દેશમાં પ્રસ્થાપિત કેંદ્રો સાથે સંકળાયેલ છે. કે જેઓ રાજયોગનો અભ્યાસ કરી રહેલ છે. રાજયોગ કે જે મનની સાચી શાંતિ, વિષય-વિકારોથી મુક્ત થવાની શક્તિ સાથે આત્માની ઉન્નતિ અર્થે વિઘ્નરૂપ બનતા દેહ અભિમાન અને દેહભાનથી મુક્તિની યુક્તિઓ આપે છે.

## આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧ : વીર સંવત- ૨૫૫૧, શાલિવાહન સંવત-૧૯૪૬
વૈશાખ સુદ-૧૩, તા.૧૦/૫/૨૫, શનિવાર

સૂર્યોદય : ૬-૧૧, સૂર્યાસ્ત : ૭-૧૫, જૈન નવકારશી : ૭.૧૯
રાશિ : કન્યા (પ.ઠ.ણ.), ૧૩.૪૧ તુલા (ર.ત.)

**ગૌચરના ગ્રહો**

સૂર્ય-તુલા, મંગળ-કર્ક, રાહુ-મીન, કેતુ-કન્યા, બુધ-વૃશ્ચિક, ગુરૂ-વૃષભ, હર્ષલ-વૃષભ, પ્લુટો-મકર, શુક્ર-ધન, શનિ-કુંભ, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-વૃષભ

**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ

## રાશીફળ

**મેષ :** ભૌતિક સુખ સગવડતાઓ વધવાની છે, નવી ઓળખાણ થાય, સંસ્થાના કાર્યને લઈને પ્રવાસ થવાનો.

**વૃષભ :** નોકરીમાં થોડી અગવડતાનો સામનો રહેવાનો, સાંજ પછીનો સમય અનુકુળતાવાળો જોવા મળશે, રાજકીય લાભ રહે.

**મિથુન :** સંબંધો ગાઢ બનાવવાની ઈચ્છા ફળવાની, મિલ્કતના પ્રશ્નોમાં ધીરજ રાખજો, કર્જ ન કરવું, પ્રવાસ થાય.

**કર્ક :** તમોને લોકો સમજી શકતા નથી તેવો અહેસાસ થવાનો, હરીફો ઉપર વર્ચસ્વ વધવાનું લગ્નની ઈચ્છા ફળવાની.

**સિંહ :** ભાગીદારો સાથે ગેરસમજો ન થાય તેનું ધ્યાન રાખજો, ધાર્મિક કાર્યનું આયોજન સફળ થાય, વિદેશથી લાભ.

**કન્યા :** થોડા હળવાશમાં રહેવાની સલાહ છે, નોકરીમાં સ્થિરતા રાખજો, મિલ્કતના પ્રશ્નોમાં ઉતાવળ ન કરવી.

**તુલા :** આપની વાણી અને વ્યવહારથી ઉભી થયેલી ગેરસમજ સંબંધોમાં ભંગાણનું કારણ બની શકે છે, અકસ્માત થવાની શકયતા છે.

**વૃશ્ચિક :** આપ દિવસ દરમ્યાન અભ્યાસ બાબતે વધુ ગંભીર બનશો, તમારી શૈક્ષણિક કારકિર્દી નવા મુકામ સુધી પહોંચવા ગુરૂના આશિર્વાદ મેળવવા.

**ધન :** આપને પહેલા દિવસે ટુંકી મુસાફરી વખતે પાણીજન્ય કોઈ સમસ્યા ન થાય તેનું ધ્યાન રાખવું, પેટમાં ગરબડની શકયતા છે.

**મકર :** આપને વ્યકિતગત અને વ્યવસાયિક બંને મોરચે શાંતિનો અહેસાસ થશે, ભાઈ-ભાડુઓથી લાભ થશે, મિત્રોની મુલાકાત થાય.

**કુંભ :** આપને ઉચ્ચ હોદેદારો અને ઉપરીઓ સાથે સારા સંબંધ રહે, ભાગીદારીના કાર્યમાં થોડુ સંભાળવુ પડશે.

**મીન :** આપના પરિવારમાં કોઈ વડીલ તરફથી આર્થિક લાભની આશા રાખી શકો છો, ભવિષ્યના આયોજનમાં સક્રિય થશો.

## આજનું ચિંતન



### આવડત

- પૃથ્વી જરૂર ગોળ છે પરંતુ તેની ઉપર રહેલા માણસો ‘વાંકા ટેડા’ છે. અમુક લોકોને ચાલવાનું તો કયાં ‘સીધી રીતે’ વાત કરતા પણ નથી આવડતું.
- નથી આવડતી મને ઉડતી પતંગ જેવી ચાલાકી, ગળે મળીને ગળા કાપવાનું એ કામ મારૂ નથી.
- નદીમાં પડવાથી કોઇનું મૃત્યુ નથી થતું, જીવ એટલા માટે જાય છે કે પાણીમાં તરતા નથી આવડતું.
- મદારી અભણ હોય છે પણ ભણેલા પાસે તાળી પડાવે છે.
- દલીલ કરીને સંબંધ બગાડતા બધાને આવડે છે પણ જતું કરીને સંબંધ સાચવતા અમુકને જ આવડે છે.
- ડબલ ગેઈમ રમતા નથી આવડતું એટલે જ કદાચ અમુક સાથે નથી ફાવતું.

## મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત





| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ૪ | ■ | ૫ | ૬ | |
| ■ | ૭ | | ■ | ૮ | | | | | ■ |
| ૯ | | | ૧૦ | | ■ | | ■ | ૧૧ | |
| | ■ | ■ | ૧૨ | | ■ | ૧૩ | | | ■ |
| ૧૪ | ૧૫ | ■ | | ■ | ૧૬ | | ■ | ૧૭ | ૧૮ |
| ૧૯ | | ૨૦ | | ■ | ૨૧ | | ૨૨ | ■ | |
| | ■ | | ■ | ૨૩ | | | | ૨૪ | |
| ■ | ૨૫ | | ■ | ૨૬ | | ■ | ૨૭ | | |
| ૨૮ | | ■ | ૨૯ | | ■ | ૩૦ | | | ■ |
| ૩૧ | | | ■ | ૩૨ | | | ■ | ૩૩ | |

**આડી ચાવી**

૧. સેન્સ વિહોણા (૪)
૫. જૂની ફિલ્મ : .... હાઉસ (૩)
૭. ફિલ્મ : કપૂર એન્ડ (૨)
૮. હિરાવાળા જૈનોનું નગર (૫)
૯. રંગબેરંગી (૫)
૧૧. ઘૂંટડો અંગ્રેજી (૨)
૧૨. પ્રેમ (૨)
૧૩. સમય માટેનો કાઠિયાવાડી શબ્દ (૩)
૧૪. એક હાર્ડડ્રિન્ક (૨)
૧૬. પીકોક (૨)
૧૭. ચરણ (૨)
૧૯. લાંબી લાઇન (૪)
૨૧. ફિલ્મ નમક ... (૩)
૨૩. એક જ અક્ષર આવશે (૬)
૨૫. થીફ (૨)
૨૬. ...નું વતેસર (૨)
૨૭. એક બીનગુજરાતી અટક (૩)
૨૮. મોટર (૨)
૨૯. આનંદપ્રમોદ (૨)
૩૦. ...સરી એટલે વૈદ્ય વેરી (૩)
૩૧. બાવડાના ગોટલા (૩)
૩૨. ક્રિમ (૩)
૩૩. ધાન, અનાજ (૨)

**ઉભી ચાવી**

૨. ...વાદી (૩)
૩. ફિલ્મને તપાસતું ... બોર્ડ (૩)
૪. એક કઠોળ (૨)
૫. આઇલેન્ડ (૨)
૬. વરસની તપસ્યા (૫)
૮. સાડીનો છેડો (૩)
૯. કબીર નામ સાથેનું વૃક્ષ (૫)
૧૦. હાથમાં રાખી ફોડાતો ફટાકડો (૪)
૧૫. વીસ કિલો (૨)
૧૬. મુદત (૪)
૧૮. શરતચૂક, ભુલથી (૪)
૨૦. આંખની બિમારી (૩)
૨૨. આહવાન (૪)
૨૩. વરસનું પેમેન્ટ એકલારો (૪)
૨૪. અજમલ ઉંધુ લખો (૪)
૨૫. એક આકાર (૬)
૨૮. ...ચોર, ...દેવ (૨)
૩૦. દુઃખ, પીડા (૨)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| બ | લુ | ચિ | સ્તા | ન | ■ | પા | લી | ■ | અ |
| સ | ■ | દ | ■ | વ | સા | ણી | ■ | ■ | ણ |
| ■ | બો | મ્બ | ■ | ■ | ક | ■ | મા | ન | વ |
| ર | ર | ર | ર | ર | ર | ર | ર | ર | ર |
| ણ | ■ | મ | જા | ક | ■ | વે | ગ | ■ | ■ |
| છો | લ | ■ | ■ | ઝ | ■ | શ | ■ | કા | કા |
| ડ | ■ | સા | ય | ક | લ | ■ | પ | લં | ગ |
| રા | ■ | પ | લ | ■ | ■ | પા | ■ | ■ | ■ |
| ય | શ | ■ | ગા | ■ | શા | નો | શો | ક | ત |
| ■ | ક | દ | ર | દા | ન | ■ | ■ | વિ | લ |

# હારોપ ડ્રોનથી લાહોરની એર ડિફેન્સ સિસ્ટમનો સફાયો



- ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂર હેઠળ હારોપ ડ્રોનનો ઉપયોગ કરીને પાકિસ્તાનના લાહોરમાં એર ડિફેન્સ સિસ્ટમને નષ્ટ કરી દીધી
- કલાકના ૧૮૫ કિલોમીટરની ઝડપે ઉડાન ભરવામાં સક્ષમ
- ડ્રોનના અપગ્રેડેડ વર્ઝન ૫૦૦થી ૧૦૦૦ કિમીનું અંતર કાપી શકે છે
- તે આકાશમાં નવ કલાક સુધી રહી શકે છે, દિવસ અને રાત આખો સમય કામ કરે છે.
- પોતાની સાથે ૩૨ કિલો હથિયાર લઈ જવા માટે સક્ષમ

આ હારોપ ડ્રોનને ઇઝરાયલ એરોસ્પેસ ઇન્ડસ્ટ્રીઝે વિકસિત કર્યું છે. આ ડ્રોન સર્વેલન્સ અને ચોકસાઇપૂર્વકના હુમલા બંને માટે સક્ષમ છે, જે તેને લશ્કરી કાર્યવાહીમાં અસરકારક શસ્ત્ર બનાવે છે. હારોપ ડ્રોનને 'ફાયર એન્ડ ફોરગેટ' મિસાઇલ પણ કહેવામાં આવે છે, કારણ કે આ ડ્રોન હુમલો કર્યા બાદ નષ્ટ થઇ જાય છે. ભારતે વર્ષ ૨૦૦૦માં તેને ઈઝરાયેલ પાસેથી ખરીદી હતી.

**સંરક્ષણ પ્રણાલીનો નાશ કરવામાં સક્ષમ :–**

હારોપ ડ્રોન મુખ્યત્વે દુશ્મન રડાર સિસ્ટમ્સ અને એર ડિફેન્સ સિસ્ટમનો નાશ કરવા માટે બનાવવામાં આવ્યું છે. આ ડ્રોન અસલમાં 'દુશ્મન એર ડિફેન્સનું દમન' મિશન માટે બનાવવામાં આવ્યું છે

**લાંબા સમય સુધી ઉડી શકે છે :–**

હારોપ ડ્રોન લાંબા સમય સુધી હવામાં રહેવાની ક્ષમતા ધરાવે છે. તે નિયુક્ત વિસ્તાર પર ઉડે છે અને દુશ્મનના રડાર સંકેતોને શોધી કાઢે છે અને પછી આપમેળે અથવા ઓપરેટરના આદેશ પર લક્ષ્ય પર હુમલો કરે છે. આ ડ્રોન તેના ટાર્ગેટ પર ડાઇવ લગાવીને હુમલો કરે છે. જેના કારણે લક્ષ્યને ભારે નુકસાન થાય છે.

**એન્ટિ–રેડિએશન (એઆર) સીકરથી સજ્જ :–**

હારોપ ડ્રોન એન્ટી રેડિએશન (એઆર) સીકરથી સજ્જ છે. તે રેડીયેશન ઉત્સર્જિત કરતા સ્ત્રોતો, ખાસ કરીને રડારને શોધી શકે છે.

**ઈલેક્ટ્રો–ઓપ્ટિકલ સેન્સરથી સજ્જ :–**

હારોપ ડ્રોન ઇલેક્ટ્રો–ઓપ્ટિકલ સેન્સર્સથી સજ્જ છે. જે વીડિયો ફીડ દ્વારા ઓપરેટરને લાઇવ ફીડ આપે છે. તેમાં જીપીએસ હોય છે. આઈએનએસ સિસ્ટમ પણ લગાવવામાં આવી છે. આનાથી ઓપરેટર લક્ષ્ય પસંદ કરી શકે છે અથવા તેને આપમેળે કાર્ય કરવા માટે સેટ કરી શકે છે. ડ્રોનને ૨૩ કિલો હાઈ–એક્સપ્લોઝિવ વોરહેડથી સજ્જ કરી શકાય છે. તેને ગ્રાઉન્ડ બેઝ્ડ લોન્ચર અથવા કેનિસ્ટર આધારિત સિસ્ટમથી લોન્ચ કરી શકાય છે. તેને ગ્રાઉન્ડ કંટ્રોલ સ્ટેશનથી મોબાઇલ લોન્ચર દ્વારા લોન્ચ કરી શકાય છે.

**પાકિસ્તાન સાથે સંઘર્ષને પગલે...**

# ભારત સરકારના આદેશને પગલે X એ ૮૦૦૦ એકાઉન્ટ બ્લોક કરવાનું શરૂ કર્યું

## લોકોએ સોશિયલ મીડિયા પર ખોટી માહિતી ફેલાવવાનું ટાળવું જોઈએ: ભારત સરકાર

નવી દિલ્હી, તા.૯ : સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' એ ભારતમાં આઠ હજાર એકાઉન્ટ્સને બ્લોક કરવાનું શરૂ કર્યું. 'X' એ જણાવ્યું હતું કે, 'ભારત સરકાર તરફથી ભારતમાં ૮,૦૦૦થી વધુ એકાઉન્ટ્સને બ્લોક કરવાનો આદેશ મળ્યો છે.' નોંધનીય છે કે, ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ ચરમસીમાએ પહોંચી ગયો છે. પાકિસ્તાન સતત ફેક સમાચાર દ્વારા પ્રચાર ફેલાવી રહ્યું છે. ભારત સરકારના આદેશ બાદ એક્સ એ ૮૦૦૦ થી વધુ એકાઉન્ટ બ્લોક કરવાનું શરૂ કર્યું છે. પાકિસ્તાન સાથે ચાલી રહેલા સરહદી તણાવ વચ્ચે, ભારત સરકારે ફેક ન્યૂઝ ફેલાવનારાઓ સામે ચેતવણી જારી કરી છે. સરકારે કહ્યું છે કે, 'લોકોએ સોશિયલ મીડિયા પર ખોટી માહિતી ફેલાવવાનું ટાળવું જોઈએ અને કોઈપણ દાવો શેર કરતા પહેલા, તેમણે સત્તાવાર સ્ત્રોતોમાંથી તેની પુષ્ટિ કરવી જોઈએ.'


આવતીકાલે છેલ્લો દિવસ

સાંજ સમાચાર
રાજકોટ સીટી આવૃત્તિ રજૂ કરે છે

ગૃહિણી વિશેષ
વાર્ષિક લવાજમ યોજના
૨૦૨૫-૨૬

યોજના નં.૧ ₹ ૧૧૦૦
આખું વર્ષ સાંજ સમાચાર સાથે
ગેરેન્ટેડ ગીફ્ટ ફ્રી
VARMORA
વરમોરા કંપનીની ઈન્સ્યુલેટેડ વોટર બોટલ
અથવા
DAAWAT
૧ કિલો દાવત કંપનીના બાસમતી ચોખા

આ ઉપરાંત ૧૦/૫/૨૫ સુધીમાં લવાજમ ભરનાર દરેક ગ્રાહકને
બોનસ ભેટ
૧ કિલો ખાંડ
(યોજના નં.૧ અથવા ૨ કોઈપણ યોજનામાં સમય મર્યાદામાં લવાજમ ભરનારને જ આ ગીફ્ટનો લાભ મળશે)

યોજના નં.૨ ₹ ૧૩૦૦
આખું વર્ષ સાંજ સમાચાર સાથે
ગેરેન્ટેડ ગીફ્ટ
VARMORA
વરમોરા કંપનીનો ૫ લીટરનો વોટર જગ
અથવા
ALFA PROTEINS
૨ લીટર સીંગતેલ

લવાજમ સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૦/૦૫/૨૦૨૫ લવાજમનો સમય ૧/૪/૨૦૨૫ થી ૩૧/૩/૨૦૨૬
સાંજ સમાચાર લવાજમની મુદત તા. ૦૧/૦૪/૨૦૨૫ થી ૩૧/૦૩/૨૦૨૬
તથા દર વર્ષની જેમ ઈનામી ડ્રો કુલ ઈનામો ૧૫૧૫
ખાસ નોંધ : ઈનામી ડ્રો કુપન આધારિત રહેશે જેના કુપન સમય મર્યાદાની અંદર લવાજમ ભરનાર ગ્રાહકે એજન્ટ ભાઈઓ પાસે મેળવી લેવાના રહેશે.
ઈનામી ડ્રો માં તમામ ઈનામો ૧-રાજકોટ શહેર આવૃત્તિ તથા ૧-જામનગર-સૌરાષ્ટ્ર આવૃત્તિમાં અપાશે

પહેલું ઈનામ – LED ટીવી – ૧૦ ગ્રાહકોને
બીજું ઈનામ – એરકુલર – ૧૦ ગ્રાહકોને
ત્રીજું ઈનામ – મોબાઈલ – ૧૦ ગ્રાહકોને
ચોથુ ઈનામ – સ્માર્ટ વોચ – ૧૦ ગ્રાહકોને
પાંચમું ઈનામ – હેન્ડ બ્લેન્ડર – ૧૦ ગ્રાહકોને
છઠ્ઠું ઈનામ – બ્લુટૂથ સ્પીકર – ૨૦ ગ્રાહકોને
સાતમું ઈનામ – ૫૦૦ ગ્રામ ચા – ૧૪૪૫ ગ્રાહકોને

વધુ વિગત માટે આપના ગામના/શહેરના/વિસ્તારના સ્થાનિક એજન્ટ ભાઈઓ અથવા વિતરક બંધુઓનો સંપર્ક સાધો: સાંજ એડવર્ટાઈઝર્સ, સાંજ સમાચાર કોર્પોરેટ હાઉસ, બીજા માળે, કસ્તુરબા રોડ, શારદાબાગની બાજુમાં, રાજકોટ-૧. મો. ૯૬૬૨૨ ૯૬૬૫૫

વિશેષ નોંધ : લવાજમના સમય દરમિયાન અખબારી કિંમતમાં થનારો કોઈપણ પ્રકારનો વધારો લવાજમ ધારકોને લાગુ પડશે નહિં. • ઈનામની રકમ અથવા વસ્તુ પર કોઈપણ પ્રકારનો સરકારી ટેક્સ અથવા ઈન્કમટેક્સ ઈનામ વિજેતા ગ્રાહકોએ જ ભરવાનો રહેશે. લવાજમ ભરનાર ગ્રાહકોએ 'સાંજ સમાચાર'ની 'સાંજ એડવર્ટાઈઝર્સ'ની છાપેલ કાચી પહોંચથી જ લવાજમ ભરવાનો આગ્રહ રાખવો. અનઅધિકૃત કાચી પહોંચથી ભરેલ લવાજમની જવાબદારી 'સાંજ સમાચાર'ની રહેશે નહિં. • આ ઉપરાંત 'સાંજ સમાચાર'ની લવાજમ પોલીસી મુજબ તમામ ચીજવસ્તુઓ શરતોને આધીન રહેશે.


# દેશભકિતનું ઝનુન અને ગર્વ નવજાત શિશુઓનાં નામ સિંદુર કે સિંદુરી રાખવાનો ટ્રેન્ડ

## માત્ર બિહારમાં જ ડઝનથી વધુ નવજાતોનાં નામ 'સિંદુર' રખાયા



પટણા તા.૯

ભારત–પાકિસ્તાન વચ્ચે યુદ્ધનો માહોલ સર્જાયો છે અને ભારતીયોમાં દેશભકિતનું ઝનુન ઉતર્યું છે. ભારતે પાકિસ્તાન પર કરેલી સ્ટ્રાઈકને ઓપરેશન સિંદુર નામ આપ્યું છે ત્યારે દેશભકિતથી પ્રેરિત થઈને પરિવારો નવજાત સંતાનોનાં નામ સિંદુર રાખવા લાગ્યા છે.બિહારના ઝુઝપરપુર જીલ્લામાં ૧૨ નવજાતના નામ 'સિંદુર' રાખવામાં આવ્યા છે. જયારે કટીહારમાં જન્મેલી એક બાળકીનું નામ 'સિંદુરી' રાખવામાં આવ્યું છે. આ નામ દેશભકિત તથા લાગણીશીલ એકતા સુચવે છે.ભારતની સ્ટ્રાઈકનાં સમયગાળામાં જ આ બાળકીનો જન્મ થયો છે બાળકી મોટી થાય ત્યારે સૈન્યમાં સામેલ કરવાની માતા–પિતાએ મહેચ્છા દર્શાવી હતી. મુઝફરપુર ચંપારણ જેવા જીલ્લાઓમાં નવજાત બાળકોનાં આ નામ રાખવાનો ટ્રેન્ડ શરૂ થયો છે. ખાનગી હોસ્પીટલનાં તબીબ ડો.સિધ્ધાર્થે કહ્યુ કે બાળક હોય કે બાળકી નામ સિંદુર જ રાખવામાં આવ્યું છે આ નામને દેશનું ગૌરવ ગણાવાયું છે.

**ભારતથી ભયભીત મહાનુભાવોનું પાકમાંથી પલાયન**

# પાક સૈન્યમાં બળવો ! સૈન્ય વડા મુનિર કેદ: મિર્ઝાને કમાન

## અનેક અધિકારીઓએ ધડાધડ રાજીનામાં ધર્યા

ઈસ્લામાબાદ તા.૯

પાકિસ્તાન પર ભારતના પ્રચંડ પ્રહાર વચ્ચે પાક સૈન્યમાં બળવો થયાનું અને સૈન્ય વડા અસીમ મુનિરને કેદ કરી લેવાયાના રીપોર્ટ જાહેર થયા છે. તેમના સ્થાને શમશાદ મિર્ઝાને સૈન્ય વડા બનાવી દેવાયા છે.



સૈન્ય વડા મુનિરે અંગત બદલા માટે પાકિસ્તાનને પતનના માર્ગે ધકેલી દીધુ હોવાના ઉહાપોહ વચ્ચે તેમને પદ પરથી ખદેડીને કેદ કરી લેવામાં આવ્યા છે અને શમશાદ મિર્ઝાએ પદભાર પણ સંભાળી લીધો હોવાનું બહાર આવ્યું છે. પાક સરકાર કે સૈન્ય તરફથી કો.ઈ નિવેદન કરવામાં આવ્યું ન હતું અને પરિસ્થિતિ અસ્પષ્ટ જ બની રહી છે સોશ્યલ મિડિયામાં આ પ્રકારનાં મેસેજ વાઈરલ બન્યા હતા.

એવી પણ ચર્ચા છે કે ભારતનાં પ્રચંડ પ્રહાર વચ્ચે પાકિસ્તાનનાં અનેક કોલોનલ મેજર, કેપ્ટન, કક્ષાના અધિકારીઓએ રાજીનામાં ધરી દીધા હતા,.મુનિરથી કંટાળીને આ રાજીનામું ધરી દેવામાં આવ્યું છે. અધિકારીઓ સહિતના મહાનુભાવોનુ પાકિસ્તાનમાંથી પલાયન શરૂ થયાનું અને એરપોર્ટ પર જબરી ભીડ હોવાનું પણ કહેવાય છે.


12TH COMMERCE BOARD RESULT - 2025

ઉત્કર્ષ સ્કૂલ કદાચ એકમાત્ર સ્કૂલ હશે કે જયાં વિદ્યાર્થીઓના ધો.10 કરતા ધો.12 માં પર્સન્ટેજ વધતા હશે. આપની જાણકારી માટે વિદ્યાર્થીઓના ધો.10 અને ધો.12 ના રિઝલ્ટની કમ્પેરીઝન દશર્વિલ છે.

PARSANA MISHRI – BOARD 7TH, A1 – BOARD 1ST ACC. STAT 100/100 – 10th 85% – 12th 95% – 99.93 PR

| Name | Board rank | PR | 10th | 12th |
|---|---|---|---|---|
| VASOYA DEV | BOARD 1ST STAT. 100/100, A1 | 99.87 | 90% | 94% |
| MEHTA HARVI | BOARD 2ND STAT. 99/100, A1 | 99.72 | 90% | 93% |
| DHAMELIA RUDRA | BOARD 2ND OC/STAT/ACC 99/100, A1 | 99.63 | 90% | 93% |
| CHOVATIYA RUDRA | BOARD 1ST OCM 100/100, A1 | 99.39 | 79% | 92% |
| PAREKH JIYA | A1 | 99.39 | 83% | 92% |
| PETHANI JAHANAVI | A1 | 99.30 | 90% | 92% |
| KARIA DHAIRYA | A1 | 99.20 | 89% | 92% |
| PAREKH PRISHA | A1 | 98.91 | 85% | 91% |
| VORA VASU | BOARD 1ST STAT. 100/100, A1 | 98.91 | 93% | 91% |
| LUNAGARIYA HARMIN | BOARD 1ST STAT. 100/100, A1 | 98.85 | 81% | 91% |
| RATNESHWAR ADITYA | A1 | 98.80 | 70% | 91% |
| BHARVADA MANSI | BOARD 2ND OCM 99/100, A1 | 98.73 | 85% | 90% |
| RAMCHANDANI LAKSHITA | A1 | 98.73 | 83% | 90% |
| CHOLERA DARSH | BOARD 1ST STAT. 100/100, A1 | 98.52 | 87% | 90% |
| KOTECHA NENCY | A1 | 98.43 | 76% | 90% |
| PITHADIYA NEEV | BOARD 1ST STAT. 100/100 | 98.28 | 78% | 90% |
| DOSHI JAHNAVI | | 98.03 | 77% | 89% |
| PAUN BHASKAR | | 98.03 | 77% | 89% |
| VADODARIYA ARAYAN | | 97.85 | 79% | 89% |
| CHACHCHA JAIVAL | BOARD 1ST STAT. 100/100 | 97.66 | 83% | 89% |
| VEKARIYA DHARVI | | 97.38 | 81% | 88% |
| RAMANI YASHVI | BOARD 1ST STAT. 100/100 | 97.28 | 75% | 88% |

People Say That UTKARSH Is The Best Science School But We Are Equally Unbeatable In Commerce Too...

No.1 SCHOOL OF GUJARAT
RESULT 100 %

TOTAL STUDENTS - 74

| | |
|---|---|
| Above 99 PR | 08 |
| Above 98 PR | 19 |
| Above 95 PR | 26 |
| Above 90 PR | 33 |
| Above 85 PR | 38 |
| Above 80 PR | 44 |
| Above 70 PR | 54 |

UTKARSH SCHOOL
Std. 1st to 12th (Science & Comm.)
Akshar Marg, Rajkot. 97230 41 565 / 753

Admissions Open For 11th SCIENCE COMMERCE
Hostel Facility Available

# રીબડાઃ અમિત ખૂંટ આપઘાતના બનાવમાં મિસ્ટર X જૂનાગઢના રહીમ મકરાણીની શોધખોળ

## રિબડાના દરબારમાં તપાસ પહોંચવાની તૈયારીમાં ? જૂનાગઢનો શખ્સ એક વર્ષથી પૂજા રાજગોરના સંપર્કમાં હતો અને ૧૫ દિવસ પહેલાં કાવતરૂં ઘડ્યું 'તું

રાજકોટ. તા.૯

રિબડાના પાટીદાર યુવાન અમીત ખૂંટ આપઘાતના બનાવમાં પોલીસને મહત્વની કડી મળી હતી અને નિર્દોષ યુવાનને ટોળકીએ ફસાવી આપઘાત કરવા પ્રેરીત કર્યાનું સામે આવ્યું છે. જેમાં રૂરલ પોલીસે ગોંડલ અને રાજકોટના બે વકીલ, સગીરા અને તેની સાથે રહેતી પૂજા રાજગોર નામની યુવતીની ધરપકડ કરી હતી. જેમાં પૂજા રાજગોરની પૂછતાછ માં મહત્વની ભૂમિકા ભજવનાર વચેટિયો શખ્સ જૂનાગઢનો રહીમ મકરાણી નામનો શખ્સ હોવાનું ખુલતાં પોલીસે તેને પકડવા દોડધામ આદરી છે. જેમાં પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ જૂનાગઢનો શખ્સ પકડાયા બાદ તપાસ રિબડાના દરબારમાં પહોંચે તેવી પૂરેપૂરી શકયતા છે.

ગઈ તા.૦૫ ના ગોંડલના રીબડા ગામના રહીશ અમિતભાઇ દામજીભાઈ ખુંટ નામના પાટીદાર યુવાને રીબડા ગામની સીમમાં આવેલ પોતાની વાડી પાસે ગળેફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. મૃતકના પહેરેલ કપડામાંથી સુસાઇડ નોટ મળી આવેલ હોય જેમા રીબડા ગામના અનિરૂધ્ધસિહ જાડેજા, તેમના પુત્ર રાજદિપસિહ જાડેજા તેમજ પુજા રાજગોર અને એક સગીરા વિરૂધ્ધ આક્ષેપ કરતી સ્યુસાઇડ નોટ મળી આવેલ હતી. જે મામલે મૃતકના ભાઇ મનીષભાઈ દામજીભાઈ ખુંટ દ્વારા૧ ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરતા ગોંડલ તાલુકા પોલીસે ગુનો નોંધ્યો હતો.

જે બનાવની ગંભીરતા દાખવી રેન્જ આઈજી અશોકકુમાર યાદવ, એસપી હિમકરસિહ અને એએસપી સીમરન ભારદ્વાજના માર્ગદર્શન હેઠળ એલસીબી પીઆઈ વી.વી.ઓડેદરાને તપાસ સોંપવામાં આવી હતી, જેમાં પીઆઈ એ.સી.ડામોર અને એ.ડી.પરમારની રાહબરીમાં એલસીબી, પેરોલ ફર્લો તથા ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનની અલગ-અલગ ટીમો બનાવી તુરંત જ આરોપી પુજાબેન જેન્તી રાજગોર (રહે હાલ રાજકોટ) અને સગીરાને અટક કરી સઘન પૂછતાછ કરવામાં આવી હતી.

બન્નેની ઉંડાણપુર્વકની લાંબી પુછપરછ કરતા પુજા રાજગોરએ જણાવેલ કે, એક વચેટીયો વ્યક્તિ પોતાની પાસે આવી જણાવેલ કે, તમારે રિબડાના અમિત ખુંટ નામની વ્યકિત સાથે સોશિયલ મીડીયાના માધ્યમથી મિત્રતા/પ્રેમ સંબધ કેળવી અને તેની સાથે શરીર સબંધ બાંધી ખોટી બળાત્કારની ફરીયાદ કરવાની છે, તેમજ જણાવેલ કે, આ બદલામાં તમારી લાઇફ બની જશે અને સારામાં સારી જોબ પણ મળી જશે. જેથી બન્નેને પૈસાની જરૂરીયાત હોય જેથી આ કામ કરવા માટે તૈયાર થયેલ હતાં.

તેમજ વચેટીયાએ જણાવેલ કે, ફરીયાદના સમયે મારા વકીલોને આ મામલે તમામ વિગત ખબર છે જેથી તેઓ શરૂઆતથી અંત સુધી તમારી સાથે રહેશે અને તેઓ જે રીતે કહે તે રીતે તમારે પોલીસ ફરીયાદ લખાવવાની છે. પોલીસ તપાસમાં પુર્વ આયોજીત કાવતરૂ રચેલ હોવાનુ ખુલવા પામતા વકીલની ધરપકડ કરી તેની સઘન પૂછતાછ કરી રિમાન્ડ માટે કોર્ટમાં રજૂ કરાતા બંનેના રિમાન્ડ ના મંજુર કરી જેલ હવાલે કરાયા હતા.

પોલીસે વચેટિયા શખ્સ સુધી પહોંચવા તપાસનો ધમધમાટ આદર્યો હતો, ત્યારે પૂજા રાજગોરના ક બે દિવસના રિમાન્ડ દરમિયાન પૂછતાછમાં તેને કાવતરું ઘડવા માટે જૂનાગઢના રહીમ મકરાણી નામના શખ્સે કહ્યું હતું અને તેઓ બંને છેલ્લા એક વર્ષથી સંપર્કમાં હોવાનું સામે આવ્યું છે. પોલીસ દ્વારા હવે જૂનાગઢના રહીમ મકરાણીની શોધખોળ હાથ ધરાઈ છે.

વધુમાં પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ, મિસ્ટર ડ રહીમ મકરાણી પકડાયા બાદ મુખ્ય સૂત્રધાર સુધી પોલીસ પહોંચશે અને તપાસ રિબડા તરફ ફંટાઈ તેવી પૂરેપૂરી શકયતા સેવાઈ રહી છે.

### રહીમે યુવતી અને સગીરાને લાઈફ સેટ કરી દેવાનો વાયદો આપ્યો, બંનેને કપડા પણ લઈ દીધા 'તા

રાજકોટ. તા.૯

રિબડાના અમિત ખૂંટ આપઘાત પ્રકરણમાં દરરોજ નવા નવા ફણગા ફૂટી રહ્યાં છે. ત્યારે પાટીદાર યુવક પર ખોટી ફરિયાદ કરનાર સગીરા અને તેની સાથેની યુવતીની પૂછતાછમાં જાણવા મળ્યું હતું કે, વચેટીયો રહીમ મકરાણીએ યુવતી અને સગીરાને લાઈફ સેટ કરી દેવાની તેમજ સારી જોબ અપાવી માલામાલ કરી દેવાનો વાયદો આપી શરૂઆતમાં કપડા પણ લઈ દિધેલ હતાં.

### રીબડાના અમિત ખુંટ આપઘાત પ્રકરણમાં બંન્ને એડવોકેટના રિમાન્ડ નામંજુરઃ જેલહવાલે કરાયા

ગોંડલ,તા.૯

ગોંડલ પંથકમાં ચકચારી બનેલા રીબડાના અમિત દામજીભાઇ ખુંટ નાં આપઘાત પ્રકરણ માં એડવોકેટ દિનેશ પાતર તથા સંજય પંડીત ની પોલીસે ધરપકડ કર્યા બાદ અત્રેની એડી.ચિફ જ્યુડી.મેજિસ્ટ્રેટ ની કોર્ટ માં ૧૨ દિવસ નાં રિમાન્ડ ની માંગ સાથે રજુ કરાતા કોર્ટે રીમાંન્ડ નામંજુર કરતા જેલ હવાલે કરાયા હતા.

કોર્ટ માં આરોપી વકીલ હોય તેણે દલીલ કરી જણાવ્યું કે સુસાઇડનોટ માં અમારા નામનો ઉલ્લેખ નથી.ફરિયાદ થયા બાદ બન્ને યુવતીઓ એ વકીલ તરીકે અમારો સંપર્ક કરેલ હતો.અમે માર્ગદર્શન અને સલાહ આપી હતી.તપાસ એજન્સી એ અમને સાહેદ બનાવવાનાં બદલે આરોપી બનાવી દીધા છે.અમે અવારનવાર ગોંડલ નાં બાહુબલી જયરાજસિહ સામેનાં કેસમાં તેમના વિરુદ્ધ વકીલ તરીકે રહેતા હોય અમને આ કેસમાં ખોટી રીતે ફીટ કરી દેવાયા છે. આ બંન્ને વકીલે કોર્ટ માં રહીમ મકરાણીને અમે જાણતા નથી તેવી લેખીત જાણ કરી હતી. વધુમાં કોર્ટ માં અમે મોબાઇલ આપી દઇશુ તેવુ કહી કોલ ડીટેઇલ માટે રીમાંન્ડ ની જરુર નથી તેવી દલીલ કરી હતી.આરોપી કોર્ટ માં જજ સમક્ષ પોલીસ વિરુદ્ધ ફરિયાદ કરી જણાવ્યુ કે પોલીસે ધરપકડ નો ખોટો સમય દર્શાવી ગેરકાયદેસર રીતે કાયદાની પ્રક્રિયા અનુસર્યા વગર ધરપકડ કરીછે. એડી.ચિફ જ્યુડી.મેજિસ્ટ્રેટ મેહુલ પરમારે દલીલો બાદ રીમાંન્ડ નામંજુર કરતા બન્ને આરોપીઓ ને જેલ હવાલે કરાયા હતા.

# ભ્રષ્ટાચારના ગુનામાં રાજકોટ મનપાના પૂર્વ ઈજનેર અજય વેગડના આગોત્તરા જામીન રદ્દ

## ૭૭ લાખની અપ્રમાણસર મિલ્કતની તપાસ અંગે હવે એસીબી પાસે મોકળું મેદાનઃ પત્ની-પુત્રીના નામે મિલ્કત, અજયે બચાવ લીધેલો કે તેની દીકરી ઈમીટેશન કામ કરી લાખો કમાઈ છે જો કે દિકરી હાલમાં જ એમબીબીએસ પાસ કરી ડોકટર બની હોવાની દલીલ સરકારી વકીલે કરી

રાજકોટ,તા.૯

રાજકોટ મહાનગરપાલિકામાં નાયબ કાર્યપાલક ઈજનેર તરીકે અગાઉ ફરજ કે ફરજ બજાવતા ૫૨ વર્ષીય અજય મનસુખ વેગડ સામેના રૂા.૭૭ લાખની અપ્રમાણસર મિલ્કત અંગેના ભ્રષ્ટાચારના કેસમાં રાજકોટની ખાસ અદાલતના જજ વી.એ.રાણાએ આગોતરા જામીન અરજી રદ કરેલ છે.

આ કેસની હકિકત એવા પ્રકારની છે કે, અજય વેગડ વિરૂધ્ધ માહિતીઓના આધારે એ.સી.બી.એ ખાનગી રાહે તપાસ કરતા જણાયેલ હતુ કે, છેલ્લા ૧૦- વર્ષના સમયગાળામાં પગારની આવક કરતા વસાવેલ મિલ્કતો રૂા.૭૭ લાખ સુધી અપ્રમાણસર છે. આ અંગે અજય તથા તેની પત્ની અને પુત્રી ની અસ્કયામતો તથા બેંક બેલેન્સ અને ફીક્સ ડીપોઝીટો ધ્યાનમાં લેવામાં આવેલ હતી. એ.સી.બી. ના કેસમાં અપ્રમાણસર મિલ્કતનો આંકડો કાઢવા માટે ''એ.બી.સી.ડી.'' ફોમ્યુલા બનાવવામાં આવેલ છે, જે મુજબ ૧૦- વર્ષના ટારગેટ પિરીયડમાં સરકારી કર્મચારીની ૧૦-વર્ષની આવક અને ૧૦-વર્ષ દરમ્યાન તેઓએ ખરીદ કરેલ મિલ્કત વચ્ચેનો તફાવત કાઢવામાં આવે છે. આ પ્રોસેસ દરમ્યાન તેમના કુટુંબીઓના નામે વસાવેલ મિલ્કત અને તેઓની સ્વતંત્ર આવક પણ ધ્યાનમાં લેવામાં આવે છે. અજય વેગડના વર્ષ-૨૦૧૪ થી ૨૦૨૪ સુધીની આવક અને તેણે અજયના તેઓએ વસાવેલ મિલ્કતમાં રૂા.૭૭ લાખનો તફાવત જણાયેલ. તેઓના જણાવ્યા પ્રમાણે તેમના પત્નિ અને તેની પુત્રી ઈમીટેશનનો ધંધો કરી દર વર્ષે લાખોની આવક મેળવે છે. આ અંગે પત્નિ અને પુત્રીની પુછપરછ કરતા અને તેઓના નિવેદનો નોંધતા તપાસનીશ અમલદારને જણાયેલ કે, ઈમીટેશન જવેલરી કોની પાસેથી ખરીદેલ અને અને કોને વેચેલ છે તે અંગેના કોઈ જ નામ-સરનામા તેઓ જણાવી શકેલ નહીં. આ કારણસર પત્ની અને પુત્રીની આવકને કાયદા મુજબ અજય વેગડની જ આવક ગણવામાં આવેલ હતી.



સરકારી વકિલ સંજયભાઈ કે. વોરા

આગોતરા જામીનના સમર્થનમાં આરોપી વતી દલીલ કરવામાં આવેલ હતી કે, આરોપીની પત્તિ અને પુત્રી જયારે ઈન્કમટેક્ષ રીટર્ન ભરી આવક મુજબ આવકવેરો પણ ભરતા હોય ત્યારે પામ અને પુત્રીની આવકને અજય વેગડની આવક ગણી શકાય નહીં તેથી એ.સી.બી. નો કેસ આધાર પુરાવા વિનાનો હોવાથી આરોપીને આગોતરા જામીન આપવા જોઈએ.

સરકાર વતી જિલ્લા સરકારી વકિલ એસ.કે. વોરા એ રજુઆત કરતા જણાવેલ હતુ કે, આરોપી અજય વેગડની પત્ની અને પુત્રી પાસે ઈમીટેશનના ધંધા અંગે તેઓ પાસે કોઈ પ્રકારનો હિસાબ નથી અને જવેલરી લેનાર - વેચનારના નામ અને સરનામા પણ નથી ત્યારે ઈન્કમટેક્ષના રીટર્નમાં કયાં દસ્તાવેજોના આધારે હિસાબો આપે છે તે હકિકત ક્યાંય જણાતી નથી. આથી માનવાને કારણ છે કે, આ તમામ અસ્કયામતો પત્ની અને પુત્રીએ આરોપી અજય વેગડ નાજ નાણાં માંથી ખરીદ કરેલ છે. આ ઉપરાંત રજુઆત કરવામાં આવેલ કે આરોપીની પુત્રી હાલ એમ.બી.બી.એસ. ડોકટર થયેલ છે, ત્યારે તેઓ ૪-વર્ષથી અભ્યાસમાં સખ્ત પરીશ્રમ કરવાના બદલે ઈમીટેશન જવેલરીનો ધંધો કરી આવક રળતા હોય તે માનવાપાત્ર વાત નથી. આ તમામ સંજોગોમાં જયારે આરોપી અજય વેગડની પોલીસ કસ્ટડી દરમ્યાનની પુછપરછ અનિવાર્ય હોય ત્યારે આગોતરા જામીન આપવા જોઈએ નહી.સરકાર તરફેની આ રજુઆતો અંતે ખાસ અદાલતના જજ વી.એ.રાણાએ નાયબ કાર્યપાલક ઈજનેર અજય મનસુખ વેગડની આગોતરા જામીન અરજી રદ કરેલ છે. આ કેસમાં સરકાર તરફે જિલ્લા સરકારી વકિલ સંજયભાઈ કે. વોરા રોકાયેલા હતા.

# અમિતખુંટ આપઘાત પ્રકરણમાં ગોંડલમાં બે એડવોકેટની ધરપકડના વિરોધમાં બાર.એસો.દ્વારા પ્રાંત અધિકારીને આવેદન

ગોંડલ તા.૯

ગોંડલ નાં ચકચારી બનેલા રીબડાનાં અમીત ખુંટ આપઘાત પ્રકરણ માં એડવોકેટ દિનેશભાઈ પાતર તથા સંજયભાઈ પંડીત ની ધરપકડ કરાઇ હોય ગોંડલ બાર એસોસિએશન દ્વારા વિરોધ દર્શાવતુ આવેદનપત્ર ગોંડલ પ્રાંત અધિકારી ને અપાયુ હતુ.

જેમાં જણાવાયુ હતુ કે રીબડા ગામનાં અમીત ખુંટ પર બળાત્કાર તથા પોકસો મુજબ ની ફરિયાદ કરવામાં આવેલ છે. અમને મળેલ માહીતી મુજબ દિનેશભાઈ પાતર તથા સંજયભાઇ પંડીત ની સલાહ લઇ ફરિયાદ કરવામાં આવેલ તેવુ તેવુ જણાવાયુછે.અમીત ખુંટે આપઘાત કરેલ જેથી આ બન્ને વકીલ ની આપઘાત નાં ગુનામાં ધરપકડ કરવામાં આવેલ છે. વકીલ માટે કલાયન્ટ ને માર્ગદર્શન આપવુ એ ગુનો નથી.પોલીસને વકીલ અને કલાયન્ટ વચ્ચેનાં કોઇપણ પ્રકાર નાં શંદેશાવ્યવહાર વિશે માહીતી લેવાનો કોઇ અધિકાર નથી.વકીલ અને કલાયન્ટ વચ્ચેની વાતચીત નાં આધારે એડવોકેટ ને આવા ગંભીર ગુન્હામાં ફસાવવામાં આવ્યાછે.ગોંડલ બાર એસોસિએશન નાં સભ્ય દિનેશભાઈ પાતર તથા રાજકોટ નાં બાર એસોસિએશન નાં સભ્ય સંજયભાઈ પંડીત ને તેઓનાં ઘરે થી કોઇપણ જાતની જાણ કર્યા વગર ખુબજ ગંભીર પ્રકાર નાં ગુના માં ધરપકડ કરવામાં આવેલછે.જેને કારણે વકીલ ની પ્રતિષ્ઠા ને ભારે નુકસાન થયુછે.અને સમગ્ર વકીલ સમુદાય ની ખરાબ છબી ઉભી થઇ છે.કાયદા વિભાગ અને સરકાર ને જાણ કરો જેથી કોઇ પણ એડવોકેટ ને તેના કામ અંગે પોલીસ દ્વારા ખોટી રીતે ગુનામાં ફસાવી ના શકાય.તેવુ જણાવાયુ હતુ.

# પાકિસ્તાન કનેકશનની શંકાએ ભગવતીપરામાંથી બે શખ્સોને ઉઠાવી લેતી પોલીસ

## બંને શખ્સોના મોબાઈલમાં શંકાસ્પદ ચેટ હોવાની મળેલ બાતમીના આધારે કાર્યવાહી, બંનેના મોબાઈલ એફએસએલમાં મોકલાયાઃ બંને પશ્ચિમ બંગાળના વતની હોવાનું ખુલ્યું, ભગવતીપરામાં ઈમિટેશનનું કામ કરે છે

રાજકોટ. તા.૯

હાલ એક તરફ સરહદ પર યુધ્ધનો માહોલ છે ત્યારે સ્થાનીક પોલીસ પણ એલર્ટ મોડમાં આવી છે અને શંકાસ્પદ પ્રવૃત્તિ સાથે સંકળાયેલ શખ્સોને પકડી લઈ સઘન તપાસ કરવામાં આવી રહી છે, ત્યારે

ભગવતીપરા વિસ્તારમાં સુખસાગર સોસાયટી શેરી નંબર ૪ માં રહેતા અને ઈમીટેશનનું કામ કરનાર બે શખ્સોને બી.ડિવિઝન પોલીસે સોશિયલ મીડિયા મારફત પાકિસ્તાન સાથે કનેક્શનની શંકાએ ઉઠાવી લેવામાં આવ્યા છે. પોલીસે બંને શખ્સો અંગે તપાસ કરતા બંને પશ્ચિમ બંગાળના વતની હોવાનું માલુમ પડ્યું હતું. પોલીસ દ્વારા બંને પાસેથી કબજે લેવામાં આવેલા મોબાઈલ એફએસએલમાં મોકલવામાં આવ્યા છે. મોબાઇલમાં શંકાસ્પદ ચેટ કે અન્ય કોઈ શંકાસ્પદ સાહિત્ય મળશે તો તેની સામે કાર્યવાહી કરવામાં આવશે તેવું પોલીસે જણાવ્યું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ, ભગવતીપરા વિસ્તારમાં આવેલી સુખસાગર સોસાયટી શેરી નંબર ૪ માં રહેતા અને ઈમીટેશનનું કામ કરનાર બે શખ્સો સોશિયલ મીડિયા મારફત પાકિસ્તાન સાથે સંપર્કમાં હોવાની માહિતી પોલીસને મળતા બી ડિવિઝન પોલીસ મથકના પીઆઇ એસ.એસ.રાણેના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એ.બી.ચૌધરી તથા ટીમે ભગવતીપરા વિસ્તારમાં સઘન તપાસ કરી બાદમાં આ બંને શખ્સોને પકડી પોલીસ મથકે લાવવામાં આવ્યાં હતાં.

પોલીસ દ્વારા પ્રથમ આ બંને શખસો ભારતના નાગરિક છે કે કેમ? તે બાબતે તપાસ કરવામાં આવી હતી. બંને પશ્ચિમ બંગાળના વતની હોવાનું માલુમ પડતા તેમના વતનમાં પણ આ બાબતે ખરાઈ કરતાં બંને પશ્ચિમ બંગાળના જ વતની હોવાનું સ્પષ્ટ થયું હતું.

બંને શખ્સો ભગવતીપરામાં ઇમિટેશનનું મજૂરી કામ કરતા હતા. બંને શખ્સો પૈકી એક છેલ્લા છ વર્ષથી રાજકોટમાં રહેતો હોવાનું માલુમ પડ્યું છે. જ્યારે અન્ય શખ્સના માતા બીમાર હોય જેથી રોજગારી માટે તે છેલ્લા થોડા સમયથી રાજકોટ આવ્યો હોવાનું માલુમ પડ્યું છે. પોલીસ દ્વારા બંનેની પૂછપરછ કરવામાં આવી હતી જેમાં હજુ સુધી કોઈ શંકાસ્પદ બાબત જણાઇ આવી નથી.

પોલીસે વધુમાં જણાવ્યું હતું કે, બંને શખ્સો સોશિયલ મીડિયાના માધ્યમથી પાકિસ્તાન સાથે સંપર્કમાં હોવાની માહિતી મળી હોય જેથી આ બાબતની ગંભીરતાને ધ્યાને લઈ હાલ બંને પાસેથી મોબાઇલ કબજે લેવામાં આવ્યા છે અને તપાસ માટે એફએસએલમાં મોકલવામાં આવ્યા છે. એફએસએલ તપાસ દરમિયાન આ બંને શખસો સોશિયલ મીડિયા મારફત પાકિસ્તાનના કોઈ ગ્રુપ સાથે સંપર્કમાં હતા કે કેમ અને તેઓ કોઈ શંકાસ્પદ પ્રવૃત્તિ સાથે કે દેશ વિરોધી પ્રવૃત્તિ સાથે જોડાયેલા છે કે કેમ? સહિતની બાબતો જાણી શકાશે.

### સાયબર ક્રાઈમ પણ એલર્ટ, સોશિયલ મીડિયા ગ્રૂપ પર ચાંપતી નજર, ગુનો પણ દાખલ થશે

હાલ સરહદ પર યુધ્ધની સ્થિતિથી તણાવ ભર્યું વાતાવરણ છે. ત્યારે કેટલાક લોકો સોશિયલ મિડિયા દ્વારા પણ ખોટી માહિતી વાયરલ કરી સામાન્ય લોકોને પેનીક કરવાનો પ્રયાસ કરી રહ્યાં હોય તેવું પણ સામે આવતું હોય છે, ત્યારે સાયબર ક્રાઈમની ટીમ પણ એક્ટિવ બની છે અને સતત સોશિયલ મીડિયા એકાઉન્ટ પર નજર રાખી રહી છે, તેમજ કોઈ ખોટા મેસેજ વાયરલ કર્યાનું સામે આવશે તો ગુનો દાખલ કરવાની કાર્યવાહી પણ કરવામાં આવશે તેવું પોલીસ સૂત્રો જણાવી રહ્યાં છે.

# અવસાન નોંધ

**રાજકોટઃ** માખીયાળા વાળા હાલ રાજકોટ સ્વ. ચંપકલાલ દુર્લભજી ધોળકિયા (ઉ.૮૨) તે દમયંતીબેનના પતિ, મનીષભાઈ, ચેતનભાઈ, વર્ષાબેન પ્રકાશભાઈ મહેતા (જુનાગઢ)ના પિતાશ્રી, ભાણવડ વાળા હેમતલાલ ડાયાભાઈ મહેતાના જમાઈ તા.૮ના અરીહંત શરણ પામેલ છે.

**મોરબીઃ** ચા.મ.મો. બ્રાહ્મણ મુળ રોહીશાળા હાલ મોરબી નિવાસી સ્વ. લાભશંકર નંદલાલ ત્રિવેદીના પુત્ર સ્વ. યોગેશ લાભશંકર ત્રિવેદી (ઉ.૫૭) તે દેવેન્દ્રભાઈ ત્રિવેદી (નિવૃત સિંચાઈ વિભાગ)ના નાના ભાઈ મનીષભાઈ ધવલ તથા સ્વ. બીનાબેનના મોટા ભાઈ વિજયના કાકા, સ્વ. કાન્તીલાલ એન. ત્રિવેદીના ભત્રીજા, રમાબેન અંજારીયા હંસાબેન પુનાની તથા ઉષાબેનના ભત્રીજાનું તા.૬ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું મોઢ બ્રાહ્મણની વાડી સાવસર પ્લોટ ૧૦/૧૧ વ્રજ હોસ્પીટલ સામે રાખેલ છે. તા.૧૦ને શનીવારે સાંજે ૫થી ૬ મોરબી રાખેલ છે. લોકીક ક્રિયા બંધ રાખેલ છે.

**સાવરકુંડલાઃ** સૌ.ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ ગં.સ્વ. શાન્તાબેન પ્રભાશંકરભાઈ વ્યાસ (ઉ.૮૩) તે પરાગભાઈ પ્રભાશંકરભાઈ વ્યાસ (જીએસટી) તથા નિતાબેન કૃપાશંકરભાઈ ત્રિવેદી (ગર્લ્સ હાઈસ્કુલ)ના સાસુ, વસંતરાય નાનાલાલ ત્રિવેદી (શારદા વોચ કાું.) અને પંકજભાઈ નાનાલાલ ત્રિવેદીના મોટાબેન અને શાસ્ત્રી ધનશ્યામભાઈ શિવશંકરભાઈ ત્રિવેદીના ફઈબાનું તા.૪ના રોજ અવસાન થયેલ છે. તેમની સંયુકત સાદડી તા.૯ને શુક્રવારના રોજ ૪-૪૦થી ૬-૩૦ એકલીંગજી ઉપવન કાનજી બાપુની જગ્યા પાસે, સાવરકુંડલા રાખેલ છે.

**સાવરકુંડલાઃ** રમેશભાઈ વૃંદાવનદાસ શિંગાળા (ઉ.૭૦) તે સુરેશભાઈ, હસમુખભાઈ, દિલીપભાઈ, જીતુભાઈ, રાજુભાઈના ભાઈ તથા જીગ્નેશભાઈ, અભિષેકભાઈના પિતાશ્રીનું અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું તા.૯ના સાંજે ૫થી ૬-૩૦ લોહાણા વિદ્યાર્થી ભવન મહુવા રોડ ખાતે રાખેલ છે.

**સાવરકુંડલાઃ** રામાભાઈ કલાભાઈ બગડા (ઉ.૮૪) તા.૪ને રવિવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું ટેલીફોનીક બેસણું તા.૧૧ને રવિવારના રોજ સવારે ૬-૩૦થી ૧૦-૪૫ વાગ્યા સુધી રાખેલ છે. (મો.૯૭૨૭૪ ૧૨૮૬૨, ૬૩૫૩૦ ૬૮૫૧૦.

**જામખંભાળિયાઃ** જામ જોધપુર નિવાસી સ્વ. હસમુખભાઈ જમનાદાસ ગંઢેચાના પુત્ર અમિતભાઈ (ઉ.વ. ૪૩) તે કનકભાઈ, મહેશભાઈ અને ભદ્રેશભાઈના ભત્રીજા તથા નવ્યા અને ધ્યેયના પિતાશ્રી તેમજ પૂજાબેન અને શ્વેતાબેનના ભાઈ તથા સ્વ. અમૃતલાલ કરસનદાસ સામાણી (ખંભાળિયા)ના જમાઈ તા. ૮ ના રોજ અવસાન પામ્યા છે. તેમનું બેસણું તથા સસરા પક્ષની સાદડી શુક્રવાર તા.૯ના રોજ સાંજે ૪ થી ૪:૩૦ સંન્યાસ આશ્રમ જામજોધપુર ખાતે રાખવામાં આવેલ છે.

**રાજકોટ** :સ્વ. મુકુંદરાય વજેશંકર વ્યાસ (ઉ.વ. ૮૮) (નિવૃત એસ.બી.એસ.બેન્ક ઓફીસર) તે હિરેનભાઈ, આરતીબેન હિતેન્દ્રકુમાર જોષી, સ્વાતિબેન મનિષકુમાર દવેના પિતાશ્રી, સ્વ. જશવંતભાઈ, સ્વ. નિર્મળાબેન, સ્વ. રમેશભાઈ, સ્વ. અરૂણભાઈ, ચંદ્રકાન્તભાઈ, ઈલાબેનના ભાઈ કેશાની રામકુમાર પુંજાણી, મહર્ષિના દાદા તા. ૯ શુક્રવારે કૈલાસ વાસ થયેલ છે.

**જામનગરઃ** જામનગર શ્રીમાળી યજુર્વેદી બ્રાહ્મણ જ્ઞાતિ સ્વ.દેવીપ્રસાદ દવેના પુત્ર મહેન્દ્રભાઈ દવે (ઉ.વ.૮૪) (સમાજ સુરક્ષા ખાતુ)નું તા.૮ના અવસાન થયેલ છે. તે આનંદભાઈ દવે (જી.જી.જી.હોસ્પિટલ)ના પિતાશ્રી, જાગૃતિબેન દવે (જી.જી.જી.હોસ્પિટલ) સસરા,પ્રિયંક દવે (સી.એ.)ના પિતાશ્રી થાય. તેમની પ્રાર્થના સભા તા.૧૦ના શનિવારે સાંજે ૫.૩૦ થી ૬ કલાકે જડેશ્વર મહાદેવ મંદિર, પટેલ કોલોની રોડ નં.૪ શેરી નં.૫ જામનગર ખાતે ભાઈઓ તથા બહેનો માટે રાખેલ છે.

**રાજકોટ** : રાજેશભાઈ ગિરધારલાલ રાજા (ઉ.વ.૫૮) તે ગિરધારલાલ રાજા અને ભાનુબેન ગિરધારલાલ રાજાના પુત્ર તથા છાયાબેનના પતિ તે દિવ્યેશભાઈ ( રાજા મ્યુઝિક સ્ટોર અને રાજા પ્લાસ્ટિક વેર ) તેમજ પ્રસન્નાબેનના પિતા તે પ્રફુલાબેન અરૂણકુમાર કોટકના ભાઈ તેમજ સ્વ.ધીરજલાલ હેમચંદ અખાણીના જમાઈ તેમજ ગીરીશભાઈ અને આશિષભાઈના બનેવી તા.૮ના રોજ શ્રીજી ચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા તથા પિયરપક્ષની સાદડી તા.૧૦ને શનિવારે સાંજે ૪.૩૦ કલાકથી ૫.૩૦ કલાક સુધી ચંદ્રમૌલેશ્વર મહાદેવ મંદિર, ગંગોત્રી ડેરીની પાછળ, સાધુ વાસવાણી રોડ રાજકોટ ખાતે રાખવામાં આવી છે.

**રાજકોટઃ** રાજકોટઃ રાજકોટ નિવાસી મોઢ વણિક અ.સૌ. ચેતનાબેન જયેન્દ્રભાઈ મહેતા તે શ્રી જયેન્દ્રભાઈ રતિલાલ મહેતાના ધર્મપત્ની તથા હિતેષભાઈ મહેતા અને વિપુલભાઈ મહેતાના માતુશ્રી નું તારીખ ૦૭.૦૫.૨૦૨૫ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તારીખ ૧૦.૦૫.૨૦૨૫ને શનિવારના સાંજે ૫ થી ૬ મોઢ વણિક વિદ્યાર્થી ભવન, ૫ રજપુતપરા, માલવિયા પેટ્રોલ પંપ સામે, રાજકોટ ખાતે રાખવામાં આવેલ છે.

### રાજકોટ સમસ્ત સુન્ની મુસ્લિમ ઘાંચી સમાજ પ્રમુખ ઓસમાણભાઈ ભુવરનું અવસાનઃ કાલે જીયારત



રાજકોટ, તા.૯

સમસ્ત સુન્ની મુસ્લિમ ઘાંચી સમાજ રાજકોટના પ્રમુખ ઓસમાણભાઈ ભુવરનું તા.૮ ન રોજ રાત્રે તેમના નિવાસ સ્થાન ભરત વન સોસાયટી-૨ ગાયત્રી હોલ પાસે હાર્ટ એટેક આવવાથી અવસાન થયેલ છે.

મર્હુમ ઓસમાણભાઈ ભુવરની દફન વિધિ અંતિમયાત્રા આજરોજ નમાજે જુમ્મા જુમ્માની નમાજ બાદ બપોરે ૩ કલાકે તેમના નિવાસ સ્થાન ભરત વન સોસાયટી -૨ ગાયત્રી હોલ હસન શાહ દરગાહ પાસેથી હુબ્લિશાહ કબ્રસ્તાન ફાયબ્રિગેડ પાસે ભાવનગર રોડ રાજકોટ ખાતે રાખેલ હતી. મર્હુમ ઓસમાણ ભાઈ ભુવરની જીયારત કાલે તા.૧૦ ને શનિવારના રોજ સવારે ૧૦ કલાકે હમનશાહ પીરની દરગાહ જંગલેશ્વર ખાતે રાખેલ છે.


૨૧મી વાર્ષિક પુણ્યતિથીએ શ્રદ્ધાંજલી



સ્વ.મંગળાબેન ગોરધનદાસ રાજાણી

સ્વ.તા.૦૯/૦૫/૨૦૦૪ (રાજાણી ગૃપ - જુનાગઢ)

ભકિત તમે કરી પુણ્ય અમને મળ્યા, સંઘર્ષ તમે કર્યા, ફળ અમને મળ્યા,
એ જ આપનો જીવન મંત્ર હતો, લઈ શું ગયા તમે, આપી ઘણું ગયા,
અમને જીંદગીના ઘણા પાઠ શીખવી ગયા તમે...
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

• સ્વ.ઠા.જમનાદાસ જી. રાજાણી
• મુકેશભાઈ જી. રાજાણી • ભરતભાઈ જી. રાજાણી
• ધર્મેન્દ્રભાઈ જી. રાજાણી • વિરેનભાઈ જી. રાજાણી
તથા રાજાણી ગૃપ (પરિવાર) ના જયશ્રી કૃષ્ણ

Charu Pub.



બેસણું



સ્વ. કરશનભાઈ જીવરાજભાઈ કગથરા, ઉ.વ.૮૫

અમારા પિતાશ્રી કરશનભાઈ જીવરાજભાઈ કગથરા ઉ.વ.૮૫ તા.૦૮/૦૫/૨૦૨૫, ગુરુવાર, મોહિની એકાદશીના દિવસે અક્ષરવાશી થયા છે. તેઓનું બેસણું તા.૧૦/૦૫/૨૦૨૫ના રોજ સવારે ૮ થી ૧૦ કલાક સુધી નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : ઉમા સદન, જે.કે.ચોક, યુનિવર્સીટી રોડ પાસે, રાજકોટ

લિ. હરેશ કે. કગથરા વિજય કે. કગથરા
તથા કગથરા પરિવારના જય સ્વામિનારાયણ




### ઘરના ડખ્ખામાં વચ્ચે પડેલા વિક્રમ વાઘેલા પર હથોડાથી હુમલો

રાજકોટ, તા.૯

શહેરના મોટામવા પાછળ રુચિ સોસાયટીની બાજુમાં ઝૂંપડપટ્ટીમાં રહેતો અને બકરા ચરવવાનું કામ કરતો વિક્રમ વીરજી વાઘેલા (ઉં.વ.૩૦) ગઈકાલે સાંજે ચાર વાગે ભીમ નગર ચોકમાં આવેલી ખોડીયાર હોટલ પાસે હતો ત્યારે તેના કુટુંબીક સગા રણજીત વાઘેલા તેની તેના ભાઈ વિપુલની પત્ની એટલે કે પોતાની ભાભી તેજલને માર મારતો હોય, વિક્રમ વચ્ચે પડ્યો હતો અને તેજલને માર ન મારવા કહ્યું હતું. ત્યારે ઉશ્કેરાઈને રણજીત વાઘેલા તેની સાથે રહેલ સુરેશ અને રોહિતે હથોડા વરે વિક્રમને માર મારતા વિક્રમને બીજા પહોંચતા તત્કાલ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. રાજકોટ તાલુકા પોલીસે ઇજાગ્રસ્તનું નિવેદન વધુ તપાસ હાથ ધરી છે.

# રણુંજામંદિર પાછળ બનેલા હત્યાની ફરિયાદના બનાવમાં કલમ ૩૦૨માં આરોપીને બિનતહોમત છોડી મુકવા હુકમ

## જુગાર રમતી વખતે તબિયત બગડી પણ રતીગીરીને સારવાર માટે ન જવા દેવાતા મોત નીપજ્યું હતું, જેમાં સંજય ઉર્ફે વિરમ સામે હત્યાનો ગુનો દાખલ. થયો હતો

રાજકોટ, તા.૯

શહેરના કોઠારીયા રોડ, રણુંજામંદિર પાછળ શિવધારા-૨ના મકાનમાં ગંજીપાને જુગાર રમતા હોય તેમાં મરણજનારના પગ પાસે ગંજીપાના રહી જતા આરોપીએ મરણ જનાર સાથે માથાકૂટ કરેલ અને તે માથાકૂટમાં મરણ જનારની તબિયત બગડી ગયેલ હોય અને મરણ જનારને સારવારમાં જવા દીધેલ નહીં અને ગેરકાયદેસર અટકાયત કરી મરણજનારનું મોત નીપજાવવાના કેસમાં આરોપી સંજય ઉર્ફે વિરમ સિંધાભાઈ સાનિયા(ભરવાડ)ને બિન તહોમત છોડી મુકવા સેશન્સ કોર્ટે હુકમ કર્યો હતો. આ કેસની વિગત મુજબ, તા.૨૪-૬-૨૦૨૩ના રોજ ફરિયાદીના પિતા રતીગીરી મોજગીરી આરોપી તથા અન્ય વ્યક્તિઓ સાથે મળી જુગાર રમતા હતા. દરમ્યાન રતીગીરીના પગ પાસેથી ગંજીપાનાના પાના મળી આવેલ. જેથી આરોપીએ જુગાર રમવામાં ચીટીંગ કરવા બાબતે બોલાચાલી કરેલ. આરોપી આવેશમાં આવી જતા મારા મારી કરેલ.



આરોપીના એડવોકેટ કલ્પેશ સાકરીયા, મિલન થોરીયામેર

આરોપીએ જુગારમાં હારેલ રૂ.૨૫૦૦૦ પરત માંગેલ. રતીગીરી ગભરાઈ જતા તબિયત લથડી હતી. અર્ધ બેભાન થઇ ગયા છતાં આરોપીએ સારવારમાં લઈ જવા દીધેલ નહીં. સારવાર ન મળતા રતીગીરીનું મૃત્યુ નીપજ્યું હતું. આજી ડેમ પોલીસે આઈ.પી.સી. કલમ - ૩૦૨, ૩૪૨, ૩૨૩, ૫૦૪ મુજબ ગુનો નોંધેલ. આરોપી સંજય ઉર્ફે વિરમભાઇ સાનિયાની ધરપકડ થઈ હતી. પોલીસે કોર્ટમાં ચાર્જશીટ રજૂ કર્યું હતું. સેશન્સ કોર્ટમાં આરોપી પર આઈપીસી ૩૦૨નો ચાર્જ દુર કરવા માટે અરજી કરવામાં આવેલ. આરોપીના વકીલ કલ્પેશ એલ. સાકરીયાએ દલીલ કરી હતી કે, આરોપી પર ખૂનનો આરોપ બનતો નથી. છતાં પોલીસે ખોટી રીતે કલમ ૩૦૨નો આરોપ લગાડેલ છે. પી.એમ.રીપોર્ટમાં હૃદય બંધ થવાના કારણે મૃત્યુ થયેલ હોવાનો ઉલ્લેખ છે. મૃતકના શરીરે ઈજાના કોઈ નિશાન નથી. ત્યારે લાંબી કાયદા વિષયક દલીલ બાદ કોર્ટે આરોપીના વકીલની દલીલોને માન્ય રાખી આરોપીને આઈ.પી.સી. કલમ ૩૦૨ તથા ૫૦૪ ના ગુન્હામાં બિન તહોમત છોડી મુકવાનો હુકમ કર્યો હતો. આ કેસમાં આરોપી તરફે રાજકોટના જાણીતા યુવા એડવોકેટ કલ્પેશ એલ. સાકરીયા, મિલન પી. થોરીયામેર, રવીન એન. સોલંકી, કાનજી સી. શેખ, ભરત બી. ડાકી, લલિત કે. તોલાણી, કુલદીપ એન.મકવાણા, એકતા જે. સુદાણી, ગોપાલ એલ.સાકરીયા રોકાયેલ હતા.

# પરાબજારમાં પૈસા આપવાની ના પાડતા ફ્રૂટના વેપારીને ધારીયા અને છરીના ઘા ઝીંકાયા

## ભગવતીપરામાં રહેતા મૂળ સુરેન્દ્રનગરના ફ્રૂટના ધંધાર્થી રમજાન વોમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો, અજાણ્યા માણસોએ હુમલો કર્યાનું રટણઃ સામાપક્ષે દૂધસાગર રોડ દસ ઓરડીમાં રહેતો અને ફ્રૂટનો વેપાર કરતો અબ્દુલ કાદર પણ રમજાને છરીથી હુમલો કર્યાંના આક્ષેપ સાથે સિવિલ હોસ્પિટલમાં દાખલ થયો'તો

રાજકોટ, તા.૯

શહેરના ધમધમતા વિસ્તાર પરાબજારમાં પૈસા આપવાની ના પાડતા ફ્રૂટના વેપારીને ધારીયા અને છરીના ઘા ઝીંકાયા હતા. ભગવતીપરામાં રહેતા મૂળ સુરેન્દ્રનગરના ફ્રૂટના ધંધાર્થી રમજાન વોમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. સામાપક્ષે દૂધસાગર રોડ દસ ઓરડીમાં રહેતો અને ફ્રૂટનો વેપાર કરતો અબ્દુલ કાદર પણ રમજાને છરીથી હુમલો કર્યાંના આક્ષેપ સાથે સિવિલ હોસ્પિટલમાં દાખલ થયો હતો. આ અંગે એ ડિવિઝન પોલીસે કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

રમજાન હનીફભાઈ વોમ (ઉંમર વર્ષ ૨૫, હાલ રહે. ભગવતીપરા રાજકોટ, મૂળ મિલની ચાલી શેરી નંબર ૩, સુરેન્દ્રનગર)એ આક્ષેપ સાથે જણાવ્યું કે તે ગઈકાલે બપોરે ૩:૩૦ વાગ્યા આસપાસ પરાબજારમાં બેંક ઓફ ઇન્ડિયા વાળા ચોકમાં પોતાની રેકડી રાખીને ફ્રુટનો વેપાર કરતો હતો. ત્યારે એક અજાણ્યો માણસ આવ્યો હતો જેણે પૈસાની માંગણી કરી હતી. જોકે, રમજાને આ વ્યકિતને કહ્યું હતું કે હું કોઈ સાથે પૈસાનો વ્યવહાર કરતો નથી. જેથી ઉશ્કેરાઈને તેની પાસે પૈસા માંગવા આવેલ વ્યક્તિ સહિત તેની સાથે રહેલા અજાણ્યા માણસોએ ધારિયા અને છરીથી હુમલો કરતા હાથે અને શરીરે ઇજા થઈ હતી. રમજાનને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો જ્યાં એ ડિવિઝન પોલીસ છે તેનું નિવેદન નોંધ્યું છે.



સામા પક્ષે અબ્દુલભાઈ હબીબભાઈ કાદર (ઉંમર વર્ષ ૪૮, રહે. દૂધસાગર રોડ, દસ ઓરડી)એ આક્ષેપ કર્યો કે, બપોરે ૩:૩૦ વાગ્યે તેઓ પોતાની ફ્રૂટની રેંકડીએ પરાબજારમાં બેંક ઓફ ઇન્ડિયા વાળા ચોકમાં હતા. ત્યારે રમજાને છરી વડે હુમલો કરતા પગમાં ઈજા થઈ હતી. બપોરે ૩:૩૦ વાગ્યે બનેલા બનાવ બાદ અબ્દુલભાઈ સાંજે છ વાગ્યા આસપાસ હોસ્પિટલમાં દાખલ થયાં હતા. પોલીસે તેનું નિવેદન લેવા પણ તજવીજ કરી હતી.

સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાનઃ સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોનઃ ન્યુઝ રૂમઃ ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબરઃ ૨૪૭૩૯૧૫/૧૬, સર્ક્યુલેશનઃ ૨૪૭૩૯૧૮, ફેક્સઃ ૦૨૮૧-૨૪૭૩૯૨૫ sanjsamachar@gmail.com

# લોકલ પેપ્સીનું ઉત્પાદન કરતી માર્કેટયાર્ડ અને થોરાળાની બે પેઢી પર દરોડા : મોટા જથ્થાનો નાશ

## અરમાન પેપ્સીમાંથી ૯૫૦૦ નંગ, જતીપુરા ટ્રેડીંગમાંથી ૫૪૦૦ નંગ માલ મળી આવ્યો : બાળકો બિમાર પડી જાય એવા માલને સીધો કચરામાં ફેંકતી મનપા : લાયસન્સ પણ ન હતું!






રાજકોટ, તા. ૯

ઉનાળામાં ઠંડા પીણાની બોટલો અને લોકલ બનાવટના પીણાનું ધુમ ઉત્પાદન તથા વેચાણ થઇ રહ્યું છે. તેમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ લોકલ બનાવટની ફુટ પેપ્સીનો બિનઆરોગ્યપ્રદ જથ્થો ફરી મહાપાલિકાની આરોગ્ય અને ફૂડ શાખાએ પકડીને તેનો નાશ કર્યો છે. નવા થોરાળા અને જુના યાર્ડ ખાતેની પેઢીમાં આ દરોડા પાડવામાં આવ્યા હતા.

માર્કેટીંગ યાર્ડ અને થોરાળામાં આવી પ્લાસ્ટિક પેકીંગમાં ફુટ પેપ્સી બનાવતા ધંધાર્થીઓએ ફૂડ લાયસન્સ લીધુ ન હોય તે માટે નોટીસ અપાઇ હતી. તો ખાસ કરીને પછાત વિસ્તારમાં સસ્તી પેપ્સી વેંચીને લોકો અને ખાસ કરીને બાળકોના આરોગ્ય સાથે ચેડા કરવામાં આવતા હોવાનું બહાર આવ્યું છે.

ફૂડ વિભાગે જાહેર કરેલી માહિતી મુજબ સર્વેલન્સ ચેકિંગ દરમિયાન રામનગર શેરી નં.૨, નવા થોરાળા ખાતે આવેલ 'અરમાન પેપ્સી' પેઢીમાં તપાસ કરતા સ્થળ પર સંગ્રહ કરેલ ફુટ પેપ્સી (પેકડ) પર એફએસએસએઆઇ-૨૦૦૬ અન્વયે લેબલિંગ કરાયું ન હતું. ઉપરાંત સ્થળ પર અનહાઈજેનિક કન્ડિશનમાં ઉત્પાદન થતું જોવા મળતા અંદાજીત ૯૫૦૦ નંગ (૬૫૦ લિટર) જથ્થોનો સોલીડ વેસ્ટ વિભાગના વાહનમાં સ્થળ પર નાશ કરાયો હતો. ઉપરાંત પેઢીને સ્થળ પર હાઈજેનિક કન્ડિશન જાળવવા, લેબલિંગ કરવા તથા ફૂડ લાયસન્સ મેળવવા બાબતે નોટીસ અપાઇ હતી.

આ ઉપરાંત જૂના માર્કેટિંગ યાર્ડમાં આરટીઓની બાજુમાં આવેલ 'જતીપુરા ટ્રેડિંગ' પેઢીમાં પણ દરોડો પાડી સંગ્રહ કરેલ ફુટ પેપ્સી (પેકડ) પર લેબલિંગ વગરનો જથ્થો પકડી પાડયો હતો. આ પેઢીમાંથી ૫૪૦૦ નંગ (૪૦૦ લિટર) જથ્થોનો સ્થળ પર નાશ કરવામાં આવ્યો હતો. જયારે પેઢીને સ્થળ પર હાઈજેનિક કન્ડિશન જાળવવા લેબલિંગ કરેલ ખાદ્યચીજોનું વેચાણ કરવા તથા ફૂડ લાયસન્સ મેળવવા બાબતે નોટીસ આપવામાં આવી હતી.

**ચેકીંગ ડ્રાઇવ**

ફૂડ વિભાગની ટીમે જીવરાજ પાર્ક મોદી સ્કૂલવાળો રોડ વિસ્તારમાં ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૨૧ ધંધાર્થીને ત્યાં ૨૧ નમુનાની ચકાસણી કરી છ વેપારીને લાયસન્સ માટે નોટીસ આપી હતી. તેમાં (૧)ક્રિષ્ના પ્રોવિઝન સ્ટોર (૨)પ્રમુખ હેવમોર આઇસ્કીમ (૩)પ્રમુખ માહી દૂધ (૪)ભોલે ખમણ ખીરૂ (૫) શ્રી ખોડિયાર ડેરી ફાર્મ (૬)પટેલ આઇસ્કીમનો સમાવેશ થાય છે.

ઉપરાંત (૭) અન્નપૂર્ણા બેકરી (૮) નીલકંઠ પ્રોવિઝન સ્ટોર (૯) ગાયત્રી સ્ટોર (૧૦)શ્રીજી સુપર સ્ટોર (૧૧)પંજૂરી ફરસાણ (૧૨)ગિરિરાજ ગૃહ ઉદ્યોગ (૧૩)ઉમિયાજી ફરસાણ (૧૪)રીતેશ એન્ટરપ્રાઇઝ (૧૫)પટેલ ફરસાણ (૧૬)ગણેશ પ્રોવિઝન સ્ટોર (૧૭)પટેલ ચીલ પોઈન્ટ (૧૮)ભારત ટી સપ્લાયર્સ (૧૯)માધવ ડેરી ફાર્મ (૨૦)પટેલ પ્રોવિઝન સ્ટોર (૨૧)વૈભવ કોલ્ડ્રિંક્સમાં પણ ચકાસણી કરવામાં આવી હતી.

## માધાપર ચોકડીના ભગવતી કેન્ટીનમાંથી ઓરેન્જ-માઝા પીણાના નમુના લેવાયા

### કિસાનપરા પાસેથી મીનરલ વોટરનું પણ સેમ્પલીંગ કરાયું

રાજકોટ, તા. ૯

ફૂડ વિભાગ દ્વારા માધાપર ચોકડીએ એસ.ટી.ના કંટ્રોલ પોઇન્ટ પર આવેલી કેન્ટીનમાંથી માઝા અને ઓરેન્જ પીણાના નમુના લેવાયા છે. તો વધુ ત્રણ સ્થળેથી મીનરલ વોટરના સેમ્પલ પણ લીધા છે.

માધાપર ચોકડી પાસે એસ.ટી.નો માધાપર કંટ્રોલ પોઇન્ટ આવેલો છે. ત્યાંની ભગવતી કેન્ટીનમાંથી જય બાલાજી મેજીક માઝા અને જય બાલાજી ઓરેન્જ ફ્લેવર કાર્બોનેટેડ વોટરની બોટલના નમુના લીધા હતા. ઉપરાંત કિસાનપરા ચોકના એસએસડીએન ગ્લોબલ ટ્રેડીંગ કંપનીમાંથી નેચર ફીના, લંડન આઇવાળી શેરીમાં ૨-શકિત કોલોનીમાં આવેલ મહાવીર એજન્સીમાંથી બિસ્લેરી વેદિકા હિમાલયન સ્પ્રીંગ મીનરલ વોટર તથા બિસ્લેરી પેકેજડ ડ્રિંકીંગ વોટરના નમુના લઇ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યાનું વિભાગે જણાવ્યું હતું.

# માર્કેટયાર્ડ સતત ત્રીજા દિવસે બંધ

## હરરાજી-વેપાર ચાલુ કરાવવા ચેરમેન-બોર્ડ દ્વારા પ્રયાસ શરૂ થવાના નિર્દેશ

રાજકોટ તા.૯

રાજકોટ માર્કેટ યાર્ડમાં કાચી પડેલી વેપારી પેઢીમાં કમીશન એજન્ટોનાં ફસાયેલા રૂા.૧૭.૧૯ કરોડ રૂપિયા કઢાવવા દબાણ લાવવા આજે સતત ત્રીજા દિવસે યાર્ડ બંધ રહ્યું હતું અને કરોડો રૂપિયાનું ટર્નઓવર ખોરવાયું હતું.

કાચી પડેલી પેઢીના વેપારી હાજર ન થાય અને ચુકવવાની બાહેંધરી ન આપે ત્યાં સુધી હરરાજી સહીતની કામગીરી બંધ રાખવાનું એલાન કમીશન એજન્ટ એસોસીએશને કર્યુ હતુ અને તે અંતર્ગત આજે ત્રીજા દિવસે પણ કોઈ કામકાજ શકય બન્યા ન હતા. કૃષિક્ષેત્રે હાલ ઘઉં, ચણા, તુવેર, ધાણાજીરૂ, રાયડો સહીતની જણસીઓની સિઝન છે તેવા સમયે ખેડુતોનાં માલનુ વેચાણ બંધ હોવાનો ગણગણાટ છે.

કમીશન એજન્ટોએ આ મામલે પોલીસમાં પણ રજુઆત કરી છે જે.કે.કંપનીનાં બીપીન ઢોલરીયા ન પકડાય અથવા હાજર ન થાય અથવા પેમેન્ટની બાહેંધરી ન મળે ત્યાં સુધી કામકાજમાં સામેલ નહિં થવાનો લડાયક મૂડ દર્શાવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે યાર્ડની વર્ષો જુની પેઢી જીરૂના ભાવની ઉથલપાથલથી ખોટના ખાડામાં ઉતરી ગઈ હતી. ૧૪૫ કમીશન એજન્ટોનું ૧૭.૧૯ કરોડનું ટર્નઓવર કર્યા વિના જ સંચાલક ફરાર થઈ ગયા હતા. આ મામલે યાર્ડનાં ચેરમેન જયેશ બોઘરાનો સંપર્ક કરતા તેમણે કહ્યુ કે કમીશન એજન્ટોને વિશ્વાસમાં લઈને વહેલીતકે કામકાજ શરૂ થાય તે માટે પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. મામલો પોલીસમાં પણ પહોંચી જ ગયો ત્યારે વેપારી તૂર્તમાં હાથમાં આવી જશે તેવી આશા છે.

### મીડિયામાં ટીકા થતા..

# 'ઓપરેશન સિંદૂર'ના ટ્રેડમાર્ક માટેની અરજી રિલાયન્સે પાછી ખેંચી

## મેનેજમેન્ટની મંજૂરી વિના જૂનિયરે ટ્રેડમાર્ક માટે અરજી કરેલી: જિયો સ્ટુડિયો




મુંબઈ તા.૯

'ઓપરેશન સિંદૂર' મિશનથી ભારતે પાકિસ્તાનની આતંકી અડ્ડાઓ અને આતંકીઓનો ખાત્મો બોલાવ્યાની ઘટના પર ફિલ્મ બનાવવા નિર્માતાઓમાં હોડ મચી છે ત્યારે ઓપરેશન સિંદૂરનો ટ્રેડમાર્ક મેળવવા રિલાયન્સે કરેલા આવેદનની મીડિયામાં ટિકા થઈ હતી જેના પગલે રિલાયન્સે પોતાનું આવેદન પાછુ ખેંચ્યાની જાહેરાત કરી છે. જિયો સ્ટુડિયોએ આજે સત્તાવાર આ મામલે જાહેરાત કરી છે.

'ઓપરેશન સિંદૂર' મહાવરો આજે ભારતીય સેનાની બહાદૂરીનો પ્રતીક બની ગયો છે.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીના યુનીટ જિયો સ્ટુડિયોએ જણાવ્યું હતું કે ટ્રેડમાર્ક માટેનું આવેદન જૂનિયર વ્યકિત દ્વારા મેનેજમેન્ટની મંજૂરી વિના ફાઈલ કરવામાં આવ્યું હતું. ઓપરેશન સિંદૂર એ ભારતીય સેનાના વાયુદળ દ્વારા આતંકવાદના દૈત્ય સામેની લડાઈ બહાદુરીપૂર્વકની લડાઈ છે.

ઉલ્લેખનીય છે કે 'ઓપરેશન સિંદૂર'ના ટ્રેડમાર્ક માટે મુંબઈના મુકેશ ચેતરામ અગ્રવાલ, નિવૃત ઈન્ડિયન એરફોર્સ ઓફિસર ગ્રુપ કેપ્ટન કમલ સિંહ ઓબેરોય અને દિલ્હીના વકીલ આલોક કોઠારીએ પણ આવેદન કર્યુ હતું.

### સંગ્રહાખોરી-ભાવ વધારો રોકવાના આદેશ વચ્ચે

# ખાદ્યતેલો સતત બીજા દિવસે ઉછળ્યા: સપ્લાયમાં વિઘ્નની શંકાથી રૂા.૧૫ વધ્યા

રાજકોટ તા.૯

ભારત અને પાકિસ્તાન વચ્ચેના યુદ્ધનાં માહોલને કારણે બંદરોની કામગીરી પ્રભાવીત થવાના સંજોગોમાં સપ્લાય અટકવાની ભીતિથી ખાદ્યતેલોમાં એકાએક તેજી થઈ ગઈ છે અને બે દિવસમાં જ ભાવમાં ૪૦ થી ૫૦ રૂપિયાનો ઉછાળો આવી ગયો છે.

ખાદ્યતેલોનાં ભાવો કેટલાંક વખતથી મંદીમા હતા અને વેપારીઓ પણ અકળાયા હતા ત્યારે યુદ્ધના માહોલે તેજી સર્જી દીધી હતી. વેપારીઓનાં કહેવા પ્રમાણે પાકિસ્તાન સાથે હાલત વણસે તો બંદર પરથી સપ્લાય પ્રભાવીત થઈ શકે છે.આ પ્રકારની આશંકા તથા સ્ટોક કરવાનાં માનસથી ભાવ ઉછળ્યા છે જોકે, બંદર પર સપ્લાય હાલ તુર્ત યથાવત છે. એટલે પ્રવર્તમાન તેજી ટકી શકવા વિશે શંકા છે. વિશ્વ બજારોમાં સ્થિરતા છે એટલે તેજી માટે વૈશ્વીક ટેકો પણ મળી શકે તેમ નથી.

આ સિવાય માવઠા-કમોસમી વરસાદને કારણે આવકો-ઉત્પાદનમાં અવરોધ તથા થોડી ઘણી નુકશાનીની પણ અસર છે.

રાજકોટમાં આજે સીંગતેલ નવા ટીનનો ભાવ ૧૫ રૂપિયા વધીને ૨૩૦૦ થી ૨૪૫૦ હતો.ગઈકાલે રૂા.૨૫ વધી ગયા હતા. કપાસીયા તેલ ડબ્બામાં બે દિવસ દરમ્યાન ૩૫ રૂપિયાના ઉછાળા બાદ આજે વધુ ૧૫ રૂપિયા વધીને ૨૨૧૫ થી ૨૨૬૫ થયુ હતું. પામોલીન ડબ્બે બે દિવસમાં ૨૫ રૂપિયા વધીને ૧૯૯૫ થી ૨૦૨૦ હતું.

યુદ્ધના માહોલમાં કૃત્રિમ ભાવ વધારો કે સંગ્રહાખોરી ન થાય તે માટે સરકારે વહીવટી તંત્રને સુચના આપી છે. તેવા સમયે જ ખાદ્યતેલો મોંઘા થઈ ગયા છે.



# કેથોલિક ચર્ચનાં ૨૦૦૦ વર્ષનાં ઈતિહાસમાં પ્રથમવાર અમેરિકી નાગરિક પોપ બન્યા

## પોપ લિયો ૧૪ મીએ પોતાના પ્રથમ શબ્દોમાં આશિર્વાદ આપ્યા-શાંતિ આપની સાથે રહે

વોશીંગ્ટન (અમેરિકા) તા.૯

કેથોલિક ચર્ચનાં ૨૦૦૦ વર્ષનાં જુના ઈતિહાસમાં પહેલીવાર એક અમેરિકી નાગરીક પોપ તરીકે પસંદ કરવામાં આવ્યા છે. કાર્ડીનલ રોબર્ટ પ્રેવોસ્ટન પોપ તરીકે પસંદ કરાયા છે અને તેમણે પોપ લિયો (૧૪ મા)નું નામ અપનાવ્યુ છે. તેઓ અગસ્તિની ધર્મસંઘના સભ્ય છે અને વર્ષો સુધી પેરૂમાં મિશનરી તરીકે કામ કરી ચૂકયા છે. પોપ લીયો ૧૪ માં એ પોતાના પહેલા શબ્દોમાં કહ્યું છે. શાંતિ આપની સાથે હોય.

સિસ્ટીન ચેપલથી જેવો સફેદ ધુમાડો નિકળ્યો વેટિકનનાં સેન્ટ પીટર્સ સ્કવેરમાં મોજુદ હજારો લોકોની ભીડ ખુશીથી ઝુમી ઉઠી હતી. ચર્ચનાં સિનિયર કોર્ડિનલે પરંપરાગત જાહેરાત કરી હતી કે 'ઈફક્ષયળીત ઙફાફ્ળ અર્થાત અમને નવા પોપ મળી ગયા છે.

જાહેરાત સાથે પ્રવોસ્ટે પોપની પારંપારીક લાલ શાલ પહેરીને લોકોને પ્રથમ આર્શીવાદ આપ્યા. શિકાગોમાં જન્મેલ પ્રેવોસ્ટની પાસે પુરૂની નાગરિકતા પણ છે તેઓ વેટિકનમાં બિશન નિયુકિતઓના પ્રમુખ પદ પર કાર્યરત હતા અને માનવામાં આવી રહ્યું છે કે ફ્રાન્સીસ તેમને પોતાના ઉતરાધિકારી માનતા હતા.

### ભારત-પાક.નાં તનાવ વચ્ચે રેલવે એલર્ટ મોડમાં

# જમ્મુ-રાજસ્થાનની ટ્રેનોનાં રૂટ ટાઈમ બદલાયા-અનેક રદ કરાઈ

## રેલવે કર્મીઓને અજાણ્યા કોલથી સાવધ રહેવા સૂચના

નવી દિલ્હી તા.૯

ભારત પાકિસ્તાન વચ્ચે હવાઈ હુમલા દરમ્યાન રેલવે પણ એલર્ટ મોડમાં આવી ગયુ છે.ઉતર-પશ્ચિમ રેલવેએ યાત્રીઓ માટે એક અડવાઈઝરી જાહેર કરી છે. જે મુજબ જમ્મુ-કાશ્મીરની ટ્રેનોનાં ટાઈમ-રૂટ બદલવામાં આવ્યા છે. તો ટ્રેનો રદ કરવામાં આવી છે.



એડવાઈઝરીમાં વધુમાં જણાવ્યું હતું કે સુરક્ષાની દ્રષ્ટિએ અનેક ટ્રેનોને રદ કરવામાં આવી છે.અનેક ટ્રેનો રી-શીડયુલ કરાઈ છે અને અનેકના રૂટ ડાયવર્ટ કરાયા છે.

રેલવેએ પેતાના યાત્રીઓને પોતાના યાત્રા કાર્યક્રમોની તપાસ કરવાની અપીલ કરી છે જેથી તેમને અસુવિધા ન થાય.

રેલવેએ આ ઉપરાંત પોતાના બધા રેલવે કર્મીઓને સુરક્ષાના નિર્દેશ આપ્યા છે.રેલવેએ કહ્યું છે કે કર્મચારી અજાણ્યા નંબરથી આવતા કોલ્સથી સાવધ રહે.

### બે દિવસમાં ભારતીય સેનાએ પાકની હવા કાઢી

# "ભીખ માંગવાનું શરૂ": પાકિસ્તાને વિશ્વને કહ્યું અમને ભારે નુકશાન, લોન આપો

## પાકિસ્તાનના સરકારના સત્તાવાર ટ્વિટર હેન્ડલથી વિશ્વ પાસે હાથ લંબાવ્યો : સ્ટોક માર્કેટ પડી રહ્યું છે, ભારે અફરાતફરી છે, ભારતનો હુમલો રોકવા મદદ કરો




ન્યુ દિલ્હી : ૨૨ એપ્રિલના પહેલગામ આતંકી હુમલા બાદ ૬-૭ મેના રોજ ભારત દ્વારા પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરના આતંકી ઠેકાણાઓ પર ભારે હુમલા કરી તમામ આંતકી કેમ્પ ધ્વસ્ત કરાયા હતા. આ સાથે પાકિસ્તાને ગઈકાલે પોતાની નાપાક હરકત કરી અને જમ્મુ જેવા શાંત શહેર અને રહેણાંક વિસ્તારો પર હુમલો કરવાનું ચાલુ કર્યું. ભારતે આ પેહલા ફકત અને ફકત આતંકી ઠેકાણા પર જ હુમલા કર્યા હતા. પાકિસ્તાનની નાપાક હરકત થી ભારતે જડબાતોડ જવાબ આપવાનું ચાલુ કર્યું અને ચારેય બાજુથી હુમલા કર્યા. ભારતે વળતા પ્રહારમાં લાહોર, ઇસ્લામાબાદ, કરાચી, સિયાલકોટ, મુલતાનમાં હુમલાથી તબાહી મચાવી દીધી. અનેક જગ્યાએ પાકિસ્તાનની એર ડિફેન્સ સિસ્ટમ નષ્ટ કરી દીધી. હવે ફકત બે દિવસમાં જ ભીખ માંગવાનું શરૂ કર્યું છે. પાકિસ્તાનના સત્તાવાર સરકારી ટ્વીટ હેન્ડલ પર લખ્યું "દુશ્મન દ્વારા થયેલા ભારે નુકસાન પછી પાકિસ્તાન સરકારે આંતરરાષ્ટ્રીય ભાગીદારોને વધુ લોન માટે અપીલ કરી છે. વધતા યુદ્ધ અને સ્ટોક કેશ વચ્ચે, અમે આંતરરાષ્ટ્રીય ભાગીદારોને તણાવ ઓછો કરવામાં મદદ કરવા વિનંતી કરીએ છીએ. રાષ્ટ્રને અડગ રહેવા વિનંતી."

### શકોરૂ સંતાડી દીધું

# વિશ્વમાં 'આબરૂ' જતા પાકે કહ્યું, અમારૂ એકાઉન્ટ 'હેક' થયું હતું

## અમારા 'દુશ્મન' એ આવી પોષ્ટ મુકી હોવાનો દાવો




ઈસ્લામાબાદ: ભારત સાથે યુદ્ધ કરવા આવીને 'ભરાઈ' પડેલુ પાકિસ્તાન હવે શસ્ત્રોની નાણાની ભીખ માંગી રહ્યું છે અને તેના આંતરરાષ્ટ્રીય ભાગીદાર રાષ્ટ્રો પાસે મદદ માંગી છે તે ખુલ્લુ થઈ જતા ભોઠા પડેલા પાકે હવે બચાવમાં કહ્યું કે આર્થિક બાબતના વિભાગનું સોશ્યલ મીડીયા પ્લેટફોર્મ એકસનું હેન્ડલ 'હેક' થયું છે. યુદ્ધના કારણે પાકને ભારે નુકશાની સહન કરવી પડશે તેવી સ્થિતિ છે. બાદમાં દાવો કર્યો કે અમારા 'દુશ્મને' આવી પોષ્ટ મુકી હતી. અમારુ એકાઉન્ટ 'હેક' થયુ હતુ અને આ અપીલ પાછી ખેંચી લેવાઈ છે. આમ એક તરફ આજે જ આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળ પાકની 'લોન' અંગે પુનઃ વિચારણા કરવામાં તે સમયે આ સંકોચભરી સ્થિતિ સર્જાઈ છે.

### સાયરનો ગાજતા રહ્યા: હવામાં ધમાકા-રોશની જોવા મળ્યા

# કાશ્મીરથી રાજસ્થાન સરહદો રાતભર ગાજતી રહી

## પાકિસ્તાનના હુમલાને ભરી પીવા માટે ભારત દળોએ ભૂમિથી આકાશનો પહેરો મજબૂત બનાવ્યો

નવી દિલ્હી: ભારતે ત્રાસવાદ સામે કરેલી સર્જીકલ સ્ટ્રાઈકમાં પાકે હવે યુદ્ધ નોતરી લેતા એક તરફ પાક દળોના હુમલાને આકરો વળતો જવાબ આપવામાં આવી રહ્યો છે તો બીજી તરફ જમ્મુ-કાશ્મીરથી રાજસ્થાન અને ગુજરાતની સરહદો પર મહતમ એલર્ટ સાથે પાક હુમલાથી જાનમાલને નુકસાની ન થાય તે નિશ્ચિત કરી લેવામાં આવ્યું છે. ગઈકાલે રાત્રીથી પાકે અનેક મોરચે હવાઈ હુમલા શરૂ કરતા જ તુર્તજ યુદ્ધ કવાયતના ભાગરૂપે બ્લેક આઉટ કરી દેવાયો હતો અને પાકના હુમલાનો વળતો જવાબ શરૂ કરાયો. પંજાબ તથા જમ્મુ-કાશ્મીર એ પાક સાથે સૌથી નજીકની સિમા ધરાવતા હતા અને આ ક્ષેત્રમાં પાકના ડ્રોન મિસાઈલ હુમલાને તોડી પાડવામાં આવી હતી જેમાં અનેક સ્થળોએ પાક મિસાઈલ ડ્રોનના કાટમાળ જોવા મળ્યા હતા. જમ્મુમાં પાકના હુમલાના પ્રારંભમાં જ જળબાતોડ જવાબ આપીને ફકત બે કલાકમાં જ પાકની હવાઈ તાકાતને તોડી પાડવામાં આવી હતી



### પુંછ સહિતની સરહદો પર પાક દળોના તોપમારાનો જવાબ અપાયો: ડ્રોન-મિસાઈલ હુમલા તોડી પડાયા

અને બ્લેક આઉટ પણ હટાવી લેવાયા હતા. રાજસ્થાનના બારમેર સહિતના જીલ્લાઓમાં પાક હુમલાની શકયતાથી અંધારપટ રાખવામાં આવ્યો હતો. તમામ રાજય સરકારોએ પાણી-વિજળી સહિતની સુવિધા જળવાઈ રહે તે નિશ્ચિત કરાતા દેશના સરહદી જીલ્લાઓમાં ઈન્ટરનેટ સેવા હાલ સ્થગીત કરવામાં આવી છે. પંજાબ તથા જમ્મુ-કાશ્મીરમાં શાળા કોલેજો હાલ બંધ રખાયા છે. રાતભર વિસ્ફોટકોના અવાજ આવતા રહ્યા હતા અને ભારતે આ યુદ્ધમાં પાકને ઘસેડવા માટે છેક ઈસ્લામાબાદ સુધી તેની પહોંચ બનાવી લીધી હતી. રાત્રીના ૮થી વહેલી સવારે ૪.૩૦ સુધી આ પરીસ્થિતિ રહી હતી. ભારત સરકારે મધરાતે જ ધડાધડ આદેશોથી પાકનો કુપ્રચાર કરતા ૮૦૦૦થી વધુ સોશ્યલ મીડીયા હેન્ડલ સસ્પેન્ડ કરવા આદેશ આપ્યો હતો તો ઓટીટી સહિતના પ્લેટફોર્મ પર પાક કન્ટેન્ટ સાથેના તમામ કાર્યક્રમો પણ બંધ કરવા આદેશ અપાયા હતા. બીજી તરફ પાક દળોએ પુંચ, રાજૌરી અને જમ્મુ-કાશ્મીરમાં સીમા ક્ષેત્રમાં ભારે તોપમારો અને ગોળીબાર ચાલુ રાખ્યો હતો અને તેના કારણે ગ્રામીણ ક્ષેત્રમાં લોકોને રાતભર સલામત રાખવા માટે ભારતીય સેનાએ વળતો જવાબ આપ્યો હતો. રાજસ્થાનના જેસલમેરમાં પાક હુમલાના ખબર બાદ એલર્ટ જાહેર કરાયુ છે.

# મુંબઈની શેરીઓમાં બાળકો સાથે ક્રિકેટ રમતો જોવા મળ્યો જોસ બટલર



મુંબઈ ઇન્ડિયન્સ સામે IPL મેચ રમવા મુંબઈ આવેલા ઇંગ્લેન્ડના ભૂતપૂર્વ કેપ્ટન જોસ બટલરનો એક વિડીયો સોશિયલ મીડિયા પર ખૂબ જ વાઇરલ થયો છે. ગુજરાત ટાઈટન્સના વિકેટકીપર-બેટર જોસ બટલરે પોતાના સોશિયલ મીડિયામાં એક વીડિયો શેર કર્યો છે. જેમાં તે મુંબઈની શેરીઓમાં ત્યાંના નાના બાળકો સાથે ક્રિકેટ રમતો જોવા મળ્યો હતો. લાકડી વડે ક્રિકેટ રમતો બટલર જ્યારે બોલ રમી ન શક્યો ત્યારે બાળકો ખુશીથી ઝૂમી ઊઠ્યા હતા.

## રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૩૦૦-૨૩૫૦ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૨૫૦-૨૩૦૦ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૨૨૧૫-૨૨૬૫ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૨૧૬૫-૨૨૧૫ |
| પામોલીયન તેલ | ૨૦૦૦-૨૦૦૫ |
| મસ્ટર્ડ તેલ | ૨૦૦૦-૨૦૩૦ |
| સનફ્લાવર તેલ | ૨૦૫૦-૨૦૮૦ |
| મકાઇ તેલ | ૧૯૭૦-૧૯૯૦ |
| વનસ્પતિ ઘી | ૨૨૦૦-૨૨૨૦ |
| કોપરેલ | ૩૯૫૦-૪૦૦૦ |
| દિવેલ | ૨૧૩૦-૨૧૪૦ |



### સોનુ-ચાંદી

| સોનુ (૧૦ ગ્રામ) |
|---|
| ૯૯૭૦૦(-૨૦૦) |

| ચાંદી |
|---|
| ૯૮૪૦૦(+૯૦૦) |

### આંતરરાષ્ટ્રીય સ્તરે સૌ પાકની છટપટાહટ જુએ છે કોઈ મદદ માટે આવશે નહી

# વેલડન ઈન્ડીયા; પાક પુરી રીતે 'છટકા'માં આવી ગયું

## દિલ્હીમાં રાજનાથ, સૈન્ય વડાઓ સાથેની બેઠકમાં સૌના ચહેરા પર સ્મિતઃ ભારત ઠંડા કલેજે કામ લઈ રહ્યુ છે

## વડાપ્રધાન મોદીના આંતરરાષ્ટ્રીય સંબંધો 'કામ' કરી ગયાઃ ગૃહમંત્રી અમીત શાહે ઘરઆંગણે મોરચો સંભાળી લીધો

### વિદેશમંત્રી એસ.જયશંકરે વિદેશી સરકારો સાથે 'લાઈવ' સંપર્ક કરી પાકને ખુલ્લુ પાડી દીધુ

નવી દિલ્હીઃ 'ઓપરેશન સિંદુર'માં પાક કબ્જાના કાશ્મીરમાં જે રીતે ત્રાસવાદી તાલીમ કેમ્પોનો સફાયો કર્યો અને ૯૦થી ૧૦૦ ત્રાસવાદીઓને ખત્મ કર્યા બાદ છેલ્લા ૨૪ કલાકથી વઇ સમયથી ભારત-પાક દળો વચ્ચે જે યુદ્ધ જેવી સ્થિતિ છે. તે વચ્ચે હવે દિલ્હીમાં ઉચ્ચ કક્ષાની બેઠકોનો દોર છે. ભારતે સ્પષ્ટ જાહેર કર્યુ છે કે ઓપરેશન સિંદુર ચાલુ જ રહેશે. દિલ્હીમાં સંરક્ષણ-ગૃહ મંત્રાલય અને સેનાના 'વોર રૂમ'માં બેઠકો ચાલુ છે. આ વચ્ચે સંરક્ષણમંત્રી શ્રી રાજનાથસિંઘ, ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ અનિલ ચૌહાણ, ચીફ ઓફ આર્મી જનરલ ઉપેન્દ્ર દ્વીવેદી, એરમાર્શલ એ.પી.સિંઘ અને નૌકાદળના વડા એડમીરલ દિનેશ ત્રિપાઠી તે પરીસ્થિતિની ચર્ચા કરી હતી તથા આગામી સમયના આયોજનની ચર્ચા કરી હતી. યુદ્ધ જેવી સ્થિતિ અને હજુ પરીસ્થિતિ વણસી શકે છે તેવા ભારેખમ વાતાવરણ વચ્ચે પણ જે રીતે દિલ્હીમાં સરકાર ઠંડા કલેજે પરીસ્થિતિ સંભાળી રહી છે તથા સંરક્ષણમંત્રી અને સૈન્યની ત્રણેય પાંખના વડાઓ વચ્ચે બેઠકો ચાલુ છે. તેમાં સૌ રીલેકસ દેખાય છે. જેના મારફત એ સંદેશો મોકલવામાં આવી રહ્યો છે. ભારત સલામત છે. પરીસ્થિતિ પુરેપુરી રીતે ભારતના કંટ્રોલમાં છે અને કોઈ ગભરાહટની જરૂર નથી.

આ બેઠકમાં શ્રી રાજનાથસિંઘે છેલ્લા ૨૪ કલાકની પરીસ્થિતિની પરીક્ષા કરી હતી. બીજી તરફ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર વચ્ચે બેઠકોનો દોર ચાલુ છે અને રાજનાથસિંઘ દરેક પરીસ્થિતિની માહિતી વડાપ્રધાન સુધી પહોંચાડે છે તો કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમીત શાહ બીએસએફ સહિતના



**રક્ષા મંત્રી રાજનાથ સિંહ અને ભારતીય સુરક્ષાદળોના વડા સાથેની બેઠકમાં તમામના ચહેરા પર સ્મિત કહે છે**
**ભારત પાકિસ્તાનને મજબૂતીથી કચડી રહ્યું છે** આજે દિલ્હીમાં યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં ટોચના અધિકારીઓ પર આત્મવિશ્વાસ અને ભારતીય લશ્કરી કાર્યવાહીથી સંતોષ દેખાયો.

### દેશને સંદેશઃ ભારત સુરક્ષિત છે, તેનું નેતૃત્વ સતર્ક છે, અને ચિંતા કરવાનું કોઈ કારણ નથી

### નાણામંત્રી નિર્મલા સીતારામન પાકનો 'કટોરો' ખાલી જ રહે તે નિશ્ચિત કરી રહ્યા છે

અર્ધલશ્કરી દળો તથા અન્ય પ્રાદેશિક સેનાઓ વચ્ચે સંકલન કરીને આવશ્યક આદેશો આપી રહ્યા છે અને વિદેશમંત્રી શ્રી એસ.જયશંકર વિદેશ મોરચો સંભાળી રહ્યા છે. તેઓ દુનિયા વચ્ચે રાષ્ટ્રવડાઓ અને વિદેશમંત્રીઓ સાથે લાઈવ સંપર્કમાં રહીને ભારતનો પક્ષ મજબૂત કરે છે.

નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામન આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળ સહિતની સંસ્થાઓ પાસે પાક જે રીતે કટોરો લઈને ફરે છે તેમાં પાકને કોઈ મદદ ન મળે તે નિશ્ચિત કરે છે. યુદ્ધનો સતાવાર જાહેરાત પુર્વે જ જે રીતે ભારતે પાકના હવાઈ હુમલાને મારી હટાવ્યો અને એરડિફેન્સ સીસ્ટમની તાકાત બતાવી તે મહત્વનું સાબીત થયું છે. ભૂમીદળ અને નૌકાદળ તેની પુરી તાકાતથી પાક સામે આવ્યુ નથી પણ લાંબા સમયથી જે રીતે ભારતે ધીમા પગલે આ દિવસોની તૈયારી કરી હતી ત ભાગ્યે જ પાકને ખ્યાલ આવ્યો હતો. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના આંતરરાષ્ટ્રીય સંબંધો અત્યારે સૌથી વધુ મહત્વપૂર્ણ સાબીત થઈ રહ્યા છે અને કોઈ દેશ પાકનો હાથ પકડવા તૈયાર નથી. ભારતીય સૈન્યએ પહેલા ઓપરેશન સિંદુર ખુબજ મર્યાદીત હેતુ સાથે રાખ્યુ અને પાકના સૈન્ય મથકોને 'કોરા' રાખીને ત્રાસવાદીઓને ટાર્ગેટ કર્યા પછી પાકેજ સામેથી મુશ્કેલી નોતરી લીધી અને ભારતને જવાબ આપવાની ચેષ્ટા કરી તેના માટે હવે આફત પુરવાર થઈ છે. આમ પાકિસ્તાન પુરી રીતે ભારતના છટકામાં આવી ગયુ છે અને હવે તેને બહાર નિકળવાનો માર્ગ કોણ શોધી આપશે તે પ્રશ્ન છે.

## ભારતના અર્ધ લશ્કરી દળના રાજકોટના જવાન ગણેશ સાતિયાને ફરજ પર તાત્કાલિક પાછા બોલાવ્યા

### છેલ્લા ૪ વર્ષથી અર્ધ લશ્કરી દળમાં ફરજ પરઃ એક મહિના પહેલા જ વતન પરત આવ્યા હતા




રાજકોટ, તા.૯

પહેલગામ હુમલા બાદ પકિસ્તાનની નાપાક હરક્તને લઈને હાલમાં ભારત પાકિસ્તાન વચ્ચે યુધ્ધનો માહોલ છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે સરહદી તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે અને સુરક્ષાની સ્થિતિ અત્યંત ગંભીર બની છે.

ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવભરી સ્થિતિને લઇને જે પણ વિભાગો આ પરિસ્થિતિ હેઠળ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પ્રભાવિત થાય તેમ છે તેવા વિભાગોના કર્મચારીઓને તેમજ અર્ધ લશ્કરી દળમાં ફરજ બજાવતા જવાનોનો હાલ તાત્કાલિક હાજર થવા માટે જે તે વિભાગના વડાઓ દ્વારા આદેશો આપવામાં આવ્યા છે. ત્યારે રાજકોટમાં છેલ્લા ૧૦ વર્ષથી રહેતા અને ૪ વર્ષથી ભારતના અર્ધ લશ્કરી દળમાં સેવા આપતા જવાન ગણેશ સાતિયાને ફરી ફરજ પર હાજર થવા માટે અર્ધ લશ્કરી દળના વડા પાસેથી આદેશ આવ્યા છે. 'સાંજ સમાચાર' સાથેની વાતચીત દરમ્યાન ગણેશ સાતિયાએ જણાવ્યું હતું કે, તેઓ છેલ્લા ૪ વર્ષથી ભારતના અર્ધ લશ્કરી દળમાં ફરજ બજાવી રહ્યા છે. હાલ તેઓની પોસ્ટિંગ તેલંગાણામાં છતીસગઢની બોર્ડર પાસે છે. હાલ આ યુધ્ધની પરિસ્થિતિને ધ્યાને લઈને અમારા દળના જવાનોને ફરજ પર તાત્કાલિક હાજર થવા આદેશ આપવામાં આવ્યા છે. આ તકે ગણેશ સાતિયાએ સોશિયલ મીડિયા પર ટ્વીટ કર્યું હતું કે, બે દિવસ પહેલા મહિના દિવસની છૂટી લઈને ઘરે આવ્યો હતો. પણ આજે માં ભારતી ના રખોપા માટે હાકલ પડી છે એટલે છૂટી રદ કરવામાં આવી છે. આ રૂડો અવસર પામવાનો મને મોકો મળ્યો છે, દુશ્મનને ધૂળમાં ધમરોળી નાખવાનો વખત આવી ગયો છે. માવડીના આશીર્વાદ સાથે લઈને નીકળી ગયા છીએ.

## શેરબજારમાં ૯૦૦ પોઈન્ટનો કડાકોઃ સેન્સેક્સ ૮૦,૦૦૦ તથા નિફ્ટી ૨૪૦૦૦ની અંદર

### હેવીવેઈટ સહિત તમામ ક્ષેત્રોનાં શેરોમાં ગાબડા

રાજકોટ તા.૯

પાકિસ્તાન સાથે વકરતા તનાવ વચ્ચે શેરબજારમાં આજે મંદીનું મોજુ ફરી વળ્યુ હતું. સેન્સેકસમાં ૯૦૦ પોઈન્ટનો કડાકો સર્જાયો હતો. મોટાભાગનાં ક્ષેત્રોનાં શેરોમાં ગાબડા પડયા હતા.શેરબજારમાં આજે શરૂઆત જ નબળા ટોને થઈ હતી. ભારત-પાક વચ્ચે ગઈરાત્રે શ્રેણીબદ્ધ સામસામા હુમલા થયાના રિપોર્ટથી સાવચેતી હતી. નફારૂપી વેચવાલી હતી. નવા લેણમાં સાવચેતી હતી. વિદેશી સંસ્થાઓની સતત ખરીદી જેવા કારણો પણ મંદીને અટકાવી શકયા ન હતા. જાણીતા શેરબ્રોકરોનાં કહેવા પ્રમાણે ભારત-પાક ટેન્શનમાં કેવા વળાંક આવે છે તેના પર મીટ માંડવામાં આવતી હતી.

મુંબઈ શેરબજારનો સેન્સીટીવ ઈન્ડેકસ ૮૯૮ પોઈન્ટ ગગડરને ૭૯૪૩૬ હતો તે ઉંચામાં ૮૦૦૩૨ તથા નીચામાં ૭૮૯૬૯ હતો.નેશનલ સ્ટોક એકસચેંજનો નીફ્ટી ૨૬૪ પોઈન્ટ તુટીને ૨૪૦૦૯ હતો તે ઉંચામાં ૨૪૧૬૪ તથા નીચામાં ૨૩૯૩૫ હતો..

મુખ્ય શેરોમાં એકસીસ બેંક, બજાજ ફાઈનાન્સ, ભારતી એરટેલ, એચડીએફસી બેંક, હિન્દ લીવર, આઈસીઆઈસીઆઈ બેંક, ઈન્ફોસીસ, મારૂતી, નેસલે, એનટીપીસી, પાવરગ્રીડ રીલાયન્સ, ટીસીએસમાં ઉછાળો હતો.

## રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દોભલ સતત સક્રીય

### વડાપ્રધાન નિવાસે બેઠકોમાં હાજરી



નવી દિલ્હીઃ ભારત અને પાક વચ્ચે યુદ્ધ જેવી સ્થિતિ વચ્ચે દિલ્હીમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીને સતત બ્રીફીંગ કરાઈ રહ્યું છે. તે વચ્ચે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર શ્રી અજીત દોભલ મહત્વપૂર્ણ રીતે કામગીરી બજાવી રહ્યો છે. તેઓ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ગૃહમંત્રી શ્રી અમીત શાહ અને સંરક્ષણમંત્રી શ્રી રાજનાથસિંહ સાથે સતત બેઠકો યોજીને સરકારની નીતિઓનું અમલીકરણ અત્યંત સરળતાથી થાય. પાકની એક એક ચાલનો જવાબ મળે તે નિશ્ચિત કરે છે. તેઓ આજે સવારે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીને મળ્યા હતા. બાદમાં શ્રી અમીત શાહને મળવા પહોંચ્યા હતા અને બાદમાં રાષ્ટ્રીય સુરક્ષા સહિતના તેના ડેપ્યુટીઓને પણ ખાસ સૂચના આપી હતી.

## જરૂરી આવશ્યક દવાઓનો પુરવઠો જાળવવા આરોગ્યમંત્રી જે.પી.નડ્ડાનો આદેશ

### દવા કંપનીઓ સાથે સંકલનની સૂચના



નવી દિલ્હી તા.૯

ભારત-પાક તનાવ માટે કેન્દ્રના આરોગ્યમંત્રી શ્રી જે.પી.નડ્ડાએ આજે એક ઉચ્ચ કક્ષાની બેઠક યોજી હતી તથા કટોકટીના સમયમાં દવાઓના આવશ્યક પુરવઠો જળવાઈ રહે તે તાકીદ કરી છે. શ્રી નડ્ડાએ આ માટે ડ્રગ કંટ્રોલ ઓથોરિટીને તમામ ફાર્મા કંપનીઓનો સંપર્ક કરીને તેમની સાથે બજારમાં તથા સૈન્ય સહિતના દળોને જરૂરી દવા, મેડીકલ સાધનો અને અન્ય પુરવઠો મળી રહે તે જોવા જણાવ્યુ છે અને આ અંગે રાજય સરકારોની સાથે પણ સંપર્કમાં રહેવા આદેશ આપ્યા હતા.

## ગુજરાતમાં ૧૫ મે સુધી ફટાકડા અને ડ્રોન પર પ્રતિબંધ : હર્ષ સંઘવી

**છેલ્લા સમાચાર**

### ભારત પાકિસ્તાન વચ્ચે ચાલતા તનાવને લઈને નિર્ણય લેવાયો

રાજકોટ : ભારત પાકિસ્તાન વચ્ચે છેલ્લા બે દિવસથી ચાલતા યુદ્ધ જેવા વાતાવરણ અને તણાવને લઈને રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય લીધો છે. ગૃહ મંત્રી હર્ષ સંઘવીએ ટ્વીટ કરતા જણાવ્યું છે કે આગામી ૧૫ મે સુધીમાં રાજ્યમાં કોઈ પણ પ્રસંગ કે સમારોહ માટે ડ્રોન ઉડાડવા કે ફટાકડા ફોડવાની મંજૂરી નહીં મળે, તેથી સૌને સહકાર આપશો અને માર્ગદશિકાનું પાલન કરશો. તેથી આગામી ૧૫ સુધી ફટાકડા ફોડવા પર અને ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ મુકાયો છે. ફટાકડા કોઈ પણ સમયે ફાયરિંગ હોય તેમ ગભરાટ ઊભી કરી શકે છે અને ડ્રોન પણ સુરક્ષા એજન્સીને એલર્ટ કરી દે છે તેથી બંને પર પ્રતિબંધ મુકાયો છે.

### બહાર ભારતની, અંદર ખુદના સાંસદની પાક.પીએમ પર સ્ટ્રાઈક!

## અમારો વડાપ્રધાન જ કાયર છે, મોદીનું નામ લેતા થરથર કાંપે છેઃ પાક. સંસદમાં શરીફના આબરૂના ધજાગરા

### ઈમરાનખાનની પાર્ટી સાંસદ શાહીદે શાહબાઝ મોદીને સિંહ, શરીફને શિયાળ ગણાવ્યો

### આખરે આ લોકોએ ઈમરાનખાનને હજુ જેલમાં કેમ રાખ્યો છેઃ પાક.સંસદ

ઈસ્લામાબાદ (પાકિસ્તાન) તા.૯

'ઓપરેશન સિંદુર'એકશનથી હાલ પાકિસ્તાન ભારતના હાથે ખોખરૂ થઈ રહ્યું છે. ત્યાં પાકિસ્તાનમાં વડાપ્રધાન શાહબાઝ શરીફ પર અંદરથી માર પડી રહ્યો છે. આજે પાકિસ્તાનની સંસદમાં જંગને લઈને ડિબેટમાં ઈમરાનખાનની પાર્ટીનાં સાંસદ શાહીદ અહેમદે શાહબાઝ શરીફ પર વાર કરીને કહ્યું હતું અમારો વડાપ્રધાન જ કાયર છે. મોદીનું નામ લેતા જ તે થરથર કાંપે છે. શાહબાઝ શરીફની સરકાર શિયાળ છે.

સાંસદ શાહીદ ટીપુ સુલતાનના એક કથનનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે જો એક લશ્કરનો સરદાર જો સિંહ હોય તો તેની સેનામાં શિયાળ હોય તો તે પણ સિંહની જેમ જંગ લડતા હોય છે, પણ જો નેતૃત્વ શિયાળના હાથમાં હોય તો સિંહોનો પણ દમ ઘટી જાય છે. જયારે આપણા નેતા અને વડાપ્રધાન બુઝદીર (કાયર) હોય તો આપ પ્રજાને શું સંદેશો આપશો.આપણી પાસે એવો નેતા છે જે પોતાના ભાષણમાં મોદીનું નામ પણ નથી લઈ શકતો.

કારણ કે તેના ધંધાદારી સબંધો છે નવાઝ શરીફનું તો ભારત માટે એક પણ નિવેદન પણ નથી આવ્યું.

ઈમરાનખાનના નજીકનાં સાંસદે કહ્યું હતું કે સીમા પર જે પ્રકારની હાલત છે તેને લઈને કહેવામાં આવે છે કે આપણે બહાદુરીથી લડવુ પડશે મારૂ કહેવુ છે કે આખરે એ કોણ લોકો છે જેમણે પોતાનાં સ્વાર્થ માટે ઈમરાનખાન જેવા નેતાને કેદ કરી રાખ્યો છે. અમે તેમને ઈમરાનખાન મળવા ગયા ત્યારે પરમીશન નહોતી મળી.

સાંસદે પીએમ પર કટાક્ષ કરતા કહ્યું હતું કે જંગ થશે તો અમે જ સાથ આપશુ. કારણ કે અમારે જ અહી રહેવાનું છે તમારા લોકોનાં તો યુરોપ અને યુએઈમાં ઘરો છે. સાંસદ ઈમરાનખાનને જેલમાંથી બહાર કાઢવાની માંગ કરી હતી.

## મહેન્દ્રસિંઘ ધોની પાકિસ્તાન સામેના યુદ્ધમાં જોડાશે?

### સરકારે પ્રાદેશિક સેનાના જવાનોને પણ ફરજ પર હાજર થઈ જવા આદેશ આપ્યો

નવી દિલ્હી તા.૯



પાકિસ્તાન સાથેના તનાવ વચ્ચે એક તરફ ભારતીય સેના અને અર્ધલશ્કરી દળો પુરી રીતે એકશનમાં છે તે વચ્ચે કેન્દ્ર સરકારે તમામ ટેરેટરીયલ ફોર્સ એટલે કે પ્રાદેશિક દળોને પણ હવે તાત્કાલીક ફરજ પર હાજર થઈ જવા આદેશ આપ્યો છે અને જરૂર પડયે તેમને યુદ્ધમાં પણ જોડી શકાશે. સરકારના આદેશના ભાગરૂપે અંદાજે ૧.૬૦ લાખ જવાનો હવે ફરજ પર આવશે. ૪૦ હજાર જવાનો હાલ કાશ્મીર સહિતના મોરચે ફરજ બજાવી રહ્યા છે. સરકારના આદેશથી ટીમ ઈન્ડીયાના પુર્વ કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીને પણ સૈન્ય ફરજમાં હાજર થવુ પડે તેવા સંકેત છે. ધોની ભારતીય પ્રાદેશિક સેનાનો કર્નલ છે અને તેણે અલગ અલગ રીતે ત્રણ વર્ષ સેનામાં તાલીમ લીધી છે અને હવે તેના માટે ખરેખર ડયુટીનો સમય આવી ગયો છે.

## યુદ્ધના સાચા-ખોટા સમાચાર આડેધડ ફોરવર્ડ કરવાથી બચો : નાજુક સ્થિતિમાં સંયમ જરૂરી

### ઉતાવળથી ભય પણ ફેલાઈ શકે : પીઆઈબીએ ફરી લોકોને અપીલ કરી







રાજકોટ, તા. ૯

ભારત અને પાકિસ્તાન વચ્ચે હાલ યુધ્ધ જેવો માહોલ છે. સ્થિતિ નાજુક છે અને દેશની સુરક્ષાનો સવાલ છે. આ સંજોગોમાં વોટસએપ સહિતના સોશ્યલ મીડિયા પર ફેલાવવામાં આવતા આડેધડ મેસેજ ફોરવર્ડ કરવામાં લોકો સંયમ રાખે તે સમયની માંગ છે. સરકારે પણ ફરી સોશ્યલ મીડિયા પરના મેસેજ ખરાઇ કર્યા વગર ફોરવર્ડ ન કરવા જનતાને ફરી અપીલ કરી છે.

હાલ ત્રણ દિવસથી તનાવ ભર્યો માહોલ છે. આ સંજોગોમાં સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર ખુબ મેસેજ આવે છે. અલગ અલગ ગ્રુપમાં યુધ્ધને લગતા સમાચારના મેસેજના ઢગલા થાય છે. પરંતુ આ મેસેજ અને સમાચાર કયાં પ્લેટફોર્મ, કઇ સંસ્થામાંથી આવે છે તે ચકાસવાની આજના સંજોગોમાં ખુબ જરૂર છે. ખરાઇ કરતા પહેલા ઉતાવળમાં કે કોઇ હરીફાઇમાં મેસેજ ફોરવર્ડ થઇ જાય તો અનેક પ્રકારની ગેરસમજણ અને ભય પણ ફેલાઇ શકે છે. આથી વિશ્વાસ પાત્ર મીડિયા સ્ત્રોતમાંથી આવેલા સમાચારને જ સત્ય ગણવા જોઇએ. કેટલાક જુના વિડીયો, વિડીયો ગેમના દ્રશ્યો, ટેન્ક અને એરક્રાફ્ટના એકશન મિકસ કરીને પણ માહિતી સાથે ચેડા કરવામાં આવી રહ્યા છે.

સરકાર પોતે પણ જુદા જુદા પ્લેટફોર્મ પરથી સત્તાવાર માહિતી જાહેર કરે છે. આજે ફરી ભારત સરકારના પ્રેસ ઇન્ફોર્મેશન બ્યુરો (પીઆઇબી)એ નાગરિકોને આડેધડ મેસેજ ફોરવર્ડ ન કરવા અને ગેરસમજણ કે ભય ફેલાય તે પ્રકારે માહિતીનો પ્રચાર-પ્રસાર ન કરવા જાહેર અપીલ કરી છે. સાથે જ સશસ્ત્ર દળો સંબંધીત કોઇ શંકાસ્પદ કન્ટેન્ટ મળે તો તેની પીઆઇબીને જાણ કરવા પણ અપીલ કરી છે.

### સુખોઇ ક્રેશ, એટીએમ બંધ રહેવા, વિડીયો ગેમના ખોટા મેસેજ યુધ્ધના નામે વાયરલ

રાજકોટ, તા. ૯ : સોશ્યલ મીડિયા પર કેટલાક કેવા પ્રકારના ખોટા અને બેજવાબદાર મેસેજ આવતા રહે છે તેના અમુક પ્રસંગ ચર્ચાસ્પદ અને ટીકાને પાત્ર પણ બન્યા છે. એક મેસેજમાં પાકિસ્તાની સોશ્યલ મીડિયા હેન્ડલર્સ એવો દાવો કરે છે કે મુઝફ્ફરાબાદમાં સુખોઇ વિમાન એસયુ-૩૦ એમકેઆઇ તોડી પડાયુ છે અને એક ભારતીય પાયલોટ પકડાયો છે પરંતુ આ પ્લેન ૨૦૧૪માં પુણે અહેમદનગર હાઇવે પર ક્રેશ થયું હતું. અન્ય એક મેસેજમાં એટીએમ બે-ત્રણ દિવસ બંધ રહેવાની વાતો ઘણા લોકો ફેલાવે છે જોકે જાગૃત લોકોએ તુરંત વોટસએપમાં જ રદીયા આપ્યા હતા કારણ કે સરકાર કે બેંકોએ કોઇ જાહેરાત કરી નથી. મલ્ટીપલ લોન્ચ રોકેટ સિસ્ટમ બતાવતો એક વિડીયો ભારત પર પાકિસ્તાની હુમલા તરીકે શેર કરવામાં આવી રહ્યો છે. ખરેખર આ વિડીયો ગેમનું એક દ્રશ્ય છે અને ત્રણ વર્ષથી તે ઓનલાઇન છે. ખરેખર વર્તમાન સ્થિતિ સાથે તેને કઇ લાગતુ વળગતું નથી.

પૂંછ જિલ્લામાં પાકે ધાર્મિક સ્થળોને નિશાન બનાવ્યા

# ઉરીના એ ૭૨ કલાકોઃ પાકિસ્તાને વસાહત ક્ષેત્રો નિશાન બનાવ્યાઃ અનેક મકાનો ધ્વસ્ત

પાક.ની નાપાક હરકત સામે સ્થાનિક મસ્જિદો-મદરેસાઓની પાક સેવાઓ- વિસ્થાપિતો માટે ધર્મ-જાતના ભેદભાવ વિના દ્વાર ખોલી નખાયાઃ ઘાયલો માટે રક્તદાન કરાયુંઃ પાક.ની ગોળાબારી બાદ પહેલગામમાંથી લોકોનું પલાયન






ઉરી (જમ્મુ-કાશ્મીર) તા.૯ ઓપરેશન સિંદુરથી પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપનાર ભારતથી ઉશ્કેરાયેલા પાકિસ્તાને એલઓસી પર આવેલા ઉરીમાં ભારે ગોળા બારુદ છોડયા હતા તો પુંછ જિલ્લામાં પણ ગોળીબારી કરી ધાર્મિક સ્થળોને નિશાન બનાવાયા હતા. ભારતીય સેનાએ પણ પાક.ની કાર્યવાહીનો જોરદાર જવાબ આપ્યો હતો.

ઉત્તર કાશ્મીરમાં ઉરીના નોપોરા ગામમાં ગુરુવારે સવારે સન્નાટો હતો. તૂટેલી છતો, વિખેરાયેલા કાટમાળ વચ્ચે અહીના લોકોએ રાત પસાર કરી હતી. ૨૨ વર્ષનો તાહિરે કહ્યું હતું કે હું શ્રીનગરમાં સેલ્સમેન છું. ખૂબ જ મહેનતથી ઘર બનાવ્યું હતું. હવે બધુ ખતમ થઈ ગયું. હવે પરિવાર કયાં રહેશે સમજમાં નથી આવતું.

ઉરીનો વિસ્તાર હંમેશા સીમા પાસ હોવાના કારણે સંવેદનશીલ રહ્યો છે.

મંગળવાર સુધી ઉરીની ગલીઓમાં ચહલ-પહલ હતી. બાળકો સ્કુલે જતા હતા. ક્રિકેટ રમતા હતા પરંતુ બુધવારે વહેલી સવારે બધું બદલાઈ ગયું. ૭૫ વર્ષના ગુલામ હસન પોતાના દોહિત્રો સાથે રાતભર બંકરમાં રાત્રે ૨ વાગ્યે મોર્ટાર આવ્યું. ઘર હલી ગયું. ત્રણ ઘર પુરી રીતે તબાહ થઈ ગયા. અમે અનેક વાર બંકરની માંગ કરી હતી પણ ૨૦૦૩ના સીઝફાયર બાદ બધું શાંત થઈ ગયું અને માંગો પણ થંભી ગઈ હતી. બુધવારે સવારે આખો પરિવાર બારામુલા ભાગી ગયો. આવી ભીષણ ગોળાબારી કયારેય નથી જોઈ.

પુંછ જિલ્લામાં ધાર્મિક સ્થળોને નિશાન બનાવાયાઃ પુંછ જિલ્લામાં ભારે ગોળાબારીને લઈને રહ્યા હતા. તેમણે જણાવ્યું હતુ કે આખી રાત ગોળાના અવાજો આવતા રહ્યા, લાગે છે કે હવે નહીં બચીએ. તાહિરને બુધવારે મોડી રાત્રે ભાઈ સાહિલનો ફોન આવ્યો હતો. ભારે ગોળાબારી થઈ રહી છે.

પડોશી અબ્દુલકયુમ મીર (ઉ.૫૨) ગુરુવારે પશુઓને જોવા પાછો ફર્યો હતો. તેણે જણાવ્યું કે જામિયા મિયા-ઉલ-ઉલુમ સ્કુલ, પુંછના ઉપ-પ્રધાનાચાર્યે જણાવ્યું હતું કે અગાઉ જયારે આવું થતું હતું ત્યારે આવી હાલત થતી હતી ત્યારે અમારો વિસ્તાર સુરક્ષિત રહેતો હતો પણ હવે મોટી સંખ્યામાં લોકોના જીવ ગયા છે. ધાર્મિક સ્થળોને પણ નિશાન બનાવવામાં આવી રહ્યા છે.

પુંછ જિલ્લામાં ભારે ગોળાબારીથી ગુરુદ્વારામાં સેવા કરી રહેલ અમરિકસિંહ કે જે એક રાગી પણ હતા તે માર્યા ગયા હતા તે પોતાના ઘરમાં બનેલી દુકાનમાં હતા ત્યારે એક દારુગોળો આવીને પડતા તેનો જીવ ગયો હતો. એક દારૂગોળો ગુરુદ્વારામાં પણ પડયો હતો પણ ત્યારે ત્યાં કાંઈ નહોતું. હવે લોકો મોટી સંખ્યામાં આ વિસ્તારને છોડીને પલાયન કરી રહ્યા છે.

મુસ્લિમ ધર્મગુરુએ કહ્યું- વિસ્થાપિતો માટે મસ્જિદના દ્વાર ખુલાઃ જમ્મુમાં મુસ્લિમ ધર્મગુરુ મુફતી સમીર અહમદે જણાવ્યું હતું કે સીમાવર્તી વિસ્તારોમાં વિસ્થાપિત લોકો માટે જમ્મુ-કાશ્મીર ક્ષેત્રની મસ્જીદો અને મદરેસાઓના દરવાજા ખુલ્લા છે.

બીજી બાજુ પાકિસ્તાની ગોળાબારીમાં ઘાયલ લોકો માટે મરકજ-ઉલ-મારિફ મદરેસામાં રકતદાન શિબિર લગાવાઈ હતી જેમાં મુફતી અમીર સહિત ડઝનબંધ યુવાનોએ ભાગ લીધો હતો. મુફતીએ જણાવ્યું હતું કે તેમની સંસ્થા ધર્મ, નીતિથી પર રહીને બધાની મદદ કરવા તૈયાર છે. દરમિયાન જામિયા જિયાઉલ-ઈસ્લામ સંસ્થાને પણ ૫૦ વિસ્થાપિતોને આશ્રય આપ્યો છે.

અમેરિકાએ ભારત-પાક વચ્ચે દરમ્યાનગીરીની 'ના' કહી

## અમો હુમલા રોકવા ભારતને કહી શકીએ નહીઃ અણુયુદ્ધ ન થાય તે જ આશાઃ જે.ડી.વેન્સ

### અમેરિકી ઉપરાષ્ટ્રપતિ એ પાકને 'નિરાશ' કર્યુ



વોશિંગ્ટનઃ ભારત સાથેના યુદ્ધમાં સતત પાકિસ્તાનને ઉગારવામાં મહત્વની ભૂમિકા ભજવનાર અમેરિકાએ પણ હવે બદલાયેલી જીયો પોલીટીકસ સ્થિતિમાં પાકિસ્તાનની મદદે જવા કે હુમલા રોકવા ભારત પર દબાણ લાવવાનો ઈન્કાર કરી દીધો છે. અમેરિકાના પ્રમુખ શ્રી જે.ડી.વેન્સે એક મુલાકાતમાં કહ્યું કે ભારત-પાક વચ્ચે અમો લડવા માંગતા નથી અને અમારુ તે કામ પણ નથી. વેન્સે કહ્યું કે અમો હુમલા રોકવા ભારતને કહીશુ નહી. અમો ફકત બન્ને દેશોને તેનો તનાવ ઘટાડવા કહી શકીએ છીએ અને ભારતને કંટ્રોલ પણ કરવા માંગતા નથી. તેઓએ એક ચિંતા દર્શાવતા કહ્યું કે અમો આશા રાખીએ કે અણુયુદ્ધ નહી થાય. તેમણે ફોકસ ન્યુઝને એક મુલાકાતમાં કહ્યું કે મુળભૂત રીતે આ અમારુ કામ નથી. અમેરિકાનું આ વલણ રસપ્રદ છે. ૧૯૭૧, ૧૯૯૯ના ભારત-પાક યુદ્ધ સમયે અમેરિકાએ જ પાકિસ્તાનને સતત મદદ કરી હતી અને બન્ને દેશો વચ્ચે યુદ્ધ વિરામ કરાવ્યો હતો.

૧૯૯૯માં કારગીલમાં પાક સૈન્યને સલામત પરત જવા દેવા માટે ભારતને અમેરિકાએ દબાણ લાવ્યુ હતું પણ પ્રથમ વખત આ રીતે પાકિસ્તાન માટે હવે બચાવની આખરી તક પણ રહી નથી. અગાઉ ટ્રમ્પ-વન શાસન સમયે ભારતથી બાલાકોટ સર્જીકલ સ્ટ્રાઈક બાદ જે રીતે ભારતીય હવાઈદળના પાઈલોટ વિંગ કમાન્ડર અભિનંદન પાકિસ્તાનની હાથમાં જઈ પડયો તે સમયે પ્રમુખ ટ્રમ્પના દબાણથી તેને ૨૪ કલાકમાં મુક્ત કરવા પાકને ફરજ પડી હતી.

સાંજ સમાચાર
Sanj Samachar News channel
WhatsApp channel
ભારત પાકિસ્તાન યુદ્ધના સમાચારનું વિશેષ કવરેજ
માટે આજે જ જોડાવ.
આ ઉપરાંત દેશ વિદેશની પળેપળની ખબર અને લેટેસ્ટ સમાચાર માટે સાંજ સમાચાર ન્યૂઝ ચેનલ

૧૯૭૧ બાદ પ્રથમ વખત ભારતીય નૌકાદળે ફરી પાકના બંદરને ટાર્ગેટ કર્યું

## INS વિક્રાંતનો કરાચી બંદર પર હુમલો

### ભારતના શક્તિશાળી વિમાન વાહક જહાજ ફ્રિગેટ કોલકતાએ આગ વરસાવીઃ પાકને ઓપરેશન 'ગાઝી' યાદ કરાવ્યુઃ તબાહી



નવી દિલ્હીઃ પાકિસ્તાન દ્વારા ભારત પર કરવામાં આવેલા આક્રમણનો જવાબ આપવા ભારતની સેનાની ત્રણેય પાંખોએ તમામ તાકાતથી હવે વળતો જવાબ આપવાનું શરૂ કર્યુ છે. જેમાં મહત્વપૂર્ણ રીતે ૧૯૭૧ના યુદ્ધમાં ટર્નીંગ પોઈન્ટ બનનાર કરાચી પરના આક્રમણમાં હવે એ જ દ્રશ્યો વધુ ક્ષમતાવાળા યુદ્ધ જહાજ સમુદ્રી એકશનમાં આવી ગયા છે અને ૧૯૭૧ બાદ પ્રથમ વખત ભારતીય નૌકાદળે તેના વિમાન ધારક જહાજ આઈ.એન.એસ. વિક્રાંતને અરબી સમુદ્રમાં રવાના કર્યુ હતું અને પાકના વિદેશ વ્યાપારના હબ સમાન કરાચી બંદર પર જોરદાર હુમલો કર્યો હતો તથા પાકના બંદરને અત્યંત ખરાબ રીતે તોડી પાડયું હતું. યુદ્ધ જહાજ આઈ.એન.એસ. વિક્રાંત તેની તેના કાફલાની ફ્રિગેટ આઈએનએસ કોલકતાને એકશનમાં મુકી છે. જેના પરથી કરાચી બંદર પર મિસાઈલ દાગવામાં આવી હતી અને કરાચી બંદરનો મહત્વનો ભાગ તોડી પાડવામાં આવ્યો હતો તથા હવે આ ક્ષેત્રની નાકાબંધી પણ શરૂ થઈ છે. જેથી વ્યાપારી સહિતના જહાજોને આ ક્ષેત્રથી દુર જ રહેવાની ચેતવણી આપવામાં આવી છે. ભારતીય હવાઈદળએ પાક પર જે રીતે કહેર વરસાવ્યો તેવી સ્થિતિ નૌકાદળે કરાચીમાં કરી છે.

## તનાવના વાતાવરણમાં સરહદી જીલ્લાઓમાં કેવી તૈયારી? કલેકટરો-પોલીસવડા સાથે મુખ્યમંત્રીની બેઠક

### દુરસંચાર સાધનોથી માંડીને આવશ્યક ચીજોના સ્ટોક સહિતના મુદ્દે સમીક્ષા




મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભારત-પાકિસ્તાન વચ્ચે સર્જાયેલા તંગદિલીના પ્રવર્તમાન વાતાવરણમાં સરહદી રાજ્ય તરીકે ગુજરાતની સતર્કતા અને સજ્જતાની સમીક્ષા ગાંધીનગરમાં ઉચ્ચસ્તરીય બેઠક યોજીને કરી હતી.

મુખ્યમંત્રીએ ગુજરાતમાં પાકિસ્તાન સાથે દરિયાઈ, જમીની અને હવાઈ સીમાથી જોડાયેલા જિલ્લાઓને હાઈએલર્ટ પર મૂકવામાં આવેલા છે તે સંદર્ભમાં વહીવટી તંત્ર, પોલીસ અને અન્ય વરિષ્ઠ જિલ્લા અધિકારીઓ પાસેથી તેમના જિલ્લામાં હાથ ધરાઇ રહેલી સુરક્ષા-સલામતીની આગોતરી વ્યવસ્થાની વિગતો પણ વિડીયો કોન્ફરન્સ દ્વારા મેળવી હતી.

મુખ્યમંત્રી શુક્રવારે સવારે ગાંધીનગરના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર પહોંચ્યા હતા અને ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી અને મુખ્યસચિવ પંકજ જોષીની ઉપસ્થિતિમાં સરહદી વિસ્તાર ના કચ્છ અને બનાસકાંઠા તથા પાટણ અને જામનગર જિલ્લાઓ સહિત રાજ્યની એકંદર સ્થિતિની ઝીણવટપૂર્વક માહિતી મેળવી હતી.

તેમણે ખાસ કરીને પ્રવર્તમાન સ્થિતિમાં બધા જિલ્લાઓના કંટ્રોલરૂમ અને ઇમરજન્સી ઓપરેશન સેન્ટર સતત કાર્યરત રહે તે માટેના સ્પષ્ટ દિશાનિર્દેશો આપ્યા હતા.

**વડાપ્રધાન મોદીએ મુખ્યમંત્રી સાથે વાત કરીઃ તૈયારીની વિગતો મેળવી**

પાકિસ્તાન સાથે યુદ્ધનાં માહોલથી ગુજરાતનાં કચ્છ સહિતના સરહદી જીલ્લાઓમાં હાઈએલર્ટ છે. ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે ટેલીફોનીક વાતચીત કરી હતી. સરહદી જીલ્લાઓમાં સુરક્ષા તૈયારી વ્યવસ્થાની વિગતોથી વાકેફ થયા હતા અને માર્ગદર્શન આપ્યુ હતું. વડાપ્રધાને કચ્છ, બનાસકાંઠા, પાટણ તથા જામનગર જેવા સંવેદનશીલ સરહદી જીલ્લાઓમાં નાગરિકોની સુરક્ષા માટે સરકાર દ્વારા લેવાયેલા પગલાની પણ વિગતો મેળવી હતી.

મુખ્યમંત્રીએ આપાત કાલીન સ્થિતિમાં સંપર્ક જળવાઈ રહે તે માટે હોટલાઇન, સેટેલાઈટ ફોન જેવા દૂરસંચાર અને સંપર્કના વૈકલ્પિક માધ્યમોની ચકાસણી કરી લેવાની પણ તાકીદ કરી હતી.

મુખ્યમંત્રીએ હાલની તનાવપૂર્ણ સ્થિતિમાં સંબંધિત જિલ્લાઓના સરહદી ગામોના ઈવેક્યુએશન પ્લાન કાર્યરત કરવા સાથોસાથ નાગરિક સંરક્ષણની સજ્જતા, સુરક્ષિત સ્થાનો-સેઈફ હાઉસની ઓળખ તેમજ પાણી, ખોરાક અને અન્ય સંસાધનોની પર્યાપ્ત ઉપલબ્ધિ સુનિશ્ચિત કરવા પણ બેઠકમાં સૂચનાઓ આપી હતી.

નાગરિકોને આવશ્યક વસ્તુઓનો અને પેટ્રોલ-ડીઝલ જેવા ફયુઅલનો પુરવઠો મેળવવામાં કોઈ તકલીફ ન રહે તે માટે સંબંધિત જિલ્લા અને તંત્ર વાહકોને આ જથ્થા નો પૂરતો સંગ્રહ તકેદારીના ભાગરૂપે કરી લેવા પણ મુખ્યમંત્રીએ સૂચનો કર્યા હતા.

આરોગ્ય વિભાગ અને વાહન વ્યવહાર વિભાગ પણ પૂરી વ્યવસ્થાઓ અને મેન પાવર સાથે કોઈ પણ વિકટ સ્થિતિ ને પહોંચી વળવા સજ્જ રહે તેવા નિર્દેશો પણ મુખ્યમંત્રીએ આ સમીક્ષા બેઠકમાં આપ્યા હતા.

સંવેદનશીલ વિસ્તારોની ઓળખ કરી લેવા તેમજ મોબાઈલાઈઝેશન અને ચેતવણી માટેની વ્યવસ્થા ચકાસી લેવાની સ્પષ્ટ સૂચનાઓ પણ મુખ્યમંત્રીએ જિલ્લાના વડાઓને આપી હતી.

તેમણે લોકોમાં ખોટો ભય કે દહેશત ન ફેલાય અને અફવાઓથી લોકો ગેરમાર્ગે ન દોરાય તે માટે લોકજાગૃતિ અભિયાન શરૂ કરવા પણ સૂચવ્યું હતું. લોકોને પણ સરકાર ના વિવિધ વિભાગોના અધિકૃત સોશીયલ મીડિયા પ્લેટફોર્મ પર આપવામાં આવતી સત્તાવાર માહિતી અને સમાચારો અને સૂચનાઓ પર ધ્યાન આપવાનો તેમણે અનુરોધ કર્યો હતો.

## 'મુસાફરો સમય કરતા ત્રણ કલાક વહેલા એરપોર્ટ પહોંચે, ચેક-ઇન કાઉન્ટર ૭૫ મિનિટ પહેલા બંધ કરાશે' : તમામ એરલાઇન્સે એડવાઇઝરી જાહેર કરી

### તમામ એરપોર્ટ જે હાલ કાર્યરત છે તેના પર સુરક્ષા વધારી દેવાઈ : મુસાફરોએ બે વખત સુરક્ષા તપાસમાંથી પસાર થવું પડશે : દેશના હાલ ૨૬ એરપોર્ટ બંધ છે





ન્યુ દિલ્હી : ૨૨ એપ્રિલના રોજ થયેલ પહેલગામમાં આતંકવાદી હુમલાનો બદલો લેવા માટે ભારતીય સશસ્ત્ર દળોએ પાકિસ્તાન અને પીઓકેમાં આતંકવાદી ઠેકાણાઓ પર શરૂ કરેલા ઓપરેશન સિંદૂર પછી ભારત અને પાકિસ્તાન વચ્ચે વધતા તણાવ વચ્ચે, ભારતીય એરપોર્ટને હાઇ એલર્ટ પર રાખવામાં આવ્યા છે. બધી એરલાઇન્સે મુસાફરો માટે મુસાફરી એડવાઇઝરી જાહેર કરી છે. તેમાંથી એક મહત્વપૂર્ણ એ છે કે મુસાફરોને બે વાર સુરક્ષા તપાસમાંથી પસાર થવું પડશે.

**એર ઇન્ડિયા અને સ્પાઇસ જેટઃ**

''બ્યુરો ઓફ સિવિલ એવિએશન સિક્યુરિટી દ્વારા એરપોર્ટ પર વધારાના પગલાં અંગેના આદેશને ધ્યાનમાં રાખીને, ભારતભરના મુસાફરોને સુનિશ્ચિત પ્રસ્થાનના ઓછામાં ઓછા ત્રણ કલાક પહેલાં પોતપોતાના એરપોર્ટ પર પહોંચવાની સલાહ આપવામાં આવે છે જેથી ચેક-ઇન અને બોર્ડિંગ સરળ બને,'' એર ઇન્ડિયા અને સ્પાઇસ જેટએ એક નિવેદનમાં જણાવ્યું હતું, અને ઉમેર્યું હતું કે ''ચેક-ઇન કાઉન્ટર પ્રસ્થાનના ૭૫ મિનિટ પહેલા બંધ થાય છે''.

**ઇન્ડિગોની મુસાફરી અપડેટ :**

ઇન્ડિગોએ મુસાફરોને એરપોર્ટ પર વહેલા પહોંચવા અને સુરક્ષા તપાસ માટે વધારાનો સમય આપવા વિનંતી પણ કરી છે.

''આ અસાધારણ સમયમાં, બધા એરપોર્ટ પર સુરક્ષાના કડક પગલાં લેવામાં આવી રહ્યા છે. અમે તમને વિનંતી કરીએ છીએ કે સુરક્ષા તપાસ અને ઔપચારિકતાઓને સમાયોજિત કરવા માટે તમારી મુસાફરી માટે થોડો વધારાનો સમય આપો. અમે તમારી સમજણ અને સહકારની પ્રશંસા કરીએ છીએ,'' ઇન્ડિગોએ ઠ પર લખ્યું. એક અલગ નિવેદનમાં, એરલાઇને જણાવ્યું હતું કે ૮ મેના રોજ અથવા તે પહેલાં કેટલાક એરપોર્ટથી કરવામાં આવેલ બુકિંગ પર ફેરફાર અથવા રદ કરવાની ફી માફી મળશે. આ છે - શ્રીનગર, જમ્મુ, અમૃતસર, લેહ, ચંદીગઢ, ધર્મશાળા, બિકાનેર, જોધપુર, કિશનગઢ, રાજકોટ.

**'ઓનલાઈન ચેક-ઈન કરો, માન્ય આઈડી સાથે રાખો': અકાસા એર**

એર ઇન્ડિયા અને ઇન્ડિગોની જેમ, અકાસા એર દ્વારા પણ તેના મુસાફરો માટે મુસાફરી સલાહકાર જારી કરવામાં આવ્યો હતો. જ્યારે તેણે મુસાફરોને તેમના નિર્ધારિત પ્રસ્થાનના ત્રણ કલાક પહેલા પહોંચવા વિનંતી કરી હતી, ત્યારે તેણે મુસાફરોને સમય બચાવવા માટે ઓનલાઈન ચેક-ઇન કરવા પણ વિનંતી કરી હતી.

''ભારતભરના તમામ એરપોર્ટ પર સુરક્ષાના પગલાં વધારવાને કારણે, અમે તમને વિનંતી કરીએ છીએ કે તમે પ્રસ્થાનના ઓછામાં ઓછા ૩ કલાક પહેલા એરપોર્ટ પર પહોંચો, જેથી ચેક-ઇન અને બોર્ડિંગનો અનુભવ સરળ બને,'' અકાસા એરએ એક નિવેદનમાં જણાવ્યું હતું.

તેમાં ઉમેર્યું હતું કે, ''કૃપા કરીને ખાતરી કરો કે તમે એરપોર્ટ પર પ્રવેશ માટે માન્ય સરકાર-મંજૂર ફોટો ઓળખ દસ્તાવેજો સાથે રાખો છો. તમારા ચેક-ઇન સામાન ઉપરાંત, ૭ કિલો સુધીના વજનવાળા ફક્ત ૧ હેન્ડબેગને મંજૂરી આપવામાં આવશે.''

## ભારતે POK માં રઉફને ખત્મ કરતા અમેરિકા પણ ખુશઃ ડેનિયલ પર્લનો હત્યારો હતો

### ૨૦૦૨માં રઉફે જ પર્લનુ સર-તન-સે જુદા હત્યા કરી હતી



વોશિંગ્ટનઃ ભારતે પાક. કબ્જાના કાશ્મીરમાં જે રીતે 'ઓપરેશન સિંદુર' સર્જીકલ સ્ટ્રાઈક કરી અને જૈશ-એ-મોહમ્મદના અઝહર મસૂદના ત્રાસવાદી ભાઈ રઉફ અઝહરને પણ ખત્મ કર્યા તેનાથી અમેરિકા અને ઈઝરાયેલ પણ ખુશ છે. રઉફ અઝહર અગાઉ અમેરિકી પત્રકાર ડેનિયલ પર્લની હત્યારો છે. અમેરિકાએ જસ્ટીસ ડિલીવર્ડ એવું લખી આ કાર્યવાહીની પ્રશંસા કરી હતી. ૨૦૦૨માં પાકમાં એક હત્યાકાંડમાં અમેરિકી અખબાર વોલ સ્ટ્રીટ જર્નલના પત્રકાર ડેનિયલ પર્લને સર-તન-સે જુદા માથુ કાપીને નિર્મમ હત્યા કરવામાં આવી હતી. આ હત્યાએ દુનિયાને ખળભળાવી દીધી હતી અને રઉફ અઝહર આ હત્યાનો માસ્ટર માઈન્ડ હતો અને તે પાકમાં સલામત રહેતો હતો. હવે ભારતે રઉફને ખત્મ કર્યા તેથી અમેરિકા ઉપરાંત ઈઝરાયેલ પણ ખુશ છે અને ભારતની પ્રશંસા કરી રહ્યા છે.

## ત્રણ બોર્ડર ચેક પોસ્ટ પર બીટીંગ સ્ટ્રીટ બંધ

નવી દિલ્હીઃ સીમા સુરક્ષા દળે પાકિસ્તાન સીમા પર લાગેલી ત્રણેય ચેક પોસ્ટ પર બીટીંગ રિટ્રીટ આગામી આદેશ સુધી બંધ રાખવાનો નિર્ણય લીધો છે. એક નિવેદનમાં બીએસએફએ આ જાણકારી આપી છે. નિવેદન મુજબ લોકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને વાઘા, હુસેનવાલા અને સાદકી ચેકપોસ્ટ પર આગામી આદેશ સુધી બીટીંગ રિટ્રીટ સમારોહ આયોજીત નહીં કરાય. જો કે સૂર્યાસ્ત સમયે ભારતીય ધ્વજને ઉતારવાની પ્રક્રિયા ચાલુ રહેશે. પાકિસ્તાનના આતંકી ઠેકાણાઓ પર ભારતના ઓપરેશન સિંદુરના એક દિવસ બાદ બીએસએફએ આ નિર્ણય લીધો છે.

## ભારત-પાકિસ્તાનના સંઘર્ષને લઈને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સની પરીક્ષાઓ હાલ મોકુફ

### સીએની પરીક્ષાઓ તા. ૯ થી ૧૪ મે દરમિયાન લેવાનાર હતી, નવી તારીખ હવે પછી જાહેર થશે



નવી દિલ્હી, તા. ૯

પહેલગામ આતંકી હુમલા બાદ ભારત-પાકિસ્તાન હાલ ચાલી રહેલી એરસ્ટ્રાઇક, ક્રોસ બોર્ડર પર ફાયરીંગના કારણે સીએની પરીક્ષાઓ હાલ મોકુફ રાખવામાં આવી છે. આ પરીક્ષાઓ ૯ મેથી ૧૪ મે દરમિયાન યોજાનાર હતી.

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસની ફાઇનલ ઇન્ટરમિડિયેટ પોસ્ટ કવોલિફિકેશન કોર્સ પરીક્ષાઓના શિડયુલ યોજાયા હતા.

હાલ ભારત અને પાકિસ્તાન વચ્ચે તનાવનો માહોલ છે ત્યારે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ફાઇનલ, ઇન્ટરમીડિયેટ અને પોસ્ટ કવોલિફિકેશન કોર્સ એકઝામિનેશન ઈન્ટરનેશનલ ટેકસેસન-એએસમેન્ટ ટેસ્ટ (આઇએનટીટી)ની મે ૯ થી ૧૪ દરમિયાન યોજાનારી પરીક્ષાઓ પોસ્ટ પોન્ડ કરવામાં આવી છે. તેમાં આઇસીએઆઇની યાદીમાં જણાવાયુ છે.

આઇસીએઆઇએ વધુમાં જણાવાયુ છે કે નવી તારીખ હવે પછી જાહેર થશે. ઉમેદવારોને સલાહ છે કે તેઓ ઇન્સ્ટીટયુટની વેબસાઇટના સંપર્કમાં રહે.

# રવિવારે સદ્‌ગુરૂ આશ્રમનો ૮૦માં વર્ષમાં મંગલ પ્રવેશઃ નીજ મંદિર હોલમાં સમૂહ આરતી

રાજકોટ તા.૯

સદ્‌ગુરૂદેવ પૂ.શ્રી રણછોડદાસજી બાપુ દ્વારા તા.૧૧-૫-૧૯૪૬માં સંસ્થાપિત સદગુરૂ સદન (પૂ. શ્રી રણછોડદાસજી બાપુ આશ્રમ)નો આગામી તા.૧૧મીના રવિવારે સ્થાપના દિન છે. આશ્રમ ૭૯ વર્ષ પૂર્ણ કરીને ૮૦માં વર્ષમાં મંગલ પ્રવેશ કરશે. માનવ સેવાની જયોત હંમેશા પ્રજવલ્લીત રહે, તથા રામનામનો પ્રચાર થાય તે ઉદ્દેશ સાથે આશ્રમની સ્થાપના થઈ હતી અને આજે પણ વિરાટ વૃક્ષ બનીને સેવા કાર્યો થઈ રહ્યા છે.




અત્યાર સુધીમાં ભારતના અલગ અલગ રાજયો જેવા કે બિહાર, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, ઓરિસ્સામાં નિઃશુલ્ક નેત્રયજ્ઞ મહા શિબિરના આયોજનો થયા છે.

આજે પણ આશ્રમ દ્વારા ગરીબ અને નિઃસહાય લોકોને ટિફિન સેવા, ગરીબ દત્તક બાળકોની ભોજન સેવા, ગૌ સેવા તથા નેત્રયમ સેવા થકી માનવ સેવાની જયોત પ્રજવલ્લીત છે.

**ધાર્મિક કાર્યક્રમ**

સદગુરૂ આશ્રમના ૮૦માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે તા.૧૧ના રવિવારે નીજ મંદિર હોલમાં સવારે નવ વાગે ૮૦ આરતીના દિવ્ય શણગાર સાથે સમૂહ આરતી કરાશે તથા સાંજે આશ્રમને દીવડાઓનો ઝગમગાટ કરવામાં આવશે તેમ મેનેજીંગ ટ્રસ્ટી પ્રવીણભાઈ વસાણીએ જણાવેલ છે.





# યુનિ.રોડ જૈન સંઘમાં શાસન સ્થાપના દિન ઉચ્ચાર્યા

આજે વીરપ્રભુના શાસન સ્થાપના દિન નિમિતે યુનિ.રોડ જૈન સંઘમાં સાધ્વીજી ભગવંત શ્રી ધ્યાનરસાશ્રીજી મ. આદિ ઠાણા-૨ની નિશ્રામાં શાસન ધ્વજારોહણ તથા ગુરુપૂજન કરવામાં આવેલ. શાસનધ્વજ તથા ગુરુપૂજનનો લાભ ભારતીબેન જશવંતભાઈ શાહ (હ.ડો. પ્રતીકભાઈ શાહ) પરિવારે લીધો હતો. આ પ્રસંગે સંઘ પ્રમુખ અનિશભાઈ વાધર, ઉમેશભાઈ શેઠ સહિતના સંઘના ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. ઉપરોક્ત તસ્વીર કાર્યક્રમની છે.

# સોમવારે ગોંડલ સ્થા.જૈન સંપ્રના આદ્યસ્થાપક પૂ.ડુંગરસિંહજી સ્વામીની ૨૦૫મી પુણ્યતિથિઃ વંદના

રાજકોટ,તા.૯

ગોંડલ સંપ્રદાયના સાધુ - સાધ્વીજીઓ ગોંડલથી લઈને ગાંધીનગર અરે ! છેક વાઘા બોર્ડર સુધી જૈન ધર્મનો જય જયકાર કર્યો છે તેના બીજ જેઓએ રોપ્યા છે તે મહા પુરુષ એટલે પૂ.ડુંગરસિંહજી મ.સા.આગામી વૈશાખ સુદ પૂનમના રોજ તેઓની ૨૦૫ મી પૂણ્ય તિથી સમગ્ર દેશમાં તપ - ત્યાગ સાથે ઉજવાશે. વિ.સં.૧૭૯૨ માં માંગરોળની પાવન ભૂમિ ઉપર સંસ્કાર સંપન્ના રત્નકુક્ષિણી માતા હીરબાઈ તથા ધર્મ નિષ્ઠ પ્રેમાળ પિતા કમળસિંહભાઈ બદાણી પરીવારના ખાનદાન ખોરડે કોહીનૂર અને કમળ જેવા એક ભૂલકાનું અવતરણ થયું. માતાએ સ્વપનમાં લીલોછમ પર્વત સાથે કેસરી સિંહને નજદીક આવતા નિહાળેલ તેથી જન્મ થનાર બાલૂડાનું નામ " ડુંગરસિંહ " રાખ્યું. ચાર - ચાર બહેન અને બે ભાઈઓ સહિતના વિશાળ પરીવારમા આ બાળકનો લાડકોડથી ઉછેર થયો.

જિન શાસનના અણમોલ રત્ન સમાન પૂ.ગુરુદેવ રત્નચંદ્રજી મ.સાહેબ " માનવ ભવની પ્રત્યેક ક્ષણ અમૂલ્ય છે,સંસારમાં રહીને દૂલેભ ભવને વેડફશો નહીં." વૈરાગ્ય સભર પ્રવચન સાંભળી આ યુવાનમાં ટર્નીંગ પોંઈટ આવ્યો.મનોમન નક્કી કર્યું કે બસ...હવે આ સંસારમાં રહેવું જ નથી.

માવિત્રો તેમજ પરીવારની સવિનય અનુજ્ઞા પ્રાપ્ત કરી વિ.સં.૧૮૧૫ કારતક વદ ૧૦ ના દિવ બંદરની દિવ્ય ભૂમિ ઉપર પૂ.રત્નચંદ્રજી


આચાર્ય ભગવંત નિદ્રા વિજેતા પૂ.ડુંગરસિંહજી મ.સા.ની કાલ્પનિક તસવીર🙏😷🙏

મ.સાહેબ પાસે ભર યુવાન વયે સંયમ ધર્મનો સ્વીકાર કરી બીજો મનોરથ પૂર્ણ કર્યો.ડુંગરસિંહમાથી નૂતન દીક્ષિત પૂ.ડુંગરસિંહજી મ.સા.ઘોષિત થયા. પૂ.ડુંગરસિંહજી મ.સા.ના પગલે - પગલે તેઓના માતુશ્રી હીરબાઈ,બહેન વેલબાઈ,ભાણેજ હીરાચંદભાઈ,ભાણેજી માનકુંવરબહેને જૈન ભાગવતી દીક્ષા અંગીકાર કરી ગોંડલ સંપ્રદાય એવમ્ જિન શાસનમાં ડંકો વગાડી દિધો અને પૂ.ડુંગરસિંહજી મ.સાહેબે તિન્નાણં - તારયાણં અથોત પોતે સંસાર સાગરમાથી તર્યા અને અન્યોને પણ તાર્યા સૂત્રને તેઓએ ચરિતાર્થ કર્યું.પૂ.ડુંગરસિંહજી મ.સાહેબે સતત સાડા પાંચ વર્ષ સુધી નિદ્રાનો ત્યાગ કરી તત્વ જ્ઞાનનો ગહન અભ્યાસ કર્યો.તેઓ કહેતા કે સાધુ બન્યા પછી તપ અને સાધના જ કરવાની હોય. વિ.સં.૧૮૪૫ મહા સુદ પાંચમ ગોંડલ સ્ટેટ ખાતે ગોંડલ સ્થાનકવાસી જૈન સંપ્રદાયની સ્થાપના થઈ.ગોં.સં.ના સંસ્થાપક આચાર્ય તરીકે પૂ.ડુંગરસિંહજી મ.સા.ઘોષિત થયાં.

ચતુર્વિધ સંઘમાં આચાર વિશુધ્ધી લક્ષે વિ.સં.૧૮૬૧ માં પૂ.સાધુ - સાધ્વીજીઓનું સંમેલન કરી નિયમો એટલે કે સમાચારી બનાવી.તેઓ વારંવાર કહેતા કે આચાર્ય એટલે સ્વયં પંચાચારનું પાલન કરે અને ચતુર્વિધ સંઘમાં પાલન કરાવે. સાધુ તો વિચરતા ભલા એ ઉકિત અંનુસાર તેઓ પોરબંદર, દીવબંદર,સૌરાષ્ટ્ર,કચ્છ, કાઠીયાવાડ,ઝાલાવાડ સહિત અનેક ક્ષેત્રોમાં વિચરણ કરી જિન શાસનની આન - બાન અને શાન વધારી.શરીર અટક્યુ ત્યારે ૧૮૭૧ ચૈત્ર સુદ ૧૫ થી ગોંડલમાં શ્રાવકોની વિનંતીને સ્વીકારી સ્થિરવાસ સાથે આત્મ રમણતામાં લાગી ગયાં. તેઓ વિનય,વિવેક,વિચક્ષણતા, કરૂણા,સમય સૂચકતા સહિત અનેક સદ્‌ગુણોના સ્વામી હતા.આચાર્ય ભગવંત પૂ.ડુંગરસિંહજી મ.સા.ની ૨૦૫ મી પૂણ્ય તિથી ગોંડલ સહિત ભારતભરમાં તપ - ત્યાગ પૂર્વક અનંત ઉપકારી આચાર્ય ભગવંતના ગુણોના સ્મરણ સાથે ઉજવવામાં આવશે.


: સંકલન :
મનોજ ડેલીવાળા




# ડેલા રિસોર્ટ એન્ડ એડવેન્ચરે પૂણેમાં રૂા.૧,૧૦૦ કરોડની થીમ આધારિત મેગા ટાઉનશિપ માટે હીરાનંદાની કોમ્યુનિટીનું ક્રિસલા ડેવલપર્સ સાથે જોડાણ

રાજકોટ, તા.૯

આરઈ રોકાણો પર ૯ ટકા સુધીનું વળતર આપવા માટે સજ્જ મુંબઈ, ૮ મે - ભારતના રિયલ એસ્ટેટ ક્ષેત્રે સૌપ્રથમ કહી શકાય તેવી પહેલમાં ડેલા રિસોર્ટ્સ એન્ડ એડવેન્ચરે રૂા. ૧.૧૦૦ કરોડની આવકની સંભાવના સાથે પૂણેમાં એક અભૂતપૂર્વ, રેસકોર્સ થીમ સાથેની મેગા ટાઉનશિપ લોન્ચ કરવા હીરાનંદાની કમ્યૂનિટીઝ અને ક્રિસાલા ડેવલપર્સ સાથે પ્રોપરાઇટરી CDDMOT' મોડલ પર હસ્તાક્ષર કર્યા છે. આ થીમ આધારિત હોસ્પિટાલિટી મોડલ ૯ ટકા સુધીના આરઓઆઈની ઉપજની સંભાવના સાથે રિયલ એસ્ટેટમાં નવો ઇન્વેસ્ટમેન્ટ ક્લાસ રજૂ કરશે. આ મોડલ સુનિશ્ચિત કરે છે કે મૂલ્ય દરખાસ્ત રિયલ એસ્ટેટથી ઘણું આગળ વધે છે અને તે અદ્વિતીય વૈભવ, સમુદાય અને પ્રયોગાત્મક હોસ્પિટાલિટીનું મિશ્રણ ધરાવતી વિશિષ્ટ લાઇફસ્ટાઇલ ઇકોસિસ્ટમ ઊભી કરે છે.પૂણેના ઝડપથી વિકસતા નોર્થ હિંજેવાડીમાં ૪૦ એકરમાં પથરાયેલી આ ટાઉનશિપમાં ૮ એકર રેસકોર્સ અને ઇન્ટરનેશનલ પોલો ક્લબ, ૧૨૮ પ્રાઈવેટ વિલા પ્લોટ્સ, ૧૧૨ રિસોર્ટ પ્રાઈવેટ રેસિડેન્સીસ, ૩૦૦ કી સાથે ૫ સ્ટાર લક્ઝરી રિસોર્ટ, ૯ વેડિંગ ડેસ્ટિનેશન સ્થળો, ૧૨ કોર્પોરેટ અને MICE સ્થળો, એક્સ્ટ્રીમ એડવેન્ચર પાર્ક, ડેલા રેન્જ ગોલ્ફ, વેલનેસ ફેસિલિટીઝ અને ડેલાની સિગ્નેચર ડિઝાઇન ભાવનાઓ દ્વારા રચિત પ્રયોગાત્મક જગ્યાઓ હશે. ટાઉનશિપની કન્ટેમ્પરરી ઓર્ગેનિક અને બ્રિટિશ કોલોનિયલ આર્કિટેક્ચરલ તથા ડિઝાઇન સ્ટાઇલ નવી પેઢીના ઘરમાલિકો તથા રોકાણકારોની સુંદરતા અંગેની પસંદગીઓ સાથે ગહન રીતે જોડાય છે જેઓ પ્રયોગાત્મક જીવન, સ્થિર વળતર તથા લાંબા ગાળે સંપત્તિમાં વૃદ્ધિમાં માને છે.

## ચશ્મા વિસ્તરણ કેન્દ્ર

આર.કે જૈન ફાઉન્ડેશન તરફથી સેવાઅર્થે સિનિયર સિટીઝન માટે નજીકના વાંચવાના ચશ્મા ૧૦☐ ના ટોકન દરે આપવામાં આવે છે .ગૌતમ કોમર્શિયલ સેન્ટર, ઓફિસ નંબર ૨૦૮ બોમ્બે હોટલની સામે ગોંડલ રોડ રાજકોટ ખાતે સાંજે ૪ થી ૬ વાગ્યા સુધી લાભ લઇ શકાશે .આધારકાર્ડ સાથે લાવવું જરૂરી. બુધવારે રજા રહેશે.

## ચૌહાણ પરિવારનું ગૌરવ

ચૌહાણ પરિવારના લાડલા જૈમિનએ ધો.૧૦ની પરીક્ષાના પરિણામમાં ૬૪.૦૬ પીઆર મેળવી પરીવારનું ગૌરવ વધાર્યુ છે.



ભણવામાં શરૂઆતથી હોશિયાર જૈમિનએ મહેનત કરી સફળતા પૂર્વક ધો.૧૦ની પરીક્ષા પાસ કરેલ છે. આ સિદ્ધિ બદલ પરિવારજનો મીત્રો સ્નેહીજનો શુભકામના પાઠવી રહ્યા છે.

## ધુન-ભજન

પુનિત ભજન મેડળના ધુન-ભજન આજે રાત્રે નિકુંજ ભાઈને ત્યા ગોકુલધામ આરએમસી કવાટર્સ બ્લોક નં.૨૯ ખાતે રાખેલ છે.



ગૌ માતાના લાભાર્થે

# જય રામનાથ યુવા ગ્રુપ દ્વારા રવિવારે માતાજીના નવરંગ માંડવાનું ભવ્ય આયોજન

**૫૦૦૦થી વધુ લોકો મહાપ્રસાદનો લાભ લેશે**

રાજકોટ તા.૯

જય રામનાથ યુવા ગ્રુપ દ્વારા તા.૧૧/૫/૨૫ રવિવારના રોજ માતાજીના નવરંગ માંડવાનું આયોજન કેવડાવાડી મેઈન રોડ શેરી નં.૪ ખાતે કરેલ છે. સાથે મહાપ્રસાદ સાંજે ૭ કલાકે રાખેલ છે. જેમાં ૫૦૦૦થી વધુ લોકો મહાપ્રસાદનો લાભ લેશે.

આ માતાજીના નવરંગ મંડપ મહોત્સવને સફળ બનાવવા જય રામનાથ યુવા ગ્રુપના પ્રતાપસિંહ ઝાલા, અજીતસિંહ રાજપુત, રણજીતભાઈ ખાચર, માણસુરભાઈ વાળા, હર્ષદભાઈ વાળા, મિતેશભાઈ સીદપરા, રવિભાઈ માનસતા, રણજીતભાઈ સીદપરા, જયદીપભાઈ પાદરીયા, જયેશભાઈ પટેલ (એલડી ગ્રુપ) અભીભાઈ બરમલીયા, દર્શિતભાઈ માટીયા, ચંદ્રેશભાઈ રાજયગુરૂ, જગદીશભાઈ પરમાર, સુધીરભાઈ પોપટ જહેમત ઉઠાવી રહ્યા છે. રાવળ દેવ તરીકે ધર્મેશભાઈ રાવળ ઉપસ્થિત રહેશે.

આ આયોજન અંતર્ગત પ્રતાપસિંહ ઝાલા, અજીતસિંહ રાજપુત, વાળા માણસુરભાઈ બાલાસરા ધર્મેશભાઈ, પોપટ સુધીરભાઈએ 'સાંજ સમાચાર'ની મુલાકાત લીધી હતી.



# ૩ પ્રજ્ઞાચક્ષુ બહેનો ધો. ૧૦ની પરીક્ષામાં થયા ઉત્તિર્ણ

## વી.ડી. પારેખ અંધ મહિલા વિકાસ ગૃહ રાજકોટનું ગૌરવ વધારતા જાનલ, ગ્રેસી અને આસ્તાના

રાજકોટ, તા.૯

માર્ચ-૨૦૨૫માં માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ ધો.૧૦ની પરીક્ષા વી.ડી. પારેખ અંધ મહિલા વિકાસ ગૃહ રાજકોટનાં કુલ ત્રણ પ્રજ્ઞાચક્ષુ બહેનોએ આપી હતી.

જેમાં ઉધાસ જાનલએ ૭૩.૪, ડાવરિયા ગ્રેસીએ ૭૩ અને ઘોઘા આસ્તાનાએ ૭૦.૬ ટકા મેળવી વી.ડી. પારેખ અંધ મહિલા વિકાસ ગૃહ તેમજ પરિવારનું ગૌરવ વધાર્યું છે. આ બહેનોએ રાજકોટની મહારાણી લક્ષ્મીબાઈ કન્યા વિદ્યાલયમાં અભ્યાસ કર્યો છે. સબંધિત શાળાના આચાર્ય અને સર્વે શિક્ષકોના સહકારની આ સફળ બન્યું છે. આ તકે સંસ્થાનું ૧૦૦% પરીણામ જાહેર થયું છે. આ સફળ પ્રજ્ઞાચક્ષુ બહેનોનાં લહિયા તરીકે રાજકોટની કડવીબાઈ કન્યા વિદ્યાલયના બહેનોએ પોતાની સેવાઓ આપી હતી.

**ગોંડલમાં ડુંગર ભકિત મહોત્સવ**

# શનિવારે પૂ.ધીરજમુનિમ.ની પધરામણીઃગુરુભકિત યાત્રા

રાજકોટ,તા.૯

શ્રી ગોંડલ-નવાગઢ સ્થાનકવાસી જૈન સંઘના ઉપક્રમે નિદ્રા વિજેતા, એકાવતારી , આચાર્યદેવ પૂ. શ્રી ડુંગરસિંહજી સ્વામીની ૨૦૫ મી પુણ્યતિથિ ઉપલક્ષે તા. ૧૨/૦૫/૨૫ ને સોમવારે ગુરુભક્તિ પૂનમ મહોત્સવનું ભવ્ય આયોજન કરાયું છે.



આ પાવન પ્રસંગે પ્રથમવાર પૂ. શ્રી ધીરગુરુદેવ તાઃ ૧૦ ને શનિવારે ગોંડલ પધારતા હોય અનેરો ધર્મોલાસ છવાયેલો છે . સવારે ૭:૩૦ કલાકે અક્ષર મંદિરથી ચતુર્વિધ સંઘની યાત્રા કોલેજ ચોક ખાતે શ્રી કાંતિભાઈ શેઠ ( મહાવીરકુંજ) ના નિવાસેથી ધર્મસભામાં ફેરવાયા બાદ નવકારશી રાખેલ છે.

પૂ.જયોતિબાઈ મ. સ. , પૂ. સ્મિતાબાઈ મ.સ. , પૂજ્ય મીના - સુનંદાજી મ.સ. , પૂ. તરૂબાઈ મ. સ. પૂ. જ્યોતિબાઈ મ. સ. આદિ સંઘાણીના પૂ.પંથક મુનિ મ. સા. , પૂ. ઉષાબાઈ મ. સ. આદિનું મિલન થશે.તા.૧૧ ને રવિવારે સંઘાણીના પૂજ્ય નંદાભાઈ મ. સ. ના ૮૧ આયંબિલ તપની પૂર્ણાહુતિ નિમિત્તે હેવન ઇઝ હિયર વિષય પર પ્રવચન અને ગૌતમ પ્રસાદ રાખેલ છે.

તા.૧૨ ને સોમવારે સવારે ૦૭:૧૫ કલાકે જયોત્સનાબેન ગોવિંદભાઈ દેસાઈ પ્રેરિત નવકારશીનું વાડીમાં વાડીમાં આયોજન કરેલ છે. ૮:૧૫ કલાકે ગુરુભક્તિ યાત્રા મુખ્ય માર્ગે થઈ મહેતા ઉપાશ્રયે પૂર્ણ થયા બાદ ૯:૧૫ કલાકે લુહાણા મહાજન વાડીમાં વ્યાખ્યાન યોજાશે. બપોરે ૧૨:૩૦ કલાકે શ્રીમતી મંજુલાબેન રમેશભાઈ ધડુક હસ્તે મોના નિમેશ સાવન ધડુક પરિવાર , દ્રષ્ટિ ફેનીકુમાર વેકરીયા તરફથી ગુરુપ્રસાદનું આયોજન કરાયું છે. સકલસંઘોને ગુરુભકિત મહોત્સવમાં ઉપસ્થિત રહેવા અનુરોધ કરાયો છે.

# રેલવે કલેમ્સ ટ્રિબ્યુનલ મુંબઈના સભ્ય તરીકે પ્રવિણચંદ્ર પરમારે ચાર્જ સંભાળ્યો

રાજકોટ,તા.૯

રેલવે ક્લેમ્સ ટ્રિબ્યુનલ, મુંબઈ, એ જાહેરાત કરતા આનંદ અનુભવે છે કે ભારતીય રેલ્વે ટ્રાફિક સર્વિસ (IRTS), ૧૯૮૮ બેચના નિવૃત્ત અધિકારી પ્રવિણચંદ્ર એન. પરમારે આજે, ૮ મે ૨૦૨૫ ના રોજ ટ્રિબ્યુનલના ટેકનિકલ સભ્ય તરીકેનો કાર્યભાર સંભાળ્યો છે.



પરમાર ઓગસ્ટ ૨૦૨૩ માં પશ્ચિમ રેલ્વે, મુંબઈના પ્રિન્સિપલ ચીફ કોમર્શિયલ મેનેજર (PCCM) તરીકે નિવૃત્ત થયા. તેમના નેતૃત્વ હેઠળ, પશ્ચિમ રેલ્વેએ ૨૦૨૨-૨૩ માં અત્યાર સુધીની સૌથી વધુ આવક નોંધાવી અને સૌથી કાર્યક્ષમ ફરિયાદ વ્યવસ્થાપન માટે રેલ્વે બોર્ડની ટ્રોફી પ્રાપ્ત કરી.

નિવૃત્તિ પછી, તેમણે તેમની વર્તમાન નિમણૂક સુધી એક વર્ષ માટે ગુજરાત સરકારના ઉપક્રમ, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની લિમિટેડમાં સ્વતંત્ર ડાયરેક્ટર તરીકે સેવા આપી.

ગુજરાતના ખેરાલુ તાલુકાના લુણવા ગામના વતની શ્રી પરમારનો જન્મ અને ઉછેર પાટણ જિલ્લાના સિદ્ધપુરમાં થયો હતો. તેમણે સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરમાંથી સિવિલ એન્જિનિયરિંગમાં સ્નાતકની ડિગ્રી અને ઇજીએનઓયુમાંથી મેનેજમેન્ટમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા મેળવ્યો છે.

ભારતીય રેલ્વેમાં ૩૩ વર્ષની શાનદાર કારકિર્દી સાથે, પરમારે ઓપરેશન્સ, કોમર્શિયલ, સેફ્ટી અને જનરલ એડમિનિસ્ટ્રેશનમાં વિવિધ ભૂમિકાઓ નિભાવી છે. તેમણે નેશનલ એકેડેમી ઓફ ઇન્ડિયન રેલ્વેમાં ફેકલ્ટી તરીકે અને આઈઆરસીટીસી, અમદાવાદમાં ચીફ રિજનલ મેનેજર તરીકે ડેપ્યુટેશન પર પણ સેવા આપી છે.

બે વખત જનરલ મેનેજરનો કાર્યક્ષમતા પદક (મેડલ) મળ્યો છે અને ૨૦૦૪, ૨૦૧૫ અને ૨૦૧૯ માં રેલ મંત્રી હિન્દી નિબંધ સ્પર્ધામાં પ્રથમ ઇનામ જીત્યું છે.



# વીવીપી દ્વારા આયોજીત ધો.૧૨ પછી શું ? માર્ગદર્શન સેમિનારને મળ્યો ભવ્ય પ્રતિસાદ

રાજકોટ,તા.૯

વીવીપી દ્વારા આયોજિત ધોરણ ૧૨ પછી શું ? સેમિનારને ભવ્ય પ્રતિસાદ મળ્યો છે. ધોરણ ૧૨ના પરિણામ આવ્યા ના ૪૮ કલાકમાં આયોજિત ગુજરાતના કદાચ આ સૌપ્રથમ સેમિનારનો ૬૦૦ થી વધુ વિદ્યાર્થીઓને વાલીઓએ લાભ લીધો હતો. આ સેમિનારમાં ધોરણ ૧૨ પછી એ.સી.પી.સી/નાટા પ્રવેશ પ્રક્રિયા, યુનિવર્સિટી-કોલેજ -બ્રાન્ચની પસંદગી, વિવિધ સ્કોલરશીપ, વિવિધ બ્રાન્ચ અને તેમાં ઉપલબ્ધ તકો, ગુજરાત અને ગુજરાત બહાર કોલેજ-બ્રાન્ચ-સીટ, પ્લેસમેન્ટ વગેરે વિશે વિસ્તૃત તલસ્પર્શી માહિતી આપવામાં આવી હતી

વી.વી પી સંચાલિત વી.વી પી એન્જીનીયરીંગ કોલેજ, ઇન્દુભાઇ પારેખ સ્કૂલ ઓફ આર્કિટેક્ચર, કીચ સ્કૂલ ઓફ ડિઝાઇનના ટ્રસ્ટીઓ કૌશિકભાઇ શુક્લ, ડો. નરેન્દ્રભાઈ દવે, ડો. નવીનભાઈ શેઠ પણ આ સેમીનારમાં ઉપસ્થિત રહ્યા હતા.


મહાવીર ભવન ખાતે દિવ્ય જાપ યોજાયા

# મનની શુદ્ધિથી જાપ થશે તો સિદ્ધિ મળ્યા વિના રહેશે નહિઃ પૂ.ધીરજમુનિમ.

રાજકોટ,તા૯

મહાવીર ભવન ખાતે પૂ.શ્રી ધીરગુરૂદેવની નિશ્રામાં સુશીલાબેન ઈન્દુભાઈ બદાણીની પ્રથમ પુણ્ય સ્મૃતિ દિને આયોજિત દિવ્ય જાપમાં ૫૦૦ જેટલા ભાવિકોએ આદિ,મધ્ય અને અંત્ય મંગલ જાપ ભાવવિભોર હૈયે કર્યા હતા.

પુ.ગુરુદેવે જણાવેલ કે ભેંસ જેવા જાપ અર્થાત ચોખું દૂધ આપે તેમ મન શુદ્ધિથી જાપ કરવ જોઈએ.માણી મિશ્રિત જાપ ભરવાડ જેવા કહેવાય મનની ચંચલતાથી કરેલા જાપ ફળદાયી બને નહિ.અમન અનીશ બદાણી (ઈથોપીયા)તરફથી અનુમોદના તથા ઈન્દુભાઈ બદાણી તરફથી વડિયા ગુરુપ્રાણ ગૌશાળાને કાયમી તિથિમાં ૧,૧૧,૦૦૦/- ઘોષિત કરાયા હતા.ભાગ્ય વિજેતાને સુવર્ણ સિલ્વર ગીની આપવામાં આવેલ.આ પ્રસંગે પૂ.સ્મિતાજી મ.સ.પૂ.લીનાજીમ.સ.પૂ.બંસરીજીમ.સ. પૂ.મુકિતશીલાજી મ.સ.પધાર્યા હતાં.

## નૈતિક લાંઘણોજાએ ધો.૧૦માં ૯૭ પીઆર મેળવ્યા : વાળંદ સમાજનું ગૌરવ

રાજકોટ : ધોરણ ૧૦ એસએસસીની પરીક્ષામાં નૈતિક વિનોદભાઈ લાંઘણોજાએ ધોરણ ૧૦ એસએસસીની પરીક્ષામાં ૯૭ પીઆર મેળવ્યા છે. તે વાળંદ સાંજના આગેવાન અને સેન માર્કેટિંગના ઓનર સુનિલભાઈ સુરાણી અને રાજુભાઈ સુરાણીના ભાણેજ છે. પરીક્ષામાં સારા ગુણ સાથે ઉતીર્ણ થઈ નૈતિકે પરિવાર અને વાળંદ સમાજનું ગૌરવ વધારેલ છે.



## વિશેષ સત્સંગનું આયોજન

આવતીકાલે શનિવારનાં રોજ ખ-૪, ગુજરાત હાઉસિંગ બોર્ડ, શેરી નં ૧, પરમહંસ યોગાનંદ માર્ગ, સ્વામિનારાયણ મંદિરની સામે, કાલાવડ રોડ, રાજકોટ ખાતે યોગદા સત્સંગ ધ્યાન કેન્દ્ર રાજકોટ દ્વારા સ્વામી શ્રીયુકતેશ્વરજી આવિર્ભાવ દિવસ નિમિત્તે વિશેષ સત્સંગનું આયોજન કરવામાં આવેલ છે. સાંજે ૬થી ૮ વાગ્યા સુધીનો રહેશે.

# લાફીંગ કલબના સભ્યો માટે રાજકોટની ચાર હોસ્પિટલમાં રાહત દરે સારવાર ઉપલબ્ધ

## દવા તથા લેબોરેટરીમાં મોટી રાહત અપાશે : ચેકડેમના નિર્માણ માટે ગીર ગંગા પરિવારને સવા ત્રણ લાખ ફાળો એકત્રિત કરી આપતું લાફીંગ કલબ

રાજકોટ, તા.૯

રાજકોટ શહેરની તમામ લાફીંગ કલબ એક નવું સંગઠન નવેમ્બર-૨૦૨૪ માં ''લાફીંગ કલબ ગ્રુપ, રાજકોટ શહેર''ના નામથી સ્થાપના કરી. લોકોનો રાહતદરે લેબોરેટરી ટેસ્ટ થઈ જાય, રાહત ભાવે દવા મળે અને શકય હોય ત્યાં અન્ય ટ્રીટમેન્ટમાં રાહત મળે એ માટે સીટી ડેન્ટલ હોસ્પિટલ, વિરાણી ચોક, ફર્સ્ટ ફલોર, કમીશનર બંગલા રોડ કોર્નર ,પ્લેકસસ મેડ કેર, ૧૫૦ ફુટ રીંગ રોડ, શીતલ પાર્કની બાજુમાં ,ગોકુલ હોસ્પિટલ વિદ્યાનગર રોડ, પ્રાઈમ હોસ્પિટલ, પંચવટી મેઈન રોડ, અતિથિ ચોક, ચંદ્રેશવાડી ની બાજુમાં-આ ચારેય હોસ્પિટલ ધ્વારા દવા તથા લેબોરેટરીમાં મોટી રાહત આપવામાં આવશે.જેના માટે લાફીંગ કલબના કન્વીનરના લેટર લઈ જવાનો રહેશે અને એ લેટર આધારે બીલમાં રાહત અપાશે.




લાફીંગ કલબ ગ્રુપ રાજકોટ શહેરનો વન-ડે પીકનીક કમ ધર્મ યાત્રાના ભાગરૂપે એક મોટી એ.સી. બસ કરીને આંબલા ગામના તિરૂપતિ બાલાજી મંદિર, વાંકીયા હનુમાન, પાલીતાણાના જૈન મંદિરો અને મ્યુઝીયમ, ભુરખીયા ના ભુખરીયા હનુમાન યાત્રા પ્રવાસનું આયોજન કરવામાં આવેલ. આ પીકનીકનું સમગ્ર આયોજન સંસ્થાના સલાહકાર સમિતિના સભ્ય બાલકૃષ્ણભાઈ મકવાણા દંપતિએ કરેલ. ગીર ગંગા પરિવાર ને લાફીંગ કલબ રાજકોટ શહેરે સવા ત્રણ લાખ ફાળો એકત્રિત કરી એક ચેકડેમનું નિર્માણ ના સવાત્રણ લાખ અર્પીને એક ચેક ડેમનું નામ ''લાફીંગ કલબ ગ્રુપ રાજકોટ શહેર નામ આપવામાં આવ્યું.''

કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના ચેરમેન જયંતિભાઈ માંડલીયા, પ્રમુખ રમેશભાઈ અનડકટ, ઉપપ્રમુખ પ્રવિણભાઈ ભુવા, રેણુકાબેન રાવલ, મહામંત્રી અશ્વિનભાઈ પટેલ, સંગઠન મંત્રી મનિષભાઈ મહેતા, ટ્રેઝરર મયુરભાઈ બારાઈ, સહ ટ્રેઝરર પ્રફુલભાઈ મહેતા એ જહેમત ઉઠાવી હતી.

# કાલથી ત્રણ દિવસ યોજાશે ગુજરાતનું સૌથી મોટું અર્બન વિવાહ વેડિંગ અને લાઈફસ્ટાઈલ એકઝિબીશન

**લગ્નસરા તથા શુભ પ્રસંગો માટે અવનવી વેરાઈટીઝ નો ખજાનો :૧૫૧થી વધારે સ્ટોલ્સ ;૧૦,૦૦૦થી વધારે પ્રોડકટ્સ**

રાજકોટ, તા.૯

આગામી તા. ૧૦ થી ૧૨ મે ૨૦૨૫ દરમ્યાન રંગીલા રાજકોટના આંગણે ભવ્ય 'અર્બન વિવાહ એક્ઝીબીશન યોજાઈ રહ્યું છે, જેમાં ગોલ્ડ, સીલ્વર, ડાયમંડ જવેલરીથી લઈને બ્યુટી પાર્લર સહિતની તમામ લગ્નસરા તથા શુભપ્રસંગોની ખરીદી માટેની તમામ પ્રોડ્કટસનો સમાવેશ થાય છે.

રાજકોટના રેસકોર્ષ ગ્રાઉન્ડમાં યોજાઈ રહેલ આ ભવ્ય 'અર્બન વિવાહ એક્ઝીબીશન'માં લગ્નની ભવ્ય ઉજવણી કરવા તેમજ તેને સબંધીત જરૂરી તમામ પાસાઓને અનુલક્ષીને વેડિંગ ફેશન અને લાઈફસ્ટાઈલ પ્રોડક્ટ્સ. રીયલ ગોલ્ડ, સીલ્વર, ડાયમંડ જવેલરી, વેડિંગ સાડી, ફેશઃ જવેલરી, ડિઝાઈનર વેર, વેસ્ટર્ન વેર, બ્યુટી પાર્લર, ફૂટવેર, હેન્ડલુમ હેન્ડીક્રાફ્ટ, કિચનવેર, કોસ્મેટીક, જર્બલ કાર્ડ, કંકોત્રી, ગીફ્ટ આર્ટીકલ, કન્ઝ્યુમર્સ તથા અન્ય પ્રોડક્ટ્સનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ટ્રેડિશનલ વેર, એથનીક વેર અને ઉનાળા માટે ટ્રેન્ડી સમર વેરનો પણ સમાવેશ થાય છે.વર્ષ ૨૦૧૭-૨૦૧૮નો એક્ઝીબીશન એક્સેલેન્સ એવોર્ડ (ન્યુ દિલ્હી) તરફથી આ ફેસ્ટીવલના આયોજકને ભારતનાં સૌથી શ્રેષ્ઠ વેડિંગ એક્ઝીબીશનના એવોર્ડથી સન્માનીત કરવામાં આવેલ છે. આ સમગ્ર ફેસ્ટીવલનું આયોજન રાજકોટની જાણીતી અને આપ સૌની માનીતી ઈવેન્ટ મેનેજમેન્ટ સંસ્થા 'રેઈઝ કોમ્યુનિકેશન્સ' દ્વારા કરવામાં આવ્યું છે.એક્ઝીબીશનનો સવારે ૧૦:૦૦ વાગ્યાથી રાત્રીના ૯:૦૦ વાગ્યા સુધીનો રહેશે.

મમત્વનો દરિયો એટલે 'મા'

# મે માસનો બીજો રવિવાર હંમેશા 'મધર્સ ડે' તરીકે ઉજવવામાં આવે છે



## 'મધર્સ ડે' નિમિત્તે જોહર કાર્ડ અને જોહર ગેલેરીમાં 'મા'ને ગિફ્ટ આપવા માટે યાદગાર ગિફ્ટનો ખજાનો : માતાની મમતાને યાદગાર બનાવો

રાજકોટ : જેમના હૃદયમાંથી સદાય વાત્સલ્ય વહેતું રહે એવી માં એટલે મમત્વનો દરિયો! માતા પ્રત્યેનું ઋણ અદા કરવાનો અવસર : મધર્સ ડે તા. ૧૧મે રવિવારે દેશભરમાં ઉજવાશે.

મે મહિનાનનો બીજો રવિવાર મધર્સ ડે તરીકે ઉજવાય છે આ વર્ષ ૧૧ મે ૨૦૨૫ રવિવારે મધર્સ ડે, આ દિવસે મા ને ગીફ્ટ તથા કાર્ડસ આપી વંદન કરીને મધર્સ ડે ની ઉજવણી વિશ્વભરમાં થાય છે. જોહર કાર્ડસવાળા યુસુફઅલીભાઈ તથા હસનેનભાઈએ તેમજ કાલાવડ રોડ પ્રેમ મંદિરની લાઈનમાં ગાર્ડન સામે આપેલ જોહર ગેલેરીનાં જોહરભાઈએ મધર્સ ડે ની ગીફ્ટ તથા કાર્ડસ અંગે જણાવ્યું હતું નવી ગીફ્ટો મધર લખેલ ટ્રોફી, મધર અને સન વાળા શોપીસ, મેજીક મિરર મધર ફ્રેમ, સ્પેશીયલ મધર મિનિ મગ, મધર્સના કોટેશન વાળી ફ્રેમ, રીસ્ટવોચ, કીચનમાં આઈ લય મોમ, ચોકલેટ, સેશ, વુડન પેન સ્ટેન્ડ વીચ વોચ, સિરામિક મગ, બીગ મગ, હાર્ટ હેન્ડલ મગ અને પર્સનલાઈઝ મગ એમ ઘણી પ્રકાર ના મગ છે. ઉપરાંત જવેલરીવાળુ કોમ્બો સેટ તથા ઘડિયાળ વાળા કોમ્બો સેટ આવેલ છે.

ડાયમંડની જવેલરી કડા, સીંગાપુર કંપનીની ઝેડ.એમ.ની કોસ્મેટીક આઈટમ જેમ કે ફેઈસવોસ, લીપ બામ, ડીઓ વગેરે, કોમ્બો વોચ વીથ જવેલરી પરફ્યુમ, લેડીઝ ફેન્સી ગોગસ, પ્રખ્યાત કંપનીની સેલીબ્રેશન ચોકલેટ, ચોકલેટ બુકે, દુબઈના ઘણીજ પ્રકાર પરફ્યુમ, પ્રસનલાઇઝમા નામવાળા વોલેટ, કીચેઈન, પાસપોર્ટ કવર, કોમ્બો વોલેટ, પેન, કીચેઇન, લાઈટીંગ એલ.ઈ.ડી ફ્રેમ, લેડીઝના નામવાળા કડા, લોકેટ, લેડીઝ નામવાળી બેગ, મધર્સ ડેના કાર્ડસમા એવરીડે ઈઝ ફુલ ઓફ મધર્સ લવ, ફોર યુ મધર, ટુ ધ મોસ્ટ લવીગ મધર, ફોર ધ વર્લ્ડસ બેસ્ટ મોમ એવર વિથ લવ, મધર આઇ લવ યુ યુ મીનએવરીથીંગ ટુ મી વગેરે હેડીંગવાળા કાર્ડસ ઉપલબ્ધ હોવાનું જણાવ્યું છે.

**મધર્સ ડેનો ઈતિહાસ શું છે?**

મે મહિનાનનો બીજો રવિવાર મધર્સ ડે તરીકે ઉજવાય તો છે પણ તેનું મુખ્ય તાત્પર્ય શું હતું તે બાબતથી સૌ અજાણ છે.

આન્ના મારીયા રેવીસ જાવીસ નામની અમેરીકન મહિલાએ સૌપ્રથમ ઈ.સ. ૧૮૫૦માં મધર્સ વર્ક ક્લબની સ્થાપના કરી હતી જેનો મુખ્ય હેતુ ગરીબ વિસ્તારના લોકોને સહાય કરવાનો અને લોકોને સ્વચ્છતા પ્રત્યે જાગૃત કરવાનું હતો. ૧૮૫૦માં અચાનક ફાટી નીકળેલા યુધ્ધમાં આન્ના અને તેના સહયોગીઓએ ઘાયલ સૈનિકોને મદદ કરી અને સારવાર આપી. આ કાર્ય તેમણે દેશનાં કોઈ ભેદભાવ વગર યુધ્ધમાં ઘાયલ તમામ સૈનિકોને સમાન ગણીને કર્યુ અને માનવતાની મિસાલ કાયમ કરી. શાંતિ અને માનવતાનો આ સંદેશ તેમણે યુધ્ધ પૂરુ થયા પછી પણ જીવનપર્યંત જાળવી રાખ્યો. ૧૨ મે ૧૯૦૭ના આન્ના મારીયાનું અવસાન થયુ ત્યારબાદ તેમની પુત્રી અન્ના જાર્વીસે પોતાની માતા અને તેના સત્કર્મોને જીવંત યાદગાર રાખવા તેમજ વિશ્વભરની માતાઓને આ દિવસે વર્ષમાં એક વખત ગૌરવ અપાવવો મધર્સ ડે ઉજવવાનું એલાન કર્યું. શરૂઆતમાં માત્ર થોડા ગામ સુધી આ ઉજવણી સીમિત હતી. પરંતુ રાષ્ટ્રપતિ વુડ્રો વિલ્સને મે માસ ના બીજા રવિવારને મધર્સ ડે તરીકે ઉજવવાનું અને તે દિવસે રાષ્ટ્રીય રજાનો દિવસ જાહેર કર્યો. ત્યારથી આ દિવસ દુનિયાભરમાં આંતરરાષ્ટ્રીય માતૃત્વ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

ગોંડલ સંપ્ર.ના ગાદીપતિ પૂ.ગિરીશમુનિ મ.ના સ્મૃતિદિન નિમિત્તે

# બુધવારે શેઠ ઉપાશ્રય જૈન સંઘમાં દસમા વ્રતનું સામુહિક આયોજન

રાજકોટ તા.૯

ગોંડલ સંપ્રદાયના ગાદીપતિ પૂ.ગુરૂદેવ ગિરીશચંદ્રજી મ.સા.ના સુશિષ્ય ગુજરાતરત્ન પૂ.સુશાંતમુનિ મ.સા. તથા પ્રશિષ્ય સદગુરૂદેવ પૂ.પારસમુનિ મ.સા. એવમ ગુરૂપ્રાણ પરિવારના સર્વે મહાસતીજીના સાનિધ્યમાં ગાદીપતિ ઉપાશ્રય (શેઠ ઉપાશ્રય)માં ગાદીપતિ પદ સ્મૃતિદિન નિમિતે તા.૧૪ના દસમા વ્રતનું સામૂહિક આયોજન કરવામાં આવેલ છે.



આરાધનામાં જોડાવા ઈચ્છતા શ્રાવક-શ્રાવિકાઓએ પોતાના નામ તા.૧૨ સુધીમાં લખાવી દેવા જણાવાયું છે. ગાદીપતિ પૂ. ગુરૂદેવ ભારતભરમાં એક લાખ ઉપરાંત કિલોમીટર સુધી પદયાત્રા કરીને જૈન ધર્મનો વિશાળ પ્રચાર પ્રસાર કરી અને શ્રાવક-શ્રાવિકાઓને ધર્મ સંદેશ આપેલ હતો. શેઠ ઉપાશ્રયમાં અઢી વર્ષ સુધી અનોખો લાભ લઈ રાજકોટના ધર્મપ્રિય ભાવુકોને આપેલ હતો. કાર્યક્રમની રૂપરેખા દશયાં વ્રતમાં જોડાવા ઈચ્છતા આરાધકોએ ૧૨ સામાયિક કરવાની રહેશે. તથા દેવસીય પ્રતિક્રમણ કરવાનું રહેશે. સવારે ૭થી સાંજે ૮ વાગ્યા સુધી ઉપાશ્રયમાં ધર્મકરણી કરવાની રહેશે, દરેકે સફેદ વસ્ત્ર પરિધાન કરવા, સ્વચ્છ મહુપતિ-પાથરણું સાથે લાવવાનું આવશ્યક છે. બપોરના સાધર્મિક ભકિત ભકિતથી સાંજનો ચૌવિહાર ઉપાશ્રયમાં આરાધકોને કરાવવામાં આવશે, પ્રાર્થના સવારે ૭થી ૮ ધ્યાન સાધના ૮થી ૯ વ્યાખ્યાન, ૯થી ૧૦-૩૦ શિબિર ૧૦-૩૦થી ૧૨ સાધર્મિક ભકિત ૧૨થી ૧ શિબિર ૧-૩૦થી ૩-૩૦ ચૌવિહાર ૫-૪૫થી ૬-૪૫ થશે. શેઠ ઉપાશ્રય જૈન સંઘ, પ્રસંગ હોલની બાજુમાં, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ આ અનુષ્ઠાનમાં લાભ લેવા ઈચ્છતા ભાઈ-બહેનોએ (મો.૬૩૫૨૧ ૮૭૭૦૬) ખાતે સવારે ૯થી ૧ રોયલ પાર્ક સ્થા. જૈન મોટા સંઘ, સી.એમ. શેઠ પૌષધશાળા, ૨/૮ રોયલ પાર્ક, રાજકોટ (મો.૯૯૦૪૧ ૧૧૪૧૧) ખાતે સવારે ૯-૩૦થી ૧૨-૩૦ બપોરે ૪-૩૦થી ૬-૩૦ દરમ્યાન સંપર્ક કરવો.







# જાગનાથ જિનાલયની સાલગિરિ નિમિતે ૧૮ અભિષેક અનુષ્ઠાનઃ કાલે ધ્વજારોહણ

રાજકોટ જૈન તપગચ્છ સંઘ સંચાલિત શ્રી મહાવીર સ્વામી જિનાલય ૮ જાગનાથ દેરાસરની આવતીકાલે ૫૧મી સાલગિરિ ઉજવાશે સાલગિરિ નિમિતે આજે જાગનાથ દેરાસરે ૧૮ અભિષેક પૂજન ભણાવવામાં આવેલ હતું.તસ્વીરમાં અઢાર અભિષેક પૂજનનો લાભ લેતા, ભાવિકો, બીજી તસ્વીરમાં ઉપસ્થિત સભ્યો, ઈન્સેટમાં કમીટી ઈન્ચાર્જ દિલીપભાઈ ટોળીયા નજરે પડે છે.

સમસ્ત શ્રીમાળી સોની પાટડીયા પરિવાર સેવા ટ્રસ્ટ દ્વારા

# સોમવારે સુરેન્દ્રનગરનાં પાટડીમાં સતી માઁ રતનબાનો ૨૮મો પાટોત્સવઃ નવચંડી યજ્ઞ-સ્નેહમિલનનું આયોજન

રાજકોટ તા.૮

સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી ગામે તળાવની પાળ ઉપર આઈટીઆઈ સ્કુલની સામે આવેલ સમસ્ત શ્રીમાળી સોની પાટડીયા પરીવારના સતીમાં રતનબાનો ૨૮મો પાટોત્સવ, નવચંડી યજ્ઞ, સ્નેહમિલન સમારોહ તા.૧૨-૫-૨૫ને સોમવારે યોજાનાર છે.




## દેશભરમાંથી સમાજનાં આગેવાનો, દાતાઓ ઉપસ્થિત રહેશેઃ ધ્વજારોહણ, ગોયણી પૂજન, મહાપ્રસાદ સહિતના કાર્યક્રમો

સમસ્ત શ્રીમાળી સોની પાટડીયા પરિવાર સતીમાં સેવા ટ્રસ્ટ દ્વારા આયોજીત ૨૮મો પાટોત્સવમાં તા.૧૨ને સોમવારે સવારે ૭-૧૫ નવચંડી યજ્ઞ પ્રારંભ, ૮ કલાકે ધ્વજારોહણ, ૯ કલાકે માતાજીની ચુંદડી, ૯-૩૦ કુવારીકા ગોયણી પૂજન, ૧૧ કલાકે સ્નેહ મીલન, બપોરે ૧૨-૧૫ કલાકે મહાપ્રસાદ કાર્યક્રમ રાખેલ છે.



આ સતીમાં રતનબાનો પાટોત્સવ ભારતભરમાં સમસ્ત શ્રીમાળી સોની પાટડીયા પરીવારના લોજો હાજરી આપશે. દાતાઓનાં સહકારથી સમગ્ર પાટોત્સવનું આયોજન કરાયું છે. એનાઉન્સર તરીકે ઉપેન્દ્રભાઈ સોની અમદાવાદ સેવા આપશે.

સમસ્ત શ્રીમાળી સોની પાટડી પરિવાર સતીમાં સેવા ટ્રસ્ટનાં ટ્રસ્ટીઓ પ્રકાશભાઈ ભગવાનદાસભાઈ વાગડીયા મેનેજીંગ ટ્રસ્ટી હસમુખભાઈ હરજીવનદાસ પાટડીયા પ્રમુખ અમદાવાદ મોહનલાલ ચુનીલાલ પાટડીયા ઉપપ્રમુખ ભુજ હર્ષદભાઈ શાંતિલાલ પાટડીયા મંત્રી હળવદ જીજ્ઞેશ નટવરલાલ વાગડીયા સહમંત્રી રાજકોટ જયસુખભાઈ પોપટલાલ પાટડીયા, ખજાનચી ભરતભાઈ ગોપાલભાઈ પાટડીયા બહુચરાજી સહ ખજાનચી રાજેશભાઈ ધીરજલાલ પાટડીયા કઠલાલ ટ્રસ્ટી કમલેશભાઈ ગીરધરલાલ પાટડીયા રાજકોટ ટ્રસ્ટી અશ્વિનભાઈ ઝવેરચંદભાઈ પાટડીયા રાજકોટ ટ્રસ્ટી જીજ્ઞેશભાઈ મનસુખલાલ પાટડીયા ટ્રસ્ટી દિનેશભાઈ ચંદુભાઈ પાટડીયા અમદાવાદ ટ્રસ્ટી નટવરલાલ નરભેરામ પાટડીયા અમદાવાદ ટ્રસ્ટી તથા રાજકોટ કમિટી મેમ્બર કલ્પેશભાઈ પાટડીયા હસ્મિતાબેન પાટડીયા કોમલબેન પાટડીયા રીટાબેન પાટડીયા વિ. હોદ્દેદારો દ્વારા આયોજન કરવામાં આવેલ છે.

પૂ.સાદવીજી શ્રીઅતુલયશાશ્રીજીમ.આદિની નિશ્રામાં

# આજીડેમ દેરાસરની ૧૬મી સાલગિરિ ધર્મોલ્લાસ સાથે ઉજવાઈઃ અઢાર અભિષેક

રાજકોટ,તા.૯

રાજકોટમાં ભાવનગર રોડ પર આવેલ જૈનતીર્થ શ્રી આદિ પાર્શ્વ જિનપ્રસાદ (આજીડેમ દેરાસર)ની આજે તા.૯ના ૧૬મી સાલગિરિ ઉજવવામાં આવી હતી.આ પ્રસંગે પૂ.સાધ્વીજી શ્રી અતુલયશાશ્રીજી મ.આદિ ઠાણાની નિશ્રા રહી હતી.સાલગિરિ પ્રસંગે સવારે ૭ વાગે અઢાર અભિષેક પૂજન ભણાવાયું હતું.ધજાની પૂજા લાભાર્થી પરિવાર દ્વારા થઈ હતી વિધિકાર તરીકે અલ્પેશભાઈ હિંમતલાલ શાહ આવેલા હતાં. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ નવકારશીનું આયોજન કરવામાં આવેલ હતું.





# કડવીબાઈ વીરાણી કન્યા વિદ્યાલયમાં SSCનું ઝળહળતું ૧૦૦% પરિણામ

શહેરની મધ્યમાં આવેલી ૭૯ વર્ષ જૂની ગ્રાન્ટેડ શાળા કડવીબાઈ વીરાણી કન્યા વિદ્યાલય ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી-માર્ચ - ૨૦૨૫માં લેવાયેલ SSC ની પરીક્ષાનું પરિણામ જાહેર થયેલ છે. જેમાં શાળાનું પરિણામ ૧૦૦% આવેલ છે. તેમાં A1 ગ્રેડમાં ૭૪ અને A2 ગ્રેડમાં ૧૧૭ વિદ્યાર્થિનીઓ આવેલ છે. વિજ્ઞાનમાં ૦૬, બેઝિક મેથ્સમાં ૦૫, સંસ્કૃતમાં ૦૬ વિદ્યાર્થિનીઓને ૧૦૦ માંથી ૧૦૦ ગુણ મેળવેલ છે. આ તકે શાળાના ઉપપ્રમુખ ઊર્મિલાબેન દેસાઇ, શાળાના નિયામક હીરાબેન માંજરિયા, શાળાના આચાર્ય વર્ષાબેન ડવ તેમજ શિક્ષકોએ તમામ વિદ્યાર્થિનીઓને ઉજ્જવળ પરિણામ બદલ અભિનંદન પાઠવે છે.

## યુવા એડવોકેટ અને જિલ્લા યુવા ભાજપ ઉપપ્રમુખ હરેશ લાવડીયાનો આજે જન્મદિન



રાજકોટ, તા.૯

યુવા એડવોકેટ અને રાજકોટ જિલ્લા યુવા ભાજપના ઉપપ્રમુખ હરેશ લાવડીયાનો આજે જન્મદિન છે. તેઓનું મુળ વતન મોટા દડવા ગામ છે. રાજકોટ શહેરમાં રેવન્યુ ક્ષેત્રમાં વકીલાતની પ્રેક્ટિસ કરે છે. વકીલાતની શરૂઆત એડવોકેટ કેતનભાઈ મંડ સાથે કરેલ. તેઓ રાજકોટ ડિસ્ટ્રીક્ટ, રાજકોટ નાગરિક બેંકના પેનલ એડવોકેટ છે. જિલ્લા યુવા ભાજપમાં બે ટર્મથી ઉપપ્રમુખ છે. જસદણ તાલુકા યુવા ભાજપમાં જવાબદારીઓ નિભાવી ચુકયા છે. આહિર સ્ટુડન્ટ વેલફેર ગ્રુપ, આહિર સમાજ વૈચારિક ક્રાંતિ ગ્રુપ, આહીર લીગલ ફોરમ વગેરે સાથે પણ જોડાયેલા છે. તેમને મો.નં. ૭૮૭૮૫૫૧૪૫૬ ઉપર ઠેર ઠેરથી શુભેચ્છાઓ મળી રહી છે.



# એરપોર્ટ દેરાસરમાં ધજાની પધરામણી

આજે શાંતિનાથ જૈન સંઘ (એરપોર્ટ રોડ દેરાસર)ના આંગણે માંડવી ચોક દેરાસરની શ્રી સુપાર્શ્વનાથ દાદાની ૧૯૯મી સાલગીરીની ધજા દર્શનાર્થે આવેલ છે. ભાવિકોને ધજાના દર્શનનો લાભ લેવા જણાવાયું છે.

## દરજી પરિવારનું ગૌરવઃ શિવાંગીએ ધો.૧૦માં ૯૧.૪૩ પીઆર મેળવ્યા



ગુજરાજ માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગરની માર્ચ ૨૦૨૫માં લેવામાં આવેલી ધો.૧૦ની પરીક્ષાનું પરીણામ જાહેર કરાયું હતું. ત્યારે પ્રેસ ફોટોગ્રાફર દિલીપભાઈ ગોહેલની પુત્રી શિવાંગી ગોહેલે ધો.૧૦માં ૯૧.૪૩ પીઆર મેળવી ગોહેલ પરીવાર અને દરજી સમાજનું નામ રોશન કર્યુ છે. શિવાંગીએ સ્ટાન્ડર્ડ પેથ્સમાં ૮૭ અને સાયન્સમાં ૮૫ માર્કસ મેળવ્યા છે.

# શનિવારે પોલીસ હેડ કવાર્ટરમાં આયોજિત 'ચમત્કારોથી ચેતો લોકજાગૃતિ' કાર્યક્રમ મોકૂફ

શહેર પોલીસ કમિશનર કચેરી અને ભારત જન વિજ્ઞાન જાથાના સંયુક્ત ઉપક્રમે પોલીસ કર્મીઓ, પરિવારોને જાહેર જનતા માટે 'ચમત્કારોથી ચેતો લોકજાગૃતિ' કાર્યક્રમનું આવતીકલા તા.૧૦ મે ના રોજ સાંજે ૭ કલાકે પોલીસ હેડ ક્વાર્ટર ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જે કાર્યક્રમ હાલ વર્તમાન પરિસ્થિતિને કારણે મોકૂફ રાખેલ છે. તેમ મદદનીશ પોલીસ કમિશનર એમ.આઈ.પઠાણ અને જાથાના જયંત પંડ્યાએ જણાવ્યું છે.

ગોંડલ સંઘાણી સંપ્રદાયના આદર્શ શ્રમણોપાસક

# ધર્માનુરાગી મુકુંદભાઈ પારેખનો આજે જન્મદિનઃ ૮૯ વર્ષમાં પ્રવેશ

રાજકોટ,તા.૯

ગોંડલ સંઘાણી સંપ્રદાય તથા સંઘમા દાયકાઓ સુધી અજોડ સેવા પ્રદાન કરનાર આદર્શ શ્રમણોપાસક મુકુંદભાઈ પારેખનો આજે જન્મ દિવસ છે.તેઓ ૮૮ વર્ષ પૂર્ણ કરીને ૮૯માં વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે.તેમણે ગોંડલ દશાશ્રીમાળી વણીક મહાજન,



ગોંડલ જૈન ભોજનાલય તથા ગોંડલ પાંજરાપોળમાં પણ તેઓએ અમૂલ્ય યોગદાન આપેલું છે.ગુરુદેવ નરેન્દ્ર મુની મહારાજ સાહેબ સાથે ગોંડલ થી મુંબઈ સુધી વિહારમાં વ્હીલ ચેર ચલાવેલી તથા ગોંડલ સંઘાણી સંપ્રદાયના પૂ.જયા - વિજયાબાઇ મહાસતિજી આદી ઠાણા સાથે ગોંડલથી મોરબી ,જામનગર તથા અન્ય ક્ષેત્રોમાં વિહાર કરેલ.વર્ષી તપ સહિત અનેક તપ સાધના તેઓએ કરેલી છે.આગમ પ્રકાશન કાર્યમાં તેઓએ ખૂબ જ અનુકરણીય શ્રુત સેવા પ્રદાન કરેલી છે.

# જેતપુરમાં તપસ્વી માણેકચંદજી ટ્રસ્ટ દ્વારા તપસ્વી માણેકચંદજી સ્વામી સાધના સ્મૃતિ સ્થાન રવિવારથી હંમેશ માટે દર્શનાર્થે ખુલ્લું રહેશે

## રવિવારે પૂ.પારસમુનિ મ.ની નિશ્રામાં ચિત્રપટ સ્થાપનનો કાર્યક્રમ

રાજકોટ, તા.૯

ગોંડલ સંપ્રદાયના ગાદીપતિ પૂ. શ્રી ગિરિશચંદ્રજી સ્વામી ની પાવન પવિત્ર પ્રેરણા અને આશીર્વાદથી શ્રી તપસ્વીજી માણેકચંદજી ટ્રસ્ટ જેતપુર દ્વારા નિર્માણાધિન તપસ્વીજી સાધના સ્મૃતિ સ્થાન જૂની જૈન પાઠશાળામાં તારીખ ૧૧/૫ ના રવિવારે સદગુરૂદેવ પૂજ્ય શ્રી પારસમુનિ મહારાજ સાહેબ નાં સાનિધ્યમાં મેષ રાશિમાં સૂર્ય તથા સ્વાતિ નક્ષત્રનાં શ્રેષ્ઠ યોગમાં સવારે ૭:૩૦ થી ૯ તપસ્વી પૂજ્ય ગુરુદેવ શ્રી માણેકચંદજી મહારાજ સાહેબ ની જપ સાધના તથા દર્શનાર્થે પૂજ્ય ગુરુદેવ નું અદભૂત ચિત્રપટ્ટ સ્થાપન અને ત્યારબાદ સર્વે જપસાધકો ને વિશેષ પ્રભાવના તથા નવકારશીનું આયોજન કરવામાં આવ્યું છે.



આ સ્થાન વર્ષો બાદ લોકો માટે કાયમ માટે દર્શનાર્થે રવિવાર થી જ ખુલ્લુ મુકવામાં આવશે. દર્શનાર્થે આવતાં ભાવિકો માટે દર્શન નો સમય સવારે ૬ થી સાંજે ૮ નો રહેશે.

સંપૂર્ણ આયોજનનાં લાભાર્થી પરિવાર માતુશ્રી સમરતબેન હરિલાલ જેચંદ દોશી પરિવાર હસ્તેઃ અ.સૌ. જ્યોતિબેન વિનોદચંદ્ર દોશી, દેવેનભાઈ, સચિબેન, પારસભાઈ, મોનિકાબેન, અમિતાબેન, અભયભાઈ, મિહિરભાઈ, નિકિતા, જેનિકા, માના, જાનવી. એચ.જે. ઈન્ડસ્ટ્રીઝ લી., એચ.જે.દોશી હોસ્પિટલ (મુંબઈ - રાજકોટ)

# ધો.૧૦ માર્ચ-૨૦૨૫નું ધોળકિયા સ્કૂલ્સનું ગૌરવવંતુ પરિણામ

## પરિણામોનો નવો રેકોર્ડ બનાવે છે અને ફરી પોતાના જ રેકોર્ડને તોડીને નવી ઊંચાઈ પ્રાપ્ત કરે છે : બોર્ડ પ્રથમ પાંચ વિદ્યાર્થી

**પરિણામોની એક ઝલક**

- સમગ્ર ગુજરાત બોર્ડ પ્રથમ ૫-૫ વિદ્યાર્થીઓ
- સમગ્ર ગુજરાત બોર્ડ ટોપટેનમાં ૨૫ વિદ્યાર્થીઓ
- અ૧ ગ્રેડ ધરાવતા અધધ ૩૩૫ વિદ્યાર્થીઓ
- ૧૦૦ માંથી ૧૦૦ માર્કસ સાથે સબ્જેક્ટ હાઈએસ્ટ ૧૫૨ વિદ્યાર્થીઓ
- ૯૦.૦૦ પીઆરથી વધારે ૫૮૬ વિદ્યાર્થીઓ

રાજકોટ, તા. ૯

ગઇકાલે જાહેર થયેલા એસએસસી બોર્ડ-૨૦૨૫ના પરિણામમાં પણ ધોળકિયા સ્કૂલ્સ-સાયન્સ-કોમર્સના પરિણામોની જેમ જ છવાઈ ગઈ હતી. ૯૯.૯૯ પીઆર સાથે આ પરિણામમાં ૫-૫ વિદ્યાર્થીઓ ઝળકી ઉઠયા હતા.

ધો. ૧૦માં શાળાનાં અડધાથી પણ વધુ (૫૫%) વિદ્યાર્થીઓએ બોર્ડ પરીક્ષામાં ૮૦% થી પણ વધુ ગુણ મેળવ્યા જે શાળાના શિક્ષણની શ્રેષ્ઠતા દર્શાવે છે. કોઈ એક જ સ્કૂલમાંથી આટલી મોટી સંખ્યામાં હોનહાર તેજસ્વી તારલાઓ સમગ્ર ગુજરાતમાં ચમકી ઉઠ્યા હોય તેનું એકમાત્ર કારણ ૫૪ વર્ષના કેળવણીના ક્ષેત્રનો વારસો, સમર્પિત કેળવણીકારોનું સંચાલન, વિષય નિષ્ણાંત અને અનુભવી શિક્ષણ ગણ, બાલમંદિરથી ૧૨ ધોરણ સુધી લેવાતી વિશેષ કાળજી અને સૌથી વિશેષ રાજકોટ શહેરના વાલી ગણનો ધોળકિયા સ્કૂલ્સ પર મૂકેલો વિશ્વાસ છે.બોર્ડનું પરિણામ જાહેર થતા જ ધોળકિયા સ્કૂલનું પટાંગણ વિદ્યાર્થીઓ અને વાલીશ્રીઓના ઉત્સાહ સાથે ઝુમી ઉઠ્યું હતું. આવું ધમાકેદાર પરિણામ જાહેર થતા જ વિદ્યાર્થીઓ સંગીતના સથવારે ધોળકિયા સ્કૂલ્સના આંગણે ઝુમી ઉઠયા હતાં. વિદ્યાર્થીઓએ એકબીજાને મીઠાઈઓ ખવડાવવી આ ખુશીના વાતાવરણને વધુ ખુશનુમા બનાવ્યુ હતું. પોતાના સંતાનોની મહેનતના પરિણામને બિરદાવતા ધોળકિયા સ્કૂલ્સના વાલીઓએ મેનેજીંગ ટ્રસ્ટી કૃષ્ણકાંત ધોળકિયા અને જીતુભાઈ ધોળકિયાનો હાર્દિક આભાર વ્યક્ત કર્યો હતો.



(૧) હેત ટીલાળા (૨) ઓમ ઘોડાસરા (૩) સમીર ગોહેલ (૪) ક્રિષ્ના મુલીયા (૫) સ્વરા રાણપરા

સમગ્ર ગુજરાત રાજય કક્ષાએ ધોરણ-૧૨ (સાયન્સ), ધોરણ-૧૨ (કોમર્સ)માં અને ધોરણ-૧૦માં સર્વશ્રેષ્ઠ રીઝલ્ટ મેળવી દર વર્ષે શ્રેષ્ઠ પરિણામની હેટ્રીક મેળવતી ધોળકિયા સ્કૂલ્સને ઠેર-ઠેરથી અભિનંદન મળી રહ્યાં છે. આમ, દરેક બોર્ડ રીઝલ્ટમાં ધોળકિયા સ્કૂલ્સ પોતાના રેકોર્ડ બનાવે છે અને ફરી એ જ રેકોર્ડને તોડીને નવા રેકોર્ડનો ટાર્ગેટ બનાવે છે. તે બદલ સંચાલકોએ વિદ્યાર્થીગણ, વાલીઓ અને શિક્ષકોને અભિનંદન પાઠવેલ છે.

પ્રાચીન જૈન તીર્થ શ્રી સુપાર્શ્વનાથ દાદાની

# ૧૯૯મી ધજાની રવિવારે યુનિ. રોડ જૈન સંઘમાં પધરામણી

## દર્શન-વંદનનો લાભ લેવા સંઘ પ્રમુખ અનીષ વાઘરનો અનુરોધ

રાજકોટ તા.૯

૧૯૮ વર્ષ પ્રાચીન તીર્થ શ્રી સુપાર્શ્વનાથ દાદાની ૧૯૯મી ધજા આગામી તા.૨૨મીના ચઢાવાશે. હાલ રાજકોટના જિનાલયોમાં ધજાની પધરામણી થઈ રહી છે. તે અનુસાર તા.૧૧મીના રવિવારે શ્રી સુપાર્શ્વનાથ દાદાની ધજાની પધરામણી યુનિ. રોડ જૈન સંગ શ્રી સુમતિનાથ જિનાલયે સવારે ૮-૩૦ કલાકે થશે અને સાંજ સુધી ધજાના દર્શન, વંદનનો સંઘના સભ્યો લાભ લઈ શકશે. આ પ્રસંગે જે ભવ્ય આત્માઓ દાન કરે તે રકમ દેવદ્રવ્યમાં યુનિ. રોડ જૈન સંઘમાં જ રહેશે



તેમ માંડવી ચોક જૈન સંઘના પ્રમુખ જીતુભાઈ ચા વાળાએ જણાવેલ છે. યુનિ. રોડ જૈન સંઘના શ્રાવક શ્રાવિકાઓને ધજાના દર્શન માટે પધારવા સંઘ પ્રમુખ અનીષભાઈ વાઘર તથા ટ્રસ્ટી મંડળે અનુરોધ કર્યો છે.

# ગુમાનસિંહજી શોપીંગ સેન્ટરના વોંકળાની નર્ક જેવી હાલત : સ્વચ્છ સર્વેક્ષણ પર ફરી વળતી ગંદકી



રાજકોટ, તા. ૯

શહેરની મધ્યમાં જયુબેલી શાક માર્કેટ સામે આવેલ દાયકાઓ જુનો ગુમાનસિંહજી શોપીંગ સેન્ટર પાછળનો ગંદકીથી ખદબદતો વોંકળો સાફ કરવા અને કાયમી ધોરણે વેપારી સહિતના લોકોને ત્રાસ આપતો આ પ્રશ્ન હલ કરવા ધંધાર્થીઓ તથા લત્તાવાસીઓએ મ્યુનિ. કમિશ્નરને પત્ર લખીને રજૂઆત કરી છે. આ વોંકળાની દિવાલ પર સળીયા પણ બહાર નીકળી ગયેલા જોવા મળે છે.

વોર્ડ નં.૩ના આ શોપીંગ સેન્ટરમાં દુકાન ધરાવતા વેપારીઓએ કમિશ્નરને પત્ર પાઠવીને જણાવ્યું છે કે શાક માર્કેટ સામે ગુમાનસિંહજી શોપીંગ સેન્ટર અને મમતા મેડીકલ સ્ટોરની વચ્ચે દાયકાઓ જુનો વોંકળો આવેલો છે. પરંતુ આ વોંકળાની કયારેય નિયમિત સફાઇ કરવામાં આવતી નથી. બકાલાવાળા, મટન અને મચ્છી માર્કેટવાળા, કતલખાનામાં ધંધો કરનારા તથા અન્ય લોકો રોજ એટલો કચરો નાંખી જાય છે કે ગંદકીનો પાર નથી. આ વોંકળામાં ગંદકીના થર જામી ગયા છે અને એટલી દુર્ગંધ આવે છે કે આજુબાજુના દુકાનદારો કે રહેવાસીઓ પોતાની જગ્યામાં રહી શકતા નથી. રોગચાળો ફાટી નીકળવાની હાલતમાં લોકોની સ્થિતિ કફોડી બને છે. આ અગાઉ પણ અનેક વખત સફાઇ માટે ફરિયાદ કરવામાં આવી છે. પરંતુ કોર્પો.ના જેસીબી અને થોડા માણસો થોડી ઘણી સફાઇ કરીને ચાલ્યા જાય છે. પુરા વોંકળાની કયારેય સફાઇ કરવામાં આવતી નથી. ફરિયાદ કરનાર વેપારીઓના મોબાઇલ ફોનમાં મેસેજ આવી જાય છે કે તમારી ફરિયાદનો નિકાલ થઇ ગયો છે.

શું મહાપાલિકાના અધિકારીઓ કે રાજકીય આગેવાનોને આ ગંદકી દેખાતી નહીં હોય? અજાણ્યા લોકોને પણ ખબર પડી જાય કે અહીં ગંધાતો વોંકળો છે તેવી સ્થિતિ હોય છે. પરંતુ મનપાનું તંત્ર અહીં કયારેય ધ્યાન દેતું નથી. એક તરફ કોર્પો. સ્વચ્છ સર્વેક્ષણ હેઠળ રાજકોટની સ્વચ્છતાનું ચિત્ર ઉજળુ દેખાડવાના પ્રેઝન્ટેશન તૈયાર કરે છે, ગાર્બેજ કલેકશન માટે અત્યાર સુધીનો સૌથી મોટો ખાનગી કોન્ટ્રાકટ આપવામાં આવ્યો છે.. પરંતુ આ વિસ્તારના લોકોનો પ્રશ્ન કોઇ હલ કરી શકતુ નથી તે હકીકત છે. અહીં ટીપર વાન સમયસર આવતી ન હોવાથી લોકો વોંકળામાં કચરા ફેંકે છે.





જયુબેલી શાક માર્કેટ સામેની ગુમાનસિંહજી શોપીંગ સેન્ટર પાછળના વોંકળામાં ગમે તેટલી સફાઇ છતાં ગંદકીનો પુરો નિકાલ થતો નથી. વેપારીઓ અને આજુબાજુના લોકોને પણ ત્રાસ થઇ જાય છે જે વોંકળાની દિવાલમાંથી સળીયા પણ બહાર આવી ગયા છે. **(તસ્વીર : પંકજ શીશાંગીયા)**

## વર્ષોથી ત્રાહિમામ વેપારીઓએ ફરી કમિશ્નરને પત્ર લખ્યો : ચૂંટાયેલા લોકો કયારેય આવ્યા નથી : કતલખાના સહિતના ન્યુસન્સનો ત્રાસ : દિવાલમાંથી સળીયા બહાર આવી ગયા

આવતા જતા લોકો વોંકળામાં કચરો ન નાંખે તે માટે રોડ પર આવેલી દિવાલ ઉપર મોટા પતરા નાંખવા જોઇએ. ગુમાનસિંહજી માર્કેટ બાજુમાં મોટી દિવાલ બનાવવામાં આવે તો લોકો વોંકળા અંદર કચરો ફેંકી શકશે નહીં. માવઠા વચ્ચે ફરી વોંકળામાં ગંદકી જામી છે આથી તાકીદે આ વોંકળાની સફાઇ કરવામાં આવે તેવી વિસ્તારના લોકોની માંગણી છે. વોંકળાની દિવાલ જર્જરીત થઇ ગઇ છે અને ગાબડા પડી ગયા છે. તે પણ તાત્કાલીક રીપેર કરવાની માંગણી વેપારીઓએ કરી છે. વોંકળા ફરતે પતરા મારવા પણ આઠથી દસ વાર રજુઆત કરવામા આવ્યાનું તેઓએ જણાવ્યું છે.વોર્ડ નં.૩ના ચારે કોર્પોરેટર, મેયર, ડે.મેયર, સ્ટે.ચેરમેન સહિતના નેતાઓને પાંચ વર્ષ દરમ્યાન કયારેક તો આ વોંકળાની મુલાકાત લઇ તકલીફ દુર કરવા આવો તેવું નિમંત્રણ આપ્યું છે. વોટસએપના જવાબ કોઇ આપતા નથી

આ રજુઆત જવાહર પંજાબી, જલારામ રસ ડેપો, અંકુર ઝેરોક્ષ, પાર્થ જનરલ સ્ટોર, ધીરજ સ્ટોર, ઇન્સ્ટન્ટ ઝેરોક્ષ, એડવોકેટ યુ.આર.રાવલ, કમલ ઝહેરીયા, બુખારી ઓટો, જગદીશ વાળા, ચિરાગ ફ્રુટ, ભરતભાઇ ગોળવાળા, આશા હેર ડ્રેસર, મયુર જનરલ સ્ટોર દ્વારા કરવામાં આવી હતી.

# ધાબડીયા વાતાવરણમાં બપોરે તાપમાન ૩૪.૨ ડિગ્રી

### વહેલી સવાર વાદળો છવાયાઃ પવનની ગતિમંદ પડતા ઉકળાટ-બફારામાં વધારોઃ ગત રાત્રે હળવા- ભારે ઝાંપટા વરસ્યા

રાજકોટ,તા.૯

ચાલુ સમાહમાં કમૌસમી વરસાદનાં માહોલમાં ગત રાત્રીનાં રાજકોટ શહેરના અનેકવિધ વિસ્તારોમાં ગાજવીજ સાથે હળવા ભારે ઝાંપટા વરસ્યા બાદ આજે વહેલી સવારે વાદળછાયા માહોલમાં પવનની મંદગતિ સાથે બપોરે મહતમ તાપમાનનો પારો ૩૪.૨ ડિગ્રીએ પહોંચતા ધૂપછાંવ ભર્યા માહોલમાં ઉકળાટ સાથે બફારો અનુભવાયો છે.

રાજકોટમાં આજે સવારે ન્યુતતમ તાપમાન ૨૬.૬ ડિગ્રી સાથે હવામાં ભેજનું પ્રમાણ ૭૮ ટકા સાથે પવનની ગતિ ૧૪.૪ કિ.મી.નોંધાઈ હતી.જયારે બપોરે મહત્તમ તાપમાન ૩૪.૨ ડિગ્રી સાથે હવામાં ભેજનું પ્રમાણ ૪૭ ટકા સાથે પવનની ગતિ સરેરાશ ૧૦ કિ.મી.નોંધાઈ હતી.

ગતરાત્રીના હળવા ભારે ઝાંપટા સાથે સત્તાવાર અડધો ઈંચ વરસાદ નોંધાયો હતો. હજુ પણ વાદળ છાંયા વાતાવરણમાં અમુક સ્થળે હળવા ભારે ઝાંપટા વરશે તેવી સંભાવના છે.

# રાજકોટ જિલ્લાના બે સહિત રાજયના ૧૩ નાયબ મામલતદારોને મામલતદાર તરીકે બઢતી

## પુરવઠા વિભાગના નિલેશ અજમેરા જૂનાગઢ મૂકાયા

રાજકાટ તા.૯

રાજય સરકારના મહેસુલ વિભાગ દ્વારા રાજકોટ શહેર જીલ્લાના બે સહિત રાજયના ૧૩ નાયબ મામલતદારોને મામલતદાર તરીકે બઢતી આપતા ઓર્ડર આજે ઈશ્યુ કરી દેવામાં આવેલ છે.

જેમાં રાજકોટ કલેકટર કચેરીના પુરવઠા વિભાગમાં નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતા નિલેશ અજમેરાને પ્રમોશન આપી જુનાગઢ મામલતદાર તરીકે મુકવામાં આવેલ છે. આવી જ રીતે ગોંડલની તાલુકા મામલતદાર કચેરીમાં પણ નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતા પારખીયાને પણ મામલતદાર તરીકે પ્રમોશન આપવામાં આવ્યું છે.

અહીં એ ઉલ્લેખનીય છે કે કલેકટર કચેરીના પુરવઠા વિભાગમાં ના.મામલતદાર તરીકે ફરજ બજાવતા નિલેષ અજમેરા પ્રમાણિક કર્મચારીની છાપ ધરાવે છે. થોડા સમય પહેલા પણ મહેસુલ વિભાગ દ્વારા ના.મામલતદારોને મામલતદાર તરીકે બઢતી આપતા ઓર્ડરોનો લીથો કાઢયો હતો જે બાદ મહેસુલ વિભાગ દ્વારા વધુ ૧૩ ના.મામલતદારોની બઢતી સાથે બદલી કરવામાં આવી છે તેમ છતા રાજકોટ જીલ્લામાં ૧૦ જેટલા મામલતદારોની જગ્યા ખાલી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# કોઠારીયામાં ત્રણ બહેનના એકના એક ભાઈ અર્જુન ડવે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધોઃ કારણ અકબંધ

### ૨૨ વર્ષીય અર્જુનના એક વર્ષ પહેલાં જ લગ્ન થયા હતા, તે શાપરના વીએમસી કારખાનામાં નોકરી કરતો, પિતા હરેશભાઈ ડવ એસટી ડ્રાઈવર છે

### ગઈકાલે રાત્રે ૮ વાગ્યે ઘરના સભ્યો નીચેના માળે હતા ત્યારે અર્જુને ઉપરના માળે હોલમાં પંખા સાથે ચૂંદડી બાંધી પગલું ભરી લીધું

રાજકોટ, તા.૯

કોઠારીયામાં ત્રણ બહેનના એકના એક ભાઈ અર્જુન ડવે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ છે. ગઈકાલે રાત્રે ૮ વાગ્યે ઘરના સભ્યો નીચેના માળે હતા ત્યારે અર્જુને ઉપરના માળે હોલમાં પંખા સાથે ચૂંદડી બાંધી પગલું ભરી લીધું હતું. ૨૨ વર્ષીય અર્જુનના એક વર્ષ પહેલાં જ લગ્ન થયા હતા. તે શાપરના વીએમસી કારખાનામાં નોકરી કરતો હતો. તેના પિતા હરેશભાઈ ડવ એસટી ડ્રાઈવર છે. આપઘાતના કારણથી પરિવાર અજાણ હોય પોલીસે તપાસ ચાલુ રાખી છે.

આ અંગે પોલીસ સૂત્રોએ આપેલી વિગત મુજબ, અર્જુન હરેશભાઈ ડવ (ઉંમર વર્ષ ૨૨ રહે. ગોપાલ હેરિટેઝ, સરકારી સ્કૂલ પાસે, કોઠારીયા ગામ) ગઈકાલે રાત્રે ૮ વાગ્યે પોતાના ઘરે હતો, ત્યારે ઉપરના માળે હોલમાં પંખા સાથે ચુંદડી બાંધી ગળાફાંસો લગાવી લીધો હતો. પરિવારના સભ્યોને જાણ થતા તુરંત જ તેને નીચે ઉતારી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ડોક્ટરે તેને જોઈ તપાસી મૃત જાહેર કર્યો હતો. બનાવવાની જાણ આજીડેમ પોલીસ સ્ટેશનને થતા હેડ કોન્સ્ટેબલ હરપાલભાઇ આર. સોલંકી ટીમ સાથે હોસ્પિટલ દોડી આવ્યા હતા અને મૃતદેહને પીએમ માટે ખસેડ્યો હતો. પરિવારની પૂછપરછમાં ખુલ્યું હતુ કે, અર્જુન ત્રણ બહેન એક ભાઈમાં સૌથી નાનો હતો. હજુ એક વર્ષ પહેલા જ તેના લગ્ન થયા હતા. તે શાપરની કોઈ કંપનીમાં નોકરી કરતો હતો. તેનો પરિવાર મૂળ રાણપરા ગામનો વતની છે. વતનમાં ખેતીવાડી છે. જ્યારે તેના પિતા હરેશભાઈ ડવ એસટી ડ્રાઈવર છે. ત્રણ બહેનોના એકના એક ભાઈએ અંતિમ પગલું ભરી લેતા પરિવારમાં ભારે કલ્પાંત છવાયો છે. પોલીસે પરિવારની પૂછપરછ કરી હતી, પરંતુ આપઘાતનું કારણ જાણવા ન મળતા વધુ તપાસ હાથ ધરી છે.

# જિલ્લા પંચાયત સ્થિત સરદાર પટેલ તથા ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાઓને આરક્ષિત કરાશેઃ પ્રવિણાબેન રંગાણી

### નવા જિલ્લા પંચાયત ભવનના બાંધકામ દરમ્યાન રાષ્ટ્ર પુરૂષોની પ્રતિમાઓને નુકસાન ન થાય તે માટે આગોતરૂ આયોજન

રાજકોટ, તા.૯

રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ પ્રવિણાબેન રંગાણી અને ડીડીઓ અનંદુ સુરેશ ગોવિંદએ સયુંકત યાદીમાં જણાવ્યુ છે કે, હાલમાં રાજકોટ જિલ્લા પંચાયત ભવનના નિર્માણનું કાર્ય અવિરત પણે ચાલી રહ્યું છે.



રાજકોટ જિલ્લા પંચાયત ખાતે અખંડ ભારતના શિલ્પી લોખંડી પુરૂષ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ અને બંધારણના ઘડવૈયા ડો. બાબા સાહેબ આંબેડકરજીની પ્રતિમાઓ જિલ્લા પંચાયતના પ્રાંગણમાં આવેલી છે.

આ પ્રતિમાઓને હાલ ચાલી રહેલા જિલ્લા પંચાયત ભવનના નવનિર્માણના કાર્ય દરમ્યાન કોઈપણ જાતનું નુકશાન કે હાનિ ન પહોંચે તે હેતુથી આ મહાપુરૂષોની પ્રતિમાઓને લોખંડની ફ્રેમ તથા જાળી દ્વારા આરક્ષિત કરવામાં આવશે. ડીડીઓ અનંદુ સુરેશ ગોવિંદએ જણાવ્યું હતું કે, નવા જિલ્લા પંચાયત ભવન ના બાંધકામ દરમ્યાન આ રાષ્ટ્ર પુરૂષોની પ્રતિમાઓ ને કોઈ નુકસાન ન થાય તે માટે આગોતરું આયોજન કરવામાં આવ્યું છે.

આ બંને પ્રતિમાઓને આરક્ષિત કરવામાં આવશે તેમ જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, ઉપપ્રમુખ રાજુભાઈ ડાંગર, કારોબારી ચેરમેન પી. જી. કયાડા, સામાજિક ન્યાય સમિતિ ચેરમેન ભાનુબેન ભીખાભાઇ બાબરીયા, તમામ સમિતિ ચેરમેન, શાસક પક્ષ નેતા અને દંડક, જિલ્લા પંચાયત સદસ્યોએ જણાવ્યું છે.

# યુદ્ધ ઈફેકટ : રવિવારે યોજાનારી સાયકલોથોન પણ મોકુફ રખાઈ

### રાજયભરમાં યોજાનારી ઈવેન્ટ સ્થગિત કરતી મહાપાલિકાઓ

રાજકોટ, તા. ૯

હાલ યુધ્ધની સ્થિતિ વચ્ચે સમગ્ર રાજયમાં સતર્કતા દાખવવામાં આવી રહી છે અને જાહેર કાર્યક્રમો મોટા ભાગે સ્થગિત કરી દેવાયા છે ત્યારે રવિવારે રેસકોર્સમાં યોજાનારી સાયકલોથોન પણ મોકુફ રાખવા નિર્ણય લેવાયો છે.

કોર્પો.ની સત્તાવાર યાદી મુજબ શહેરી વિકાસ વર્ષની ઉજવણીના ભાગરૂપે હેલ્ધી ગુજરાત, ઓબેસીટી ફ્રી ગુજરાત અંતર્ગત મહાનગરપાલિકા દ્વારા રોટરી કલબ ઓફ રાજકોટ મીડટાઉન અને રાજકોટ સાઈકલ કલબના સહયોગથી તા.૧૧ને રવિવારના રોજ આર્ટ ગેલેરી પાસે, રેસકોર્ષ ખાતે યોજાનારી સાઇકલોથોનનું આયોજન હાલ સ્થગિત કરવામાં આવેલ છે. રવિવારે રાજયના અન્ય અમુક શહેરમાં પણ સાયકલોથોન યોજાવાની હતી. ત્યાં પણ મોકુફ રાખવામાં આવ્યાનું જાણવા મળ્યું છે.





# થોરીયાળી ગામે પાણીનું વહેણ અટકાવી દેતા ખેડૂતો પરેશાનઃ તત્કાલ પગલા લેવા અધિક કલેકટરને અપાયું આવેદનપત્ર

### મામલતદારના હુકમથી અગાઉ બાંધકામ હટાવી દેવાયા બાદ પછી ફરી દબાણ

રાજકોટ તા.૯

પડધરી નજીકના થોરીયાળી ગામની સીમમાં નહેરમાં પાણીનું વહેણ અટકાવી દેવાતા આ વિસ્તારના ખેડૂતો ભારે હેરાન પરેશાન બની રહ્યા છે. આ મામલે આજે ખેડૂતોએ કલેકટર કચેરી ખાતે દોડી આવી તત્કાલ પગલા લેવાની માંગણી સાથે અધિક કલેકટરને આવેદન પત્ર સુપ્રત કરી રજૂઆત કરી હતી.

આ ખેડૂતોએ જણાવ્યું હતું કે તેઓ થોરીયાળી ગામની સીમમાં વાડી- ખેતરો ધરાવી રહ્યા છે. પરંતુ તેઓની આ સીમમાં એક માથાભારે ખેડૂતે નહેરમાં અનઅધિકૃત રીતે બાંધકામ કરી પાણીનું વહેણ અટકાવી દીધુ છે. જેના પગલે તેઓના સીમ ખેતરમાં જવાના રસ્તા પર પણ ૮થી ૯ ફૂટના પાણી સતત ભરેલા રહે છે.

ખેડૂતોએ જણાવ્યું હતું કે કાનાભાઈ નામના ખેડૂતે પાણીના વહેલમાં જેસીબીથી આડો બંધ બાંધી દીધેલ છે. આ અંગે અગાઉ તેઓ દ્વારા મામલતદારને રજૂઆત કરાતા આ આડો બંધ તોડી પાડવામાં આવેલ હતો. હવે ફરી આ ખેડૂતે પાણી આડેનો બંધ અનઅધિકૃત રીતે બાંધી દીધેલ છે. જેને તત્કાલ હટાવવા તેઓએ માંગણી કરી હતી.

# લાતી પ્લોટમાંથી ચોરેલ બાઈક સાથે ચુનારવાડનો હનીફશા શાહમદાર ઝડપાયો

### ક્રાઈમ બ્રાન્ચની ટીમે આરોપીને પથીક આશ્રમ પાસેથી પકડ્યો, કુખ્યાત શખ્સ સામે ચોરીના ૧૬ ગુના નોંધાયેલ છે

રાજકોટ. તા.૦૯

લાતી પ્લોટમાંથી ચોરેલ બાઈક સાથે ચુનારવાડના હનીફશા શાહમદારને ક્રાઈમ બ્રાન્ચની ટીમે પથીક આશ્રમ પાસેથી દબોચી લીધો હતો. કુખ્યાત શખ્સ સામે ચોરીના ૧૬ ગુના નોંધાયેલ હોવાનું સામે આવ્યું છે.

શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગરીયા, ડીસીપી (ક્રાઇમ) ડો. પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી ક્રાઈમ બી.બી.બસીયા દ્વારા મિલ્કત સંબંધી ગુન્હાઓ અટકાવવા તેમજ શહેર વિસ્તારમાં થયેલ વાહન ચોરી, ઘરફોડ ચોરી, ચીલઝડપ, લુંટ વિગેરે અન-ડીટેકટ ગુન્હાઓ શોધી કાઢવાની આપેલ સુચનાથી ક્રાઇમ બ્રાન્ચ પીઆઈ એમ.આર.ગોંડલીયા, એમ.એલ. ડામોર, સી.એચ.જાદવના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ વી.ડી.ડોડીયાની ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં ત્યારે સાથેના હેડ કોન્સ્ટેબલ રાજેશ જળુ, દીપક ચૌહાણ અને કોન્સ્ટેબલ જયરાજસિંહ કોટીલા, પ્રદિપસિંહ જાડેજાના મળેલ ચોક્કસ



બાતમીના આધારે કુવાવડા રોડ લાતી પ્લોટ શેરી નં ૮ ખાતેથી ચોરીમાં ગયેલ બાઈક સાથે હનીફશા ઈબ્રાહામીશા શાહમદાર (રહે ચુનારાવાડ) ને જામનગર રોડ પથીક આશ્રમ વાળી ગલીમાંથી પકડી પાડી કાર્યવાહી કરી હતી.

આરોપી વિરુદ્ધ બી. ડિવિઝન પોલીસ મથકમાં ગુનો નોંધાયેલ હતો. ઉલ્લેખનીય છે કે, પકડાયેલ શખ્સ વિરુદ્ધ શહેરના અલગ અલગ પોલીસ મથકના વાહન ચોરી સહિતના ૧૬ જેટલા ગુના નોંધાયેલ હોવાનું પણ ખુલ્યું છે.

## સદગુરૂ સહકારી મંડળીએ કરેલ ચેક રીર્ટન કેસમાં આરોપી નઝમાબેન શેખનો નિર્દોષ છુટકારો

રાજકોટ, તા.૯

શહેરની સદગુરૂ ક્રેડિટ કો-ઓપ. સોસાયટી લી. સહકારી મંડળીમાંથી આરોપી નઝમાબેન શેખએ નીતિ-નિયમ મુજબ રૂ.૪,૮૦,૦૦૦ની લોન મેળવેલ. લોનની ચડત રકમ પેટે આરોપીએ રૂ.૩,૦૦,૦૦૦નો ચેક આપેલ. ચેક બેંકમાં રજુ કરતા રિટર્ન થયો હતો. ફરીયાદી મંડળીએ પોતાના વકીલ મારફતે લીગલ ડિમાન્ડ નોટીસ આપી હતી. છતા આરોપીએ ચેકની રકમ ભરપાઈ કરેલ નહીં.

જેથી ફરીયાદીએ આરોપી વિરૂધ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ની કલમ-૧૩૮ ના ગુના સબબ ફરીયાદ દાખલ કરેલ અને ત્યારબાદ આ કામના આરોપી નઝમાબેન મહમદહનિફભાઈ શેખને કોર્ટ તરફથી સમન્સ બજતા આરોપી નઝમાબેન કોર્ટ સમક્ષ હાજર થયેલ. કેસ ચાલતા આરોપીના વકીલ દ્વારા ફરીયાદીની વિગતવાર ઉલટતપાસ કરવામાં આવેલ. બંન્ને પક્ષોની દલીલ બાદ રાજકોટના ૧૧ એડી. એડી. સીની. સિવિલ જજ અને એડી. ચીફ જયુડી. જજ એ. પી. ડેરએ આરોપીને નિર્દોષ છોડી મુકવા હુકમ કર્યો હતો. આ કેસમાં આરોપી વતી પુરોહિત એસોસીએટસના વકીલ કેવલ જે. પુરોહીત, તન્વી બી. શેઠ તથા સહીયોગી તરીકે સમીર મનસુરી રોકાયેલ હતા.

# વધુ ૪૫ વેપારીઓ પાસેથી ૨.૭૫ કિલો પ્લાસ્ટિક જપ્ત

### અલગ-અલગ ઝોનમાં કુલ રૂા. ૧૩ હજારનો દંડ કરાયો

રાજકોટ, તા. ૯

મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ હેઠળ શહેરના અલગ અલગ મુખ્ય માર્ગો પર વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની કામગીરી હાથ ધરવામાં



આવી હતી. જેમાં તા. ૭ અને ૮ના રોજ ત્રણેય ઝોનમાં કુલ ૪૫ આસામીઓ પાસેથી ૨.૮૭ કિલો પ્લાસ્ટિક જપ્ત કરી ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૧૨૯૫૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.સેન્ટ્રલ ઝોનમાં ૨૧ વેપારી પાસેથી બે કિલો ઝબલા પકડી રૂા. ૮૧૫૦, વેસ્ટ ઝોનમાં ૧૩ આસામી પાસેથી ૩૦૦ ગ્રામ ઝબલા જપ્ત કરી રૂા. ૨૯૫૦ અને ઇસ્ટ ઝોનમાં પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૧ આસામીઓ પાસેથી અર્ધો કિલો પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૮૫૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

# દીકરાની વહુએ કરેલ છેડતીના આક્ષેપવાળા ગુનામાં ડોકટર એવા સસરાના આગોતરા જામીન મંજુર

રાજકોટ, તા.૯

દીકરાની વહુએ કરેલ છેડતીના આક્ષેપ વાળા ગુનામાં ડોકટર એવા સસરાના આગોતરા જામીન મંજુર થયા છે.આ કેસની ટુંકમાં હકીકત એવી છે કે, રાજકોટમાં રહેતી પરિણિતાએ તા. ૧૬/૦૪/૨૦૨૫ના રોજ ગાંધીગ્રામ યુનીવર્સીટી પોલીસ સ્ટેશનમાં પોતાના જ સસરા અને નામાંકિત ડોકટરે વિરૂદ્ધ આઈ.પી.સી. કલમ ૩૫૪, ૫૦૬(૨) અન્વયેની ફરીયાદ નોંધાવેલ હતી. ફરીયાદ અનુસાર ફરિયાદીના પુત્ર તથા તેમના સસરા, સાસુ સાથે તા.૧૯/૦૫/૨૦૨૪ના રોજ ચિત્રકુટ ખાતે ફરવા ગયેલા અને તે સમયે એક જ રૂમમાં આ તમામ લોકો રોકાયેલા અને ત્યારે રાત્રીના સમયે ડોકટર સસરાએ ફરીયાદી પાસે આવી બાજુમાં સુઈ ગયેલ અને છેડતીનો પ્રયત્ન કરેલ. જે સબંધે ફરીયાદી ડરી ગયેલ હોય, જેથી કોઈ ફરિયાદ કરેલ નહીં. ત્યારબાદ તા.૨૪/૦૩/૨૦૨૫ના રોજ ફરીયાદીના પોતાના ફલેટમાં હતા ત્યારે ફરીવાર તેમના સસરા ડોકટરએ રાત્રીના સમયે તેમના રૂમમાં આવી છેડતીનો પ્રયત્ન કરેલ. ફરીયાદ નોંધાયા બાદ ડોકટરે વકીલશ્રી મારફત રાજકોટની સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન માટે અરજી કરેલ હતી. જે સબંધે આરોપીના એડવોકેટએ દલીલ કરતા કોર્ટનું ધ્યાન દોરેલ કે, સમગ્ર ફરીયાદ માત્ર આરોપીની સ્થાવર મિલ્કત અને પૈસા પડાવવા માટેના ઈરાદાથી કરવામાં આવેલ છે. આ ઉપરાંત ફરીયાદીએ અગાઉ આરોપીની પ્રોપર્ટી સબંધે આપેલ જાહેર નોટિસ પણ રજુ કરેલ હતી. તહોમતદારની તમામ દલીલોને ધ્યાને લઈ રાજકોટના જજ ડી.એસ.સિંઘએ આરોપી ડોકટરને આગોતરા જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરેલ છે. આ કેસમાં આરોપી ડોકટર તરફે રાજકોટના સિનીયર ધારાશાસ્ત્રી હકુભાઈ લાલકીયા, પિયુષ જે. કારીયા, પ્રદ્યુમનસિંહ એમ. જાડેજા, મોહિત લિંબાસીયા, સચીન એમ. તેરૈયા, અનિલ રાદડીયા, નિપુલ કારીયા રોકાયેલ હતા.

# મહેસુલી કર્મચારી મંડળના કાર્યક્રમો રદ્દ

### યુદ્ધ જેવી સ્થિતિના પગલે મંડળનો નિર્ણય

રાજકોટ તા.૯

ભારત અને પાકિસ્તાન વચ્ચે હાલ યુધ્ધ જેવી સ્થિતિના નિર્માણ થયાના પગલે રાજયના મહેસુલી કર્મચારી મંડળ દ્વારા હાલ તુરંત આગામી આંદોલનાત્મક કાર્યક્રમો રદ કરી નાખવામાં આવેલ હોવાનું જાણવા મળ્યું છે.

અહીં એ ઉલ્લેખનીય છે કે તાજેતરમાં મહેસુલી કર્મચારી મંડળ દ્વારા બદલીમાં અન્યાય, પ્રમોશનમાં વિસંગતતા સહિતના વિવિધ પ્રશ્નો સબબ રાજકોટ સહિત રાજયભરમાં આંદોલનનું શસ્ત્ર ઉગામ્યું હતું. જેમાં કર્મચારીઓએ માસ સીએલ મુકી એક દિવસની હડતાલ પર ઉતરી ગયા હતા.

તેમજ મહેસુલી કર્મચારીઓના અણઉકેલ પ્રશ્નો હલ કરવા માટે તેઓએ વહીવટી તંત્રને અલ્ટીમેટમ આપ્યું હતું. તેમજ આ અંગે આગામી તા.૧૦મીના રોજ મંડળની ખાસ બેઠક પણ આયોજીત કરવામાં આવનાર હતી. પરંતુ હાલના સંજોગોમાં ભારત પાકિસ્તાન વચ્ચે યુધ્ધની સ્થિતિ સર્જાતા મહેસુલી કર્મચારી મંડળ દ્વારા તાબડતોબ આગામી કાર્યક્રમો હાલ તુરંત રદ કરવામાં આવેલ છે. અને સરકારની પડખે રહી ફરજ અદા કરવા માટે કોલ આપવામાં આવ્યો છે.



### દુશ્મનોનાં તમામ પ્રહાર-હુમલા નાકામ બનાવ્યા

# ભારતનું સુદર્શનચક્ર-એસ ૪૦૦ એર ડિફેન્સ સિસ્ટમ

## ૪૦૦ કિ.મી. દુરથી ટાર્ગેટ લોક કરી એક સાથે ૧૬૦ લક્ષ્યનું ટ્રેકીંગ કરી શકે છે




ન્યુ દિલ્હી,તા.૯

ગુરુવારે પાકિસ્તાને ૧૫ ભારતીય લશ્કરી ઠેકાણાઓ પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. ભારતની રશિયન બનાવટની જ-૪૦૦ વાયુ સંરક્ષણ સિસ્ટમે તે બધાને નિષ્ફળ બનાવ્યા. બદલો લેવા માટે, ભારતે પાકિસ્તાનના લાહોરમાં તૈનાત HQ-9 વાયુ સંરક્ષણ પ્રણાલીનો નાશ કર્યો છે. ચાર વર્ષ પહેલાં ચીનથી ખરીદ્યું હતું.

S-400 એક એર ડિફેન્સ સિસ્ટમ છે, જેનો અર્થ એ થાય કે તે હવા દ્વારા થતા હુમલાઓને અટકાવે છે. તે દુશ્મન દેશોના મિસાઇલો, ડ્રોન, રોકેટ લોન્ચર અને ફાઇટર જેટના હુમલાઓને રોકવામાં અસરકારક છે. તે રશિયાના અલ્માઝ સેન્ટ્રલ ડિઝાઇન બ્યુરો દ્વારા બનાવવામાં આવ્યું છે અને તેની ગણતરી વિશ્વની સૌથી આધુનિક હવાઈ સંરક્ષણ સિસ્ટમમાં થાય છે. ભારત અને રશિયા વચ્ચે ૨૦૧૮ માં S-400 ના ૫ યુનિટ માટે લગભગ ૪૦ હજાર કરોડ રૂપિયાનો સોદો થયો હતો.

### આ સિસ્ટમમાં શું ખાસ છે?

૧) S-400 ની સૌથી મોટી ખાસિયત એ છે કે તે મોબાઇલ છે, એટલે કે તેને રસ્તા દ્વારા ગમે ત્યાં લઈ જઈ શકાય છે.

૨) તે 92N6E ઇલેક્ટ્રોનિકલી સ્ટીઅર્ડ ફેઝ્ડ એરો રડારથી સજ્જ છે જે લગભગ ૬૦૦ કિલોમીટરના અંતરેથી અનેક લક્ષ્યોને શોધી શકે છે.

૩) ઓર્ડર મળ્યાના ૫ થી ૧૦ મિનિટમાં તે કામગીરી માટે તૈયાર થઈ જાય છે.

૪) S-400 નું એક યુનિટ એકસાથે ૧૬૦ વસ્તુઓને ટ્રેક કરી શકે છે. એક લક્ષ્ય માટે ૨ મિસાઇલો છોડી શકાય છે.

૫) S-400 માં ૪૦૦ સિસ્ટમની શ્રેણી દર્શાવે છે. ભારતને જે સિસ્ટમ મળી રહી છે તેની રેન્જ ૪૦૦ કિલોમીટર છે. આનો અર્થ એ છે કે તે તેના લક્ષ્યને શોધી શકે છે અને ૪૦૦ કિલોમીટરના અંતરેથી વળતો હુમલો કરી શકે છે. આ ઉપરાંત, તે ૩૦ કિલોમીટરની ઊંચાઈએ પણ પોતાના લક્ષ્ય પર હુમલો કરી શકે છે.

આ સિસ્ટમમાં વિવિધ રેન્જની ૪ મિસાઇલો પણ છે - ટૂંકી રેન્જ, મધ્યમ રેન્જ, લાંબી રેન્જ અને ખૂબ જ લાંબી રેન્જ. આ ૪૦ કિલોમીટરથી ૪૦૦ કિલોમીટરના અંતરેથી વળતો હુમલો કરી શકે છે. ભારત રશિયા પાસેથી ૪૦૦ કિમી રેન્જની મિસાઇલ ખરીદી રહ્યું છે, જેને 40N6E કહેવાય છે. ખૂબ જ લાંબા અંતરની આ મિસાઇલ ૪૦૦ કિલોમીટરના અંતર સુધી અને ૧૮૦ કિલોમીટરની ઊંચાઈ સુધી પ્રહાર કરી શકે છે.

### આ સિસ્ટમ કેવી રીતે કામ કરે છે?

૧) સંરક્ષણ પ્રણાલીમાં એક સર્વેલન્સ રડાર હોય છે, જે તેના કાર્યકારી ક્ષેત્રની આસપાસ સુરક્ષા રિંગ બનાવે છે.

૨) આ વર્તુળમાં મિસાઇલ કે અન્ય હથિયાર પ્રવેશતાની સાથે જ રડાર તેને શોધી કાઢે છે અને કમાન્ડ વાહનને ચેતવણી મોકલે છે.

૩) ચેતવણી મળતાંની સાથે જ, માર્ગદર્શન રડાર લક્ષ્યની સ્થિતિ શોધી કાઢે છે અને વળતો હુમલો કરવા માટે મિસાઇલ લોન્ચ કરે છે.

**ભારતની S-400 એર ડિફેન્સ સિસ્ટમ પાકિસ્તાનની HQ-9 AD કરતાં વધુ અદ્યતન કઈ રીતે છે?**

૧) ભારતે રશિયા પાસેથી S-400 સંરક્ષણ પ્રણાલી ખરીદી અને ૨૦૨૧ માં તેને સેનામાં સામેલ કરી. તે વિમાન, ક્રુઝ મિસાઇલ, બેલિસ્ટિક મિસાઇલ, ડ્રોન અને સ્ટીલ્થ વિમાનોને અટકાવવામાં સક્ષમ છે.

૨) તેની રેન્જ ૪૦૦ કિમી છે. જ્યારે પાકિસ્તાનના HQ-9 AD ની રેન્જ માત્ર ૧૨૫ કિમી છે. છે. તેમાં ૬ લોન્ચર છે, જે સંપૂર્ણ લોડ થયા પછી ૧૨૮ મિસાઇલો લોન્ચ કરી શકે છે.

૩) પાકિસ્તાનના HQ-9 AD ને તૈનાત કરવામાં ૩૫ મિનિટ લાગે છે, જ્યારે S-400 ને ૫ મિનિટમાં તૈનાત કરવામાં આવે છે.

૪) AESA રડાર સ્ટીલ્થ એરક્રાફ્ટ અને વધુ લક્ષ્યોને ટ્રેક કરે છે, જ્યારે HQ-9 નું PESA રડાર નબળું છે.

૫) પાકિસ્તાનની JF-17, F-16 અને બાબર ક્રુઝ મિસાઇલોને સરળતાથી અટકાવી શકે છે.

૬) S-400 એર ડિફેન્સ સિસ્ટમ એકસાથે ૮૦ હવાઈ લક્ષ્યોને નિશાન બનાવવામાં સક્ષમ છે.

૭) સિગ્નલ મળ્યાના ૩ મિનિટમાં તે ફાયરિંગ માટે તૈયાર થઈ જાય છે.

### ભારતે તેને આટલા પૈસામાં ખરીદ્યું

ભારતે વર્ષ ૨૦૧૮ માં જ-૪૦૦ એર ડિફેન્સ સિસ્ટમ ખરીદી હતી. ભારતીય સેનાએ રશિયા સાથે ૫.૪૩ બિલિયન એટલે કે આશરે રૂા. ૪,૬૫,૧૯,૫૧,૫૯,૦૦૦ નો કરાર કર્યો હતો. ત્યારબાદ ભારતે ૫ યુનિટ માટે સોદો કર્યો, જેમાંથી અત્યાર સુધીમાં ફક્ત ૩ યુનિટ જ મળ્યા છે. ભારતને ડિસેમ્બર ૨૦૨૧ માં તેનું પહેલું S-400 યુનિટ મળ્યું. આ પછી તેને તાત્કાલિક અસરથી પશ્ચિમી વિસ્તારમાં તૈનાત કરવામાં આવ્યું. પછી બે વર્ષમાં, બીજા અને ત્રીજા યુનિટને પશ્ચિમ અને પૂર્વ સરહદો પર તૈનાત કરવામાં આવ્યા.

## ઓપરેશન સિંદૂરમાં માર્યા ગયેલા રઉફ અઝહર વિશે તમે શું જાણો છો ?



### અફઘાનિસ્તાનના કંધાર એરપોર્ટ પર ઇન્ડિયન એરલાઇન્સની ફલાઇટ IC-814ને હાઇજેક કરી હતી તેમાં રઉફ અઝહરની ભૂમિકા મુખ્ય હતી

નવી દિલ્હી : પાકિસ્તાનમાં ભારતના ઓપરેશન સિંદૂરમાં ઘણા આતંકીઓ માર્યા ગયા હતા. ભાજપે દાવો કર્યો છે કે આ આતંકીઓમાં અબ્દુલ રઉફ અઝહરનો પણ સમાવેશ થાય છે. અબ્દુલ રઉફ અઝહર એ આતંકવાદની સાંકળનું નામ છે જેણે દાયકાઓ સુધી ભારતમાં આતંકવાદી ઘટનાઓનું કાવતરૂ ઘડ્યું હતું અને આંતરરાષ્ટ્રીય સ્તરે આતંકનું નેટવર્ક વધાર્યું હતું. ભારતીય સેનાએ તેની હત્યા કરી જૈશ-એ-મોહમ્મદની કમર તોડી નાખી છે.

**કોણ હતો રઉફ અઝહર?**

અબ્દુલ રઉફ અઝહર ઉર્ફે મુફ્તી અઝહર અને સદા વાવા, પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદ (જેઈએમ)નો ચીફ કમાન્ડર હતો. તે જેએમના સ્થાપક અને કુખ્યાત આતંકવાદી મસૂદ અઝહરનો નાનો ભાઈ હતો. રઉફનો જન્મ ૧ જાન્યુઆરી ૧૯૭૭ના રોજ પાકિસ્તાનમાં થયો હતો. ૨૦૦૭માં જ્યારે મસૂદ અઝહર અંડરગ્રાઉન્ડ થયો ત્યારે તૌ રઉફે આતંકી સંગઠનની કમાન સંભાળી અને ભારત સહિત અફઘાનિસ્તાનમાં આતંકી નેટવર્કને મજબૂત કરવામાં મોટી ભૂમિકા ભજવી હતી.

**તેની હત્યા કેવી રીતે કરવામાં આવી ?**

૭ મે, ૨૦૨૫ ના રોજ, ભારતીય સેનાએ 'ઓપરેશન સિંદૂર' હેઠળ પાકિસ્તાન અને પીઓજેકેમાં આતંકવાદી મથકો પર હવાઈ હુમલો કર્યો હતો. જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં ૨૨ એપ્રિલના રોજ થયેલા આતંકી હુમલાને પગલે આ કાર્યવાહી કરવામાં આવી હતી જેમાં ૨૫ ભારતીયો અને એક નેપાળી નાગરિકનું મોત થયું હતું. ઓપરેશન સિંદૂર દરમિયાન બહાવલપુરમાં જૈશ-એ-મોહમ્મદના હેડક્વાર્ટર પર પણ હુમલો કરવામાં આવ્યો હતો. દાવો કરવામાં આવ્યો છે કે ૧૫ એકરમાં ફેલાયેલી 'મરકઝ સુવાહન



અલ્લાહ' પર કાર્યવાહીમાં રઉફ અઝહર માર્યો ગયો હતો. આ દરમિયાન તેના પરિવારના ઘણા સભ્યોની પણ ભોગ લેવાયો હતો. જેમાં તેની બહેનનો અને જીજાજી સહિત કુલ ૧૪ સગા સંબંધીઓ સામેલ હતાં.

**દુનિયાની નજરમાં રઉફ શું છે?**

ભારતે ૨૭ ઓક્ટોબર, ૨૦૨૦ ના રોજ, રઉફને યુએપીએ હેઠળ નિયુક્ત આતંકવાદીઓની સૂચિમાં શામેલ કર્યો હતો. ઇન્ટરપોલે રઉફ વિરૂધ્ધ ૨૦ થી રેડ કોર્નર નોટિસ જારી કરી હતી. ૨૦૧૦માં યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ ટ્રેઝરીએ તેને સત્તાવાર રીતે વૈશ્વિક આતંકવાદી જાહેર કર્યો હતો.

**અમેરિકન પત્રકાર ડેનિયલ પર્લ સાથે શું સંબંધ હતો?**

અમેરિકન પત્રકાર ડેનિયલ પર્લ ૨૦૦૨માં પાકિસ્તાનના બહાવલપુર ગયા હતા, જ્યાં આતંકવાદીઓએ તેમનું અપહરણ કરીને તેમની ક્રૂર હત્યા કરી હતી. રઉફના સંગઠને આ કેસમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. પર્લના પરિવાર અને સહયોગીઓએ 'ઓપરેશન સિંદૂર'માં વહવાલપુર પર થયેલા હુમલાને 'ન્યાય તરફનું પગલું' ગણાવ્યું છે. ડેનિયલ પર્લની સહયોગી અસરા નોમાનીએ ભાવુક નિવેદન કરીને ભારતીય સેનાનો આભાર વ્યક્ત કર્યો છે. આરએઆઈઆર ફાઉન્ડેશનના સ્થાપક અમેરિકન એક્ટિવિસ્ટ એમી મેકે પણ ભારતના વખાણ કર્યા હતા અને તેને ન્યાય ગણાવ્યો હતો.

# યોગીની ફટકાર : પોતાના અસ્તિત્વ માટે પાકિસ્તાન ભારતના ઘુંટણિયે પડશે, કરગરશે

### મહારાણા પ્રતાપની જન્મ જયંતિએ લખનૌમાં પ્રતિમાના બ્યુટીફિકેશનના લોકાર્પણ સમયે સીએમનું સંબોધન : આવા રાષ્ટ્ર નાયકોના કારણે જ આપણે બધા આઝાદ છીએ : યોગી

લખનૌ(ઉત્તરપ્રદેશ), તા. ૯

પાકિસ્તાન તરફથી ચોરી છૂપીથી થતા હુમલાને લઇને ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પાકિસ્તાનને ફટકાર લગાવી હતી. તેમણે કહ્યું હતું કે પાકિસ્તાન પોતાનો હરકતોના કારણે પોતાના અસ્તિત્વ માટે કરગરશે, ઘુંટણિયે પડશે.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે આપણે સેનાનું મનોબળ વધારવાનું છે આપણા દેશ વિજયી છે અને વિજયી રહેશે. દેશના દુશ્મનો માટે ભારતમાં કોઇ જગ્યા નથી. મુખ્યમંત્રી યોગીએ જણાવ્યું હતું કે ૨૨મી એપ્રિલની ઘટનાને અંજામ દેનાર પાકિસ્તાનનો ચહેરો બેનકાબ થઇ ચૂકયો છે. પી.એમ. મોદીના નેતૃત્વમાં ત્રણેય સેનાઓના સંયુકત પ્રયાસોથી




આતંકવાદીઓના મનસુબાઓ ચકચુર થઇ ગયા છે. પાકિસ્તાનના આતંકીઓના જનાજામાં પાકિસ્તાન સેનાના અધિકારી અને મંત્રી આ બાબતના પુરાવા છે કે પાકિસ્તાન કેવી રીતે આતંકવાદની મદદ કરી રહ્યું છે.

મુખ્યમંત્રી યોગી મહારાણા પ્રતાપની જયંતિના અવસર પર હુસેન ગંજ ચોક પર આવેલ પ્રતિમાના બ્યુટીફીકિશનનું લોકાર્પણ કરતી વખતે સંબોધન કરી રહ્યા હતા. યોગીએ જણાવ્યું હતું કે રાષ્ટ્ર નાયકોની ભારતમાં જગ્યા છે. દેશ વિરોધીઓનું કોઇ સ્થાન નથી.

પાકિસ્તાન પર નિશાન સાધતા યોગીએ કહ્યું હતું કે પાકિસ્તાન દુનિયા સામે કરગરી રહ્યું છે અને હજુ પણ બેશરમ ભરી હરકત કરે છે.

મહારાણા પ્રતાપની વીર ગાથાઓના બારામાં બતાવતા સીએએ જણાવ્યું હતું કે આજે આવા વીરોના કારણે જ આપણે બધા આઝાદ છીએ. આ રીતે ભારતીય સેનાઓનું મનોબળ હિંમત જાળવી રાખવાના છે.

# LOC પર સાત ઘુસણખોરોનો ખાત્મોઃ પાકિસ્તાનની સૈન્ય ચોકી ધ્વસ્ત

### અનેક ક્ષેત્રમાં ગોળીબાર-તોપમારોઃ ભારતનો જડબાતોડ જવાબ

શ્રીનગર તા.૯

ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધના માહોલ વચ્ચે પાક દ્વારા વાસ્તવિક અંકુશરેખાએ ગોળીબાર જારી જ રાખવામાં આવ્યો હતો. ઘુસણખોરીની પણ કોશિશ કરવામાં આવી હતી. પરંતુ ભારતીય દળોએ પણ ઘુસણખોરોનો ખાત્મો કરી નાખ્યો હતો. ઉપરાંત પાક ચોકીનો પણ કચ્ચરઘાણ વાળી દીધો હતો.

પહેલગામ હુમલા વખતથી વાસ્તવિક અંકુશરેખાએ ગોળીબારનો સિલસિલો છે. ભારતની જવાબી સ્ટ્રાઈક બાદ સરહદ વધુ સળગી છે. પાક દળોએ વસાહતી ક્ષેત્રોને પણ નિશાન



બનાવ્યા હતા. ગઈરાત્રે શાંબા ક્ષેત્રમાં ગોળીબાર વચ્ચે ઘુસણખોરીનો પ્રયાસ કરાવવામાં આવ્યો હતો તેમાં સાત ઘુસણખોરોને ઠાર મરાયા હતા.

સૈન્ય સૂત્રોએ કહ્યું કે વાસ્તવિક અંકુશ રેખાએ ગઈકાલે પણ બન્ને દેશોના જવાનો વચ્ચે સામસામા ગોળીબાર-તોપમારા ચાલુ જ રહ્યા હતા. ભારતે એન્ટી ટેંક ગાઈડેડ મિસાઈલનો ઉપયોગ કરીને પાકિસ્તાનની ચોકીને ધ્વસ્ત કરી દીધી હતી. સૈન્ય દ્વારા તેનો વિડીયો પણ જારી કરાયો છે.

પાક સૈન્ય જવાનો દ્વારા પુંછ, રાજૌરી, અખતૂર સહિતના ક્ષેત્રોમાં ગોળીબાર કરીને યુદ્ધવિરામનો ભંગ કરાયો હતો પરંતુ ભારતીય જવાનોએ વળતો જડબાતોડ જવાબ આપ્યો હતો.

### પુછપરછમાં વધારો : કવર મેળવવું કેટલું મુશ્કેલ છે ?

# ઓપરેશન સિંદુર પછી યુદ્ધ જોખમ વીમાની માંગમાં વધારો થયો છે !



નવી દિલ્હી : ભારતના ઓપરેશન સિંદૂર બાદથી જ વીમા કંપનીઓ પર યુદ્ધના જોખમના વીમા અંગેની પૂછપરછનો વધારો થઈ રહ્યો છે. એડમે ઈન્શ્યોરન્સ બ્રોકર્સના સીઇઓ સંજય રાધાકૃષ્ણન જણાવે છે કે પૂછપરછમાં ચોક્કસપણે વધારો થયો છે, પરંતુ કેટલાક પગલાં લેવામાં આવ્યા બાદ અન્ડરરાઇટર્સ જમીન પર પડેલી મિલકત માટે યુદ્ધનું જોખમ કવચ આપવામાં ખચકાટ અનુભવે છે. જો કે કાર્ગોના કિસ્સામાં, જ્યાં સુધી માલ કાર્ગોમાં હોય ત્યાં સુધી જોખમ કવર ઉપલબ્ધ છે. તેમણે વધુમાં સમજાવ્યું હતું કે જમીન પરની મિલકત માટેના યુદ્ધના રિસ્ક કવર આવરણમાં એવી કલમો છે જે વર્તમાન ઘટનાઓને યુદ્ધની નજીક હોવાનું માને છે અને તેથી કવરને બાકાત રાખે છે.

સામાન્ય રીતે કાર્ગો પોલિસીમાં યુદ્ધના જોખમનો સમાવેશ થતો નથી. તેને અલગથી કવર કરવું પડશે. વીમા કંપનીઓ વધારાનું પ્રીમિયમ વસૂલીને એન્ડોર્સમેન્ટ દ્વારા યુદ્ધના જોખમને આવરી લે છે. સામાન્ય રીતે, જ્યારે ભૌગોલિક રાજકીય તણાવ વધે છે, ત્યારે વીમા કંપનીઓ કાર્ગો પરના જોખમ પ્રીમિયમમાં વધારો કરે છે. બજાજ એલિઆન્ઝ જનરલ ઇન્શ્યોરન્સના ચીફ ટેક્નિકલ ઓફિસર અમરનાથ સક્સેનાનું કહેવું છે કે, યુદ્ધના જોખમનું પ્રીમિયમ સામાન્ય રીતે રિઈન્શ્યોરન્સ વ્યવસ્થા પર આધારિત હોય છે. આ તેમના સંબંધિત ઇન્સ્યોરન્સ વિવિધ ઇન્સ્યોરન્સ કંપની પર આધારીત હોય છે. આપણે ભૂતકાળમાં જોયું છે કે યુદ્ધના સમયે, રીઇન્સ્યોરન્સ ટ્રીટીઝ રોકી દેવામાં આવે છે અને યુદ્ધ કવર પાછું ખેંચી શકાય છે. આવી સ્થિતિમાં દરિયાઇ કાર્ગો વીમાના દરમાં વધારો થઈ શકે છે.

લંડન સ્થિત સંયુક્ત યુદ્ધ સમિતિ (જેડબલ્યુસી) સતત વૈશ્વિક ભૂરાજકીય ઘટનાક્રમ પર નજર રાખે છે. જો કોઈ વિસ્તાર યુદ્ધ, ચાંચિયાગીરી અથવા હુમલાઓને કારણે ઊંચું જોખમ ધરાવતો બની જાય, તો જેડબલ્યુસી તેના ઉચ્ચ જોખમવાળા વિસ્તારોની યાદીને અપડેટ કરે છે. વીમા કંપનીઓને અદ્યતન જોખમની સ્થિતિની જાણ કરવામાં આવે છે. આ વિસ્તારોમાંથી પસાર થતા કાર્ગો માટે, વીમા કંપનીઓ હાલના યુદ્ધના જોખમ કવરને રદ કરવા અથવા તેમાં ફેરફાર કરવા માટે નોટિસ ફટકારી શકે છે.

# પાક.નાં નિષ્ફળ હુમલા બાદ પરિસ્થિતિનો તાગ મેળવવા જમ્મુ પહોંચ્યા સીએમ અબ્દુલ્લા

### ઉપ રાજયપાલ મનોજસિંહ ઉરી પહોંચી સ્થિતિની વિગતો મેળવશે

જમ્મુ (જમ્મુ-કાશ્મીર) તા.૯



ભારતના ઓપરેશન સિંદુર કાર્યવાહીથી ઉશ્કેરાયેલા પાકિસ્તાને ગઈકાલે જમ્મુ સંભાગના અનેક અનેક વિસ્તારો સાંબા, આરએસપુરા અને અરનિયા સહિત અનેક વિસ્તારોમાં ડ્રોન અને મિસાઈલ હુમલા કર્યા હતા. જેને ભારતીય સેનાએ આકાશમાં જ નિષ્ફળ બનાવી દીધા હતા.

પાકિસ્તાનનાં નિષ્ફળ હુમલા બાદ પરિસ્થિતિની વિગતો મેળવવા મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લા જમ્મુ પહોંચ્યા હતા.તો આખી રાત ગોલાબારી બાદ ઉપ રાજયપાલ મનોજસિંહા ઉરી સેકટરની મુલાકાત લેશે અને પરિસ્થિતિની વિગત મેળવશે.

# પઠાણકોટ અને હોશિયારપુરમાં પાકિસ્તાનનાં તોડી પડાયેલ મિસાઈલના અવશેષો મળ્યા

### આર્મીએ ઘટનાસ્થળે પહોંચી અવશેષોને કબ્જો લીધો

ઈંદોરા (હિમાચલ પ્રદેશ) તા.૯



ઓપરેશન સિંદુર બાદ પાકિસ્તાન દ્વારા પંજાબ, હિમાચલ પ્રદેશ પાસે ડ્રોન હુમલા કરાયા હતા. જેમા પઠાણકોટથી લગભગ ૩૫ કી.મી.દુર હિમાચલ પ્રદેશનાં ઈન્દોરા-ગંગથ માર્ગ પર અટ્ટાહડા પુલ પાસે પાકિસ્તાન દ્વારા છોડવામાં આવેલ મિસાઈલને સેના દ્વારા તોડી પડાયુ હતું. જેના અવશેષ રસ્તા પર ફસાયેલી હાલતમાં મળી આવ્યા હતા.પોલીસે આર્મીને આ બાબતે જાણ કરતાં આ અવશેષોને આર્મીએ કબજે કર્યા હતા. જયારે બીજી બાજુ પંજાબના હોશીયારપુરમાં પણ પાકિસ્તાનની નષ્ટ થયેલ મિસાઈલનાં ટુકડા મળી આવ્યા છે. પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ છે.

# દેશમાં પેટ્રોલ-ડિઝલ સહિતના ઈંધણોનો પુરતો પુરવઠોઃ ઈન્ડિયન ઓઈલ

### લોકોને ઈંધણ ખરીદવા કોઈ ધસારો કરવાની જરૂર નથી

નવી દિલ્હી તા.૮

પાકિસ્તાન સાથેના યુદ્ધની સ્થિતિ વચ્ચે પણ દેશમાં પેટ્રોલ-ડીઝલ સહિતના ઈંધણોનો પુરતો પુરવઠો હોવાનું જાહેર કરી સરકારે ઈંધણ મેળવવા માટે કોઈ ધસારો ન કરવા લોકોને અપીલ કરી છે. સામાન્ય રીતે યુદ્ધ સમયે આ પ્રકારની સ્થિતિ બનતી હોય છે પરંતુ ભારત અગાઉથી જ કોઈપણ સમયે ઓછામાં ઓછો ૪૫ દિવસનો ઈંધણ પુરવઠો રાખતુ હોય છે અને બાકીના પુરવઠા માટે પણ ભારત તે મેળવી શકે તે સ્થિતિમાં હોય છે. ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશને એક સોશ્યલ મીડીયા પોસ્ટમાં જણાવ્યું કે દેશમાં ઈંધણનો પુરવઠો પુરતો છે અને તમામ કામગીરી સરળતાથી ચાલી રહી છે અને તેથી પેટ્રોલ-ડિઝલ-એલજીપી વગેરે ખરીદવા કોઈ ધસારાની જરૂર નથી. અમારા આઉટલેટ પર તે વ્યવસ્થા મોજૂદ છે અને લોકોને સતત ઈંધણનો પુરવઠો મળી રહે તે નિશ્ચિત કરાયું છે. કેટલાક સોશ્યલ મીડીયા હેન્ડલ પર એવો દાવો કરવામાં આવ્યો હતો કે ઓપરેશન સિંદુરના પગલે ભારતમાં પેટ્રોલપંપ અને ગેસ એજન્સીઓ પાસે પુરવઠો મેળવવા માટે કતાર છે અને લોકો રાહ જોઈ રહ્યા છે. પરંતુ ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશને આ પ્રકારના તમામ અહેવાલોને ફગાવી દીધા છે.



## ઓઈલ રિંગ- રીફાઈનરીઓથી દુર રહેવા માછીમારોને આદેશ

નવી દિલ્હી તા.૯



દેશમાં યુદ્ધ જેવા માહોલ છતાં પણ બોમ્બે હાઈ સહિતના તેલ શોધ ક્ષેત્રો અને ઓઈલ રિફાઈનરીઓમાં નિયમિત રીતે કામકાજ ચાલુ છે અને તેની સુરક્ષાની પણ પુરતી વ્યવસ્થા કરવામાં આવી છે. મુંબઈ સહિતના દરિયાઈ ક્ષેત્રમાં આવેલા ઓએનજીસી અને અન્ય કંપનીઓની ઓઈલ રિંગને સુરક્ષિત ક્ષેત્ર જાહેર કરાયા છે અને તેની આસપાસ ન જવા માછીમારો સહિતના તમામને ચેતવણી આપવામાં આવી છે અને તેના ક્ષેત્રમાં મંજુરી વગર પ્રવેશ બદલ શુટ ટુ કીલ ના આદેશ પણ અપાયા છે.

# ગુજરાતના ૧૮ જિલ્લાઓમાં હાઈએલર્ટ : કચ્છ, બનાસકાંઠા, પાટણમાં 'બ્લેક આઉટ' : ત્રણ ડ્રોન તોડી પડાયા

## ગૃહમંત્રી હર્ષ સંઘવીએ રાત્રે ગાંધીનગર સ્ટેટ ઈમરજન્સી સેન્ટર પહોંચી તમામ ૧૮ જિલ્લાના કલેક્ટરો સાથે વાત કરી : પશ્ચિમી બોર્ડર પર પાકની નાપાક હરકતને કારણે ગુજરાત પણ સતર્ક રહ્યું

## સોમનાથ, દ્વારકા, અંબાજી સહિતના યાત્રાધામમાં સિક્યોરિટી વધારવામાં આવી : મોડી રાત્રે જામનગર, દ્વારકામાં બ્લેકઆઉટ : મુન્દ્રાનું અદાણી પોર્ટ બંધ કરાયું : કોઈપણ પ્રકારનું કામકાજ નહીં થાય ; રાજ્યના મોટાભાગના એરપોર્ટ બંધ

રાજકોટ/ગાંધીનગર : ગઈકાલે ૮ તારીખે મોડી સાંજથી પાકિસ્તાને તેની નાપાક હરકત ચાલુ કરી હતી અને નિયંત્રણરેખામાં સીઝફાયરનું ઉલ્લંઘન કરી જમ્મુમાં રહેણાંક વિસ્તારો અને જમ્મુ એરપોર પર ડ્રોન હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારબાદ ઉત્તર અને પશ્ચિમી સરહદ વિસ્તારોમાં ભારે અવાજ પણ આવતા ગયા. રાજસ્થાન, પંજાબ, જમ્મુ કાશ્મીરના સરહદી જિલ્લાઓમાં બ્લેક આઉટ કરવામાં આવ્યું હતું. તમામ શહેરોમાં સાયરન વાગ્યા રહ્યા. ત્યારબાદ કચ્છના ભુજમાં પણ સાંજે ૯ આસપાસ બ્લેક આઉટના ઓર્ડર અપાયા હતા.



કચ્છના સરહદ પર ત્રણ ડ્રોન નજરે પડ્યા હતા. અગાઉ પણ બે ડ્રોન તોડી પડાયા હતા. કચ્છની સાથે બનાસકાંઠા અને પઠાણ જિલ્લાઓમાં ઘણા ગામોમાં બ્લેક આઉટના આદેશ અપાયા હતા. પાટણ જિલ્લાના ૭૦ જેટલા ગામો અને બનાસકાંઠાના વાવ, સુઈગામના ૩૦ થી વધારે ગામો જે સરહદ થી નજીક છે અને સંવેદનશીલ છે તેમાં બ્લેક આઉટ અપાયા હતા.

### અદાણી પોર્ટ બંધ કરાયું, યાત્રાધામોમાં સુરક્ષા વધારાઇ

કચ્છમાં મુન્દ્રામાં આવેલ અદાણી પોર્ટ ગઇરાત્રીએ તાત્કાલિક અસરથી બંધ કરાયું હતું. સતર્કતાના ભાગરૂપે બંધ કરાયું હતું તેવા સમાચાર પ્રાપ્ત થયા હતા. આ ઉપરાંત સોમનાથ, દ્વારકા, અંબાજી, સહિતના યાત્રાધામોમાં સિક્યોરિટી વધારવામાં આવી હતી.

### ગૃહમંત્રી હર્ષ સંઘવીની મોડી રાત્રે બેઠક

ગાંધીનગર : મોડી રાત્રે દેશમાં પાકિસ્તાન દ્વારા હુમલા બાદ યુધ્ધ જેવી સ્થિતિને ધ્યાનમાં રાખીને ગુજરાત સરહદી રાજ્ય હોવાથી સરહદી જિલ્લાની પરિસ્થિતિ પર સતત નજર રાખવા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સૂચનાથી સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગર ખાતે ગૃહ રાજ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના અધ્યક્ષસ્થાને ઇમરજન્સી સમીક્ષા બેઠક યોજાઈ હતી.

જેમાં મંત્રી સંઘવીએ સંબંધિત જિલ્લાના કલેક્ટરો તથા જિલ્લા પોલીસ વડા સાથે ટેલિફોનીક વાત કરી સ્થાનિક સ્થિતિ અંગે જાણકારી મેળવીને કોઈ અનિચ્છનીય બનાવ ન બને, કોઈ પેનિક ન થાય તથા વિશેષ તકેદારી રાખવામાં આવે તે માટે જરૂરી સાવચેતીના પગલાં ભરવા સૂચનાઓ આપી. આ બેઠકમાં મુખ્ય સચિવ પંકજ જોશી, અધિક મુખ્ય સચિવ જયંતિ રવિ, રાહત કમિશનર આલોક કુમાર પાંડે અને ગુજરાત પોલીસ વડા વિકાસ સહાય સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ગુજરાતના અમદાવાદ, ભાવનગર સિવાય તમામ એરપોર્ટ બંધ

રાજ્યના રાજકોટ, કંડલા, મુન્દ્રા, ભુજ, જામનગર, પોરબંદર, દિવ, કેશોદ એમ તમામ એરપોર્ટ કોમર્શિયલ ઉપયોગ માટે બંધ કરવાં આવ્યા છે. ફક્ત અમદાવાદ અને ભાવનગર એરપોર્ટ હાલ કાર્યરત છે તેવું જાણવા મળે છે.

## દ્વારકામાં મોડી રાત્રે, જામનગરમાં વહેલી સવારે એક કલાક માટે બ્લેકઆઉટ રહ્યું ; કોઈ ડ્રોન એટેક નહોતો

જામનગર : હાલાર પંથક દરિયાઈ કિનારે હોવાથી હાઈ એલર્ટ મોડ પર રખાયો હતો. પાકિસ્તાન દ્વારા ગઈકાલે મોડી સાંજે પશ્ચિમી અને ઉત્તર ભારતના સરહદી વિસ્તારો પર ડ્રોન હુમલા કરાયા બાદ રાત્રે ૧ કલાકે દ્વારકામાં બ્લેક આઉટના આદેશ અપાયા હતા. દરિયાઈ માર્ગે સુરક્ષાને લઈને નિર્ણય લેવાયો હતો. અને જામનગર વહેલી સવારે ૪.૩૦ કલાકે બ્લેક આઉટ અપાયા હતા. ઇન્ડિયન એર ફોર્સના ઇનપુટ બાદ તંત્ર દ્વારા ઓર્ડર અપાયા હતા. જામનગરમાં ડ્રોન હુમલાનો પ્રયાસ કરાયો હતો તેવા સમાચાર ફરી રહ્યા હતા પણ કોઈ ડ્રોન હુમલાનો પ્રયાસ થયો નહોતો તેવું જાણવા મળે છે.



# સંગ્રહખોરી ડામવા વહીવટી તંત્ર એક્શનમાં: આવશ્યક ચીજવસ્તુઓના ભાવ અંકુશમાં રહે તે જોવા અધિકારીઓને તાકીદ

**પેટ્રોલ–ડીઝલ–ગેસનો પુરવઠો મેળવવામાં લોકોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે પગલા લેવા અધિકારીઓને સુચનાઃ યુધ્ધ જેવી સ્થિતિમાં જરૂર પડયે ફુડ પેકેટસની વ્યવસ્થા માટે સાંજે સામાજિક–સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓની બેઠક બોલાવતા કલેક્ટર**

રાજકોટ તા.૯

કાશ્મીરના પહેલગામમાં આતંકવાદીઓના હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે યુધ્ધ જેવી સ્થિતિનું નિર્માણ થવા પામેલ છે. આતંકવાદીઓને ભરી પીવા માટે ભારતે ઓપરેશન સિંદૂર શરૂ કર્યુ છે. બન્ને દેશો વચ્ચે મીસાઈલ મારો તેજ બનેલ છે.

આ પરિસ્થિતિમાં સાવચેતીના પગલા રૂપે જરૂરી તમામ વ્યવસ્થા કરવા માટે રાજયભરના જીલ્લા કલેકટરોને તાત્કાલિક અસરથી આદેશ કરેલ છે. જેના પગલે રાજકોટ જીલ્લા વહીવટી તંત્ર એકશન મોડમાં આવી જવા પામેલ છે. તેમજ આવશ્યક ચીજવસ્તુઓના ભાવ અંકુશમાં રહે તે જોવા માટે અધિકારીઓને તાકીદ કરી દીધી છે.

તેની સાથોસાથ રાજકોટ શહેર-જીલ્લામાં પેટ્રોલ-ડીઝલ અને ગેસનો પૂરવઠો મેળવવામાં લોકોને કોઈપણ જાતની મુશ્કેલી ન પડે અને આ પુરવઠો સરળતાથી જરૂરીયાત મુજબ લોકોને મળી રહે તે માટે કાર્યવાહી કરવા પણ અધિકારીઓને ખાસ સૂચના આપી દેવામાં આવી છે.

સુત્રોએ જણાવ્યું હતું કે વર્તમાન સ્થિતિમાં જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓનો લોકો સંગ્રહ ન કરે તે જરૂરી છે. આ માટે ચાંપતી નજર રાખવા માટે પણ આદેશ આપવામાં આવેલ છે. જીલ્લાના વિવિધ તાલુકાઓમાં રાશનનો પૂરવઠો તેમજ તેલ સહિતની જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે કે કેમ તેની ચકાસણી કરવા માટે પણ સૂચના આપવામાં આવી છે.

આ ઉપરાંત વર્તમાન સ્થિતિને લક્ષમાં રાખી જરૂર પડયે ફૂટ પેકેટની વ્યવસ્થા માટે પણ કલેકટર પ્રભવ જોશી દ્વારા આજે સાંજે શહેરની વિવિધ સ્વૈચ્છીક સામાજીક સંસ્થાઓના પ્રતિનિધિઓની બેઠક કલેકટર કચેરી ખાતે બોલવવામાં આવી છે. અહીં એ ઉલ્લેખનીય છે કે ગઈકાલે જીલ્લાના પ્રભારી સચિવ રાહુલ ગુપ્તાએ પણ તાબડતોબ રાજકોટ દોડી આવી જીલ્લા કલેકટર કચેરી ખાતે તમામ વિભાગોના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી.

જેમાં પણ અનાજ અને પુરવઠાની હાલની સ્થિતિની સમીક્ષા કરી હતી. તેની સાથોસાથ તેમણે સોશ્યલ મીડિયાના માધ્યમથી ફેલાતી અફવાઓથી દૂર રહેવા પણ નાગરીકોને તાકીદ કરી હતી. આ બેઠકમાં જીલ્લામાં અનાજ અને પુરવઠાની હાલની સ્થિતિની સમીક્ષાની સાથે રાયડો અને બાજરીના ટેકાના ભાવની ખરીદી અંગે પણ વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

આ ઉપરાંત પ્રિ-મોન્સુન તૈયારીઓ પર વિશેષ ભાર આપી વીજ કંપનીઓને મેન્ટેનન્સની કામગીરી વહેલી તકે પૂર્ણ કરવા તેમજ આરોગ્ય વિભાગને દવાઓનો પૂરતો સ્ટોક, કલોલીન અને જરૂરી સાધનો તૈયાર રાખવા પણ પ્રભારી સચિવ રાહુલ ગુપ્તા દ્વારા ટકોર કરવામાં આવી હતી.

# કાલે રાજકોટ એરપોર્ટમાં ઈન્ડિગોની તમામ ફલાઈટ કેન્સલ

## યુદ્ધની પરિસ્થિતિને દ્યાને લઈ મુંબઈ, દિલ્હી, ગોવા, હૈદરાબાદ, બેંગ્લોર ફલાઈટની ઉડ્ડયન વધુ એક દિવસ બંધ રહેશે

રાજકોટ,તા.૯

ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધની પરિસ્થિતિને ધ્યાને લઈ ગત તા.૭ થી ૯ ત્રણ દિવસ સુધી દેશભરના ૧૬ એરપોર્ટ સાથે રાજકોટનું હીરાસર સ્થિતિ ગ્રીનફીલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટ બંધ રાખવાનાં સરકારના નિર્ણયના લીધે આજે સતત ત્રીજા દિવસે રાજકોટનું ઈન્ટરનેશનલ એરપોર્ટ બંધ છે માત્ર મિલિટ્રી સેવા માટે ૨૪ કલાક કાર્યરત છે ત્યારે આવતીકાલ તા.૧૦ને શનિવારે રાજકોટથી ઓપરેટ થયાની ઈન્ડિગો એર લાઈન્સની તમામ ફલાઈટો રદ્દ કર્યાની એરલાઈન્સ કંપનીએ જાહેરાત કરી છે. આવતીકાલ તા.૧૦ને શનિવારે ઈન્ડિગો એર લાઈન્સની રાજકોટ-મુંબઈ, દિલ્હી, ગોવા, હૈદરાબાદ, બેંગ્લોર સહિતની ૭ જેટલી ફ્લાઈટ કેન્સલ કરવામાં આવી છે. કોઈ નવો નિર્ણય ન આવે ત્યાં સુધી તા.૧૦મીએ ઈન્ડિગોની તમામ ફલાઈટોનું રાજકોટ એરપોર્ટ પર આવાગમન વિશે નહીં. અત્રે ઉલ્લેખનીય છે કે ગત તા.૬નાં રોજ સમગ્ર દેશમાં બ્લેક આઉટ ડેની જાહેરાત બાદ ઓપરેશન સિંદુર શરૂ થતા સરકારે રાજકોટ સહિત દેશના ૧૬ જેટલા એરપોર્ટમાં તા.૭/૮/૯/ 'નોટમ' બંધ કરવાનો આદેશ કરતા ત્રણ દિવસથી એરપોર્ટ બંધ છે. આવતીકાલ તા.૧૦મીથી એરપોર્ટ સિવિલ ફલાઈટ માટે ખુલશે કે કેમ? તે અંગેની સત્તાવાર જાણકારી-જાહેરાત થઈ નથી.

# આવતીકાલે હિરાસર એરપોર્ટ ખુલશે કે નહી ? હજુ સત્તાવાર જાહેરાત નહીં

**ઈન્ડિગો શ્રીનગર, અમૃતસર, લહ, ચંદીગઢ, ધર્મશાળા, બીકાનેર, જોધપુર, કિસનગઢની સેવા બંધ**

રાજકોટ,તા.૯

ભારત-પાક વચ્ચેની યુદ્ધની તનાવભરી પરિસ્થિતિમાં રાજકોટ સહિતના દેશભરનાં ૧૬ એરપોર્ટ ત્રણ દિવસ બંધ રાખવાનો આદેશ હવે પુરો થવાનો છે ત્યારે આવતી કાલ તા.૧૦મીએ સિવિલ ફ્લાઈટ માટે ફરી એરપોર્ટ ખુલશે કે કેમ ?તે અંગેની હજુ એરપોર્ટ ઓથોરીટી તરફથી કોઈ સ્પષ્ટતા થઈ નથી.

બીજી તરફ ઈન્ડિગો એરલાઈન્સ કંપનીનાં સેલ્સ વિભાગે ટ્રાવેલ એજન્ટોને તા.૨૨મી સુધી સેવા બંધ રાખવાની જાણ કરતો મેસેજથી કર્યા બાદ તુરંત થોડી મીનીટોમાં મેસેજ ડિલિટ કરી માત્ર તા.૧૦નાં રોજ (એક દિવસ) રાજકોટ,શ્રીનગર, જમ્મુ, અમૃતસર, લેહ, ચંદીગઢ, ધર્મશાળા, બીકાનેર, જોધપુર, કિસનગઢની સેવા બંધ રાખવાની જાણકારી આપી હતી. હાલ ભારત-પાક વચ્ચે સર્જાયેલી તનાવભરી પરિસ્થિતિને ધ્યાને લેતા હજુ આગામી વધુ દિવસો સુધી રાજકોટ એરપોર્ટ સિવિલ ફ્લાઈટ માટે બંધ રહે તેવી ધારણા વ્યક્ત થઈ રહી છે.

કાર રીમોટ
ઓરીજનલ રીમોટ સેલ (પાવર) ગેરેંટી સાથે બદલી આપવામાં આવશે.
રાજુ ડીઝીટલ સ્ટુડીયો
ભુતખાના ચોક, ઢેબર રોડ, ભારત પેટ્રોલ પંપની બાજુમાં, રાજકોટ. M.: 94297 85836

રાજકોટનાં મોબાઈલ માર્કેટમાં બેસ્ટ લોકેશનમાં
શોરૂમ-ઓફીસ વેચવાના છે
લેન્ડમાર્ક એસ્ટ્રોન ચોક
નાની મોટી સાઈઝમાં ઉપલબ્ધ
સંપર્ક : 98252 20090, 97730 07110 બ્રોકર આવકાર્ય



